ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : 15 ઓક્ટોબર 2026 ગુરુવાર
વિક્રમ સંવત 2082, આસો સુદ - 5

વર્ષ : 18
અંક : 106


તંત્રી: પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. 2.00
પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 
પોપ લિયોને લંગ કેન્સર: રોમની હોસ્પિટલમાં સર્જરી થઇ, જમણા ફેફસાનો આખો નીચેનો ભાગ....

4 
સ્ટારલિંક : ઈન્ટરનેટ કરતા ડેટા અને સુરક્ષા વધારે મહત્ત્વના

6 
'મહિલાઓની પોતાની ઓળખ અને સ્વતંત્રતા દર્શાવતાં પાત્રો તરફ હું આકર્ષાઈ છું' : શોભિતા

7 
IT, ઓટો, બેંકિંગ શેરોમાં તેજી : સેન્સેક્સ 1109 પોઈન્ટની છલાંગે 73034

NEWS BRIEF

દિલ્હીની રેસ્ટોરન્ટમાં આગ, બારીમાંથી કૂદીને બચાવ્યો જીવ

લોકોએ બાળકોને પહેલા માળેથી નીચે ફેંક્યા, તમામ સુરક્ષિત

દિલ્હીના મૌજપુર વિસ્તારમાં મંગળવારની રાત્રે લગભગ 10:34 વાગ્યે ઉધમ રેસ્ટોરન્ટના રસોડામાં આગ લાગી હતી. આગ લાગતાં જ કેટલાક લોકો જીવ બચાવવા માટે પહેલી માળની બારીમાંથી કૂદવા લાગ્યા. ઘટનાના વીડિયો સામે આવ્યા છે. તેમાં લોકો પોતાનાં બાળકોને પણ પહેલી માળેથી નીચે ફેંકતા જોવા મળી રહ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ અકસ્માતમાં કોઈને ઈજા થઈ નથી. માહિતી મળતાં ફાયર બ્રિગેડની એક ગાડી ઘટનાસ્થળે પહોંચી હતી. જોકે, રેસ્ટોરન્ટના કર્મચારીઓએ તે પહેલાં જ આગ બુઝાવી દીધી હતી. આગ લાગવાના કારણો જાણવા માટે વધુ તપાસ કરવામાં આવી રહી છે. દિલ્હીના માલવીય નગર સ્થિત ફ્લરિશ સ્ટે હોટેલમાં 3 જૂનની સવારે આશરે 8:30 વાગ્યે આગ લાગી હતી. આ દુર્ઘટનામાં 21 લોકોનાં મોત થયાં હતાં અને 28 લોકો ઘાયલ થયા હતા. મૃતકોમાં 11 વિદેશી અને 10 ભારતીય હતા. વિદેશીઓમાં 9 આફ્રિકન દેશોના નાગરિકો હતા. દિલ્હી ફાયર સર્વિસના ચીફ ફાયર ઓફિસર એ.કે. મલિકે જણાવ્યું હતું કે આ ગ્રાઉન્ડ ઉપરાંત પાંચ માળની ઈમારત હતી. આવવા-જવા માટે માત્ર એક જ સીડી હતી. તમામ બારીઓ સીલ કરી દેવામાં આવી હતી, જેના કારણે અંદર ફસાયેલા લોકો પાસે બચવાની ખૂબ ઓછી તકો હતી.



ભાજપનાં દિગ્ગજ નેતાને લૂંટારૂઓએ તેમના જ ફાર્મ હાઉસમાં બરોબરના માર્યા અને 50 લાખની લૂંટીને જતા રહ્યા

ઉત્તર પ્રદેશના કાનપુરમાં ભાજપના નેતા રમેશ યાદવના ફાર્મહાઉસમાં લૂંટની ઘટના સામે આવી છે. ભાજપના પછાત વર્ગ મોરચાના નવનિયુક્ત પ્રદેશ મંત્રી રમેશ યાદવને બાનમાં લઈને લૂંટારુઓએ આશરે 50 લાખ રૂપિયાની રોકડ અને કિંમતી સામાન લૂંટી લીધો હોવાની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. દિવસ દરમિયાન લખનઉમાં નવી જવાબદારી સંભાળીને કાનપુર પરત ફરેલા રમેશ યાદવ સાથે રાત્રે આ ઘટના બની હતી. બુકાનીધારી લૂંટારુઓએ ફાર્મહાઉસમાં ઘૂસીને તેમના હાથ-પગ બાંધી દીધા હતા. ઘટનાની જાણ થતાં પોલીસના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા હતા અને તપાસ શરૂ કરી હતી.



મળતી માહિતી પ્રમાણે, રમેશ યાદવને ભાજપના પછાત વર્ગ મોરચાના પ્રદેશ મંત્રી બનાવવામાં આવ્યા બાદ તેઓ લખનઉમાં પદભાર સંભાળવા ગયા હતા. ત્યાંથી મોડી સાંજે કાનપુર પરત ફર્યા બાદ તેઓ શહેરથી આશરે 15 કિલોમીટર દૂર આવેલા પોતાના ફાર્મહાઉસમાં હતા. આ દરમિયાન મધરાતે બુકાનીધારી શખ્સો ફાર્મહાઉસમાં ઘૂસી આવ્યા હતા. લૂંટારુઓએ સૌપ્રથમ રમેશ યાદવને કાબૂમાં લઈને તેમના હાથ-પગ બાંધી દીધા હતા. ત્યારબાદ ઘરમાં તપાસ કરીને આશરે 50 લાખ રૂપિયાની રોકડ અને કિંમતી સામાન લૂંટી લીધો હતો. આ ઘટનામાં બહાર તહેનાત સુરક્ષાકર્મીને પણ અંદર ચાલી રહેલી લૂંટની જાણ પણ થઈ નહોતી. ભાજપના નેતાના ફાર્મહાઉસમાં લૂંટની જાણ થતાં પોલીસ તંત્રમાં દોડધામ મચી હતી. જોઈન્ટ પોલીસ કમિશનર ડૉ. વિપિન તાડા, દક્ષિણ ઝોનના ડીસીપી દીપેન્દ્રનાથ ચૌધરી સહિતના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પોલીસે ફાર્મહાઉસ અને આસપાસના વિસ્તારોનાં CCTV ફૂટેજ તપાસવાનું શરૂ કર્યું છે. લૂંટારુઓની ઓળખ મેળવવા અને તેમને પકડવા માટે તપાસ હાથ ધરવામાં આવી છે. જોકે, અહેવાલ મુજબ ઘટનામાં સંડોવાયેલા શખ્સો અંગે પોલીસને હજુ સુધી નક્કર કડી મળી નથી. રમેશ યાદવ કાનપુરના વરિષ્ઠ રાજકીય નેતા છે. તેઓ ત્રણ વખત બ્લોક પ્રમુખ રહી ચૂક્યા છે, જ્યારે તેમની પત્ની શશિ યાદવ પણ બ્લોક પ્રમુખ રહી ચૂક્યાં છે.

દીપકે દિલ્હી પહોંચ્યા, એરપોર્ટ પર લોકો બૂમો પાડવા લાગ્યા: કહ્યું- દેશને કેમ બગાડી રહ્યા છો

સૌરવ અને આશુતોષને 5 દિવસ માટે તિહાડ મોકલવામાં આવ્યા

નવી દિલ્હી, તા.14

કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દીપકે બુધવારે બપોરે દિલ્હી પહોંચ્યા. એરપોર્ટની બહાર નીકળતી વખતે ભીડ તેમના પર બૂમો પાડવા લાગી. એક મુસાફરે કહ્યું- ભાઈ, દેશને કેમ બગાડી રહ્યો છે? આ અંગે દીપકેએ માત્ર થમ્સ અપનો ઈશારો કર્યો અને ચૂપચાપ ચાલ્યા ગયા.

દરમિયાન, સીજેપીના પ્રવક્તા આશુતોષ રાંકા અને સૌરવ દાસને દિલ્હીની સ્પેશિયલ કોર્ટે 5 દિવસની ન્યાયિક કસ્ટડીમાં તિહાડ જેલ મોકલી દીધા છે. જ્યારે અજિંક્ય શિંદેને ખાનગી બોન્ડ પર મુક્ત કરી દેવામાં આવ્યા હતા.

ત્રણેયને મંગળવાર સવારે જંતર-મંતર પર પ્રદર્શન દરમિયાન કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. રાત્રે 3 વાગ્યે તેમને સાવચેતીના પગલા તરીકે ધરપકડ કરવામાં આવી હતી. બુધવારે સવારે તેમને સ્પેશિયલ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. આ અંગે રાહુલ ગાંધીએ કહ્યું કે જંતર-મંતર પર તિરંગો લહેરાવવો કોઈ ગુનો નથી. યુવાનોને જેલમાં મોકલવું કાયરતા છે.

CJPની કાનૂની ટીમનાં વડા રત્ના સિંહના જણાવ્યા મુજબ, ત્રણેય પર મંજૂરી વિના જંતર-મંતરમાં પ્રવેશવા, બોન્ડની શરતો તોડવા અને સરકારી કામમાં અડચણ ઊભી કરવાના આરોપો છે. આશુતોષ અને સૌરવને 10 ઓક્ટોબરે પણ ફ્લાઇટમાંથી કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા.

રાહુલ ગાંધી- જંતર-મંતર પર શાંતિપૂર્ણ વિરોધમાં તિરંગો લહેરાવવો કોઈ ગુનો નથી. તેના માટે યુવાનોને જેલમાં મોકલવા કાયરતા છે. વિદ્યાર્થીઓ, યુવાનો, પત્રકારો, ઈન્ડિયા બ્લોક,



અલગ-અલગ બેનરો, એક જ હેતુ. તમામ વિરોધ એક છે. નાગરિકો પોતાના બંધારણીય અધિકારોની માંગ કરી રહ્યા છે. જંતર-મંતર ભારતના લોકોનું છે. અમે તેને પાછું મેળવીશું.

CJPના સ્થાપક અભિજીત દીપકે- હું સરકારને કહેવા માગું છું કે જો તમે દેશમાં કટોકટી લાદવા માગતા હો, તો ખુલ્લેઆમ સત્તાવાર રીતે લાદો. આ અઘોષિત કટોકટી શા માટે ચલાવી રહ્યા છો? ગઈકાલથી સૌરવ, આશુતોષ અને અજિંક્યને ગેરકાયદેસર રીતે કસ્ટડીમાં રાખવામાં આવ્યા છે અને તેમને પોતાના વકીલોને મળવા પણ દેવામાં આવ્યા નથી. તેમને 5 દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા. આખરે તેમનો ગુનો શું હતો?

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે- ગૃહમંત્રી દ્વારા SIRમાં બહાર 13.3 કરોડ ભારતીયોને ઘૂસણખોર જાહેર કરવું ભારતીયતાનું અપમાન છે. સુપ્રીમ કોર્ટના નિર્ણય છતાં, જંતર-મંતરને નિર્ધારિત પ્રદર્શન સ્થળ પરથી હટાવીનેપહેલા મતની ચોરી અને પછી વિરોધ કરવાનો અધિકાર છીનવી લેવો ભાજપની તાનાશાહીનો પુરાવો છે.

CJP એ જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગને લઈને અને SIRના વિરોધમાં 10 ઓક્ટોબરે જંતર-મંતર પર પ્રદર્શનનું આહ્વાન કર્યું હતું. CJPના સ્થાપક અભિજીત દીપકે, પ્રવક્તા સૌરવ દાસ અને આશુતોષ રાંકાને દિલ્હી એરપોર્ટ પર જ પોલીસે ફ્લાઇટમાંથી કસ્ટડીમાં લીધા હતા.

ત્રણેયને 11 ઓક્ટોબરે દિલ્હી કેન્ટની વિશેષ કાર્યકારી મેજિસ્ટ્રેટ અદાલતમાં રજૂ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમને 50-50 હજાર રૂપિયાના જામીન બૉન્ડ પર મુક્ત કરવામાં આવ્યા હતા.

મુક્તિની શરત મુજબ, ત્રણેયે એક વર્ષ સુધી શાંતિ જાળવવાની હતી અને એવું કોઈ કામ કરવાનું નહોતું, જેના કારણે શાંતિ ભંગ થાય. આ માટે બૉન્ડ પર હસ્તાક્ષર કરવાની વાત સામે આવી હતી.

દિલ્હીના જંતર-મંતર પર હવે પ્રદર્શન કરી શકાશે નહીં. કેન્દ્ર સરકારે તેને નિર્ધારિત પ્રદર્શન સ્થળોની યાદીમાંથી હટાવી દીધું છે. સરકારે 33 વર્ષ પહેલાં જંતર-મંતરને પ્રદર્શન સ્થળ તરીકે નક્કી કર્યું હતું. અહીં જ અન્ના આંદોલન, પહેલવાનોનું પ્રદર્શન અને કોકરોચ પાર્ટીનું ધરણું યોજાયું હતું. ગૃહ મંત્રાલય દ્વારા બનાવાયેલી સમિતિની ભલામણના આધારે દિલ્હીના રામલીલા મેદાન, બુરાડી ગ્રાઉન્ડ અને પૂર્વ દિલ્હીના CBD ગ્રાઉન્ડને પ્રદર્શન સ્થળો બનાવવામાં આવ્યા છે.

CJPએ 12 ઓક્ટોબરે જ CEC જ્ઞાનેશ કુમારના રાજીનામા અને SIR પર રોકની માંગને લઈને જંતર-મંતર પર પ્રદર્શન કરવાની મંજૂરી માંગી હતી, પરંતુ પોલીસે ઇનકાર કરી દીધો હતો.

I.N.D.I.A. ગઠબંધનની મહા રેલી સામે પોલીસની કાર્યવાહી: 4 FIR, 500 સોશિયલ મીડિયા પોસ્ટ હટાવવા નોટિસ

નવી દિલ્હી, તા.14

દિલ્હી પોલીસે સોમવારે વિપક્ષી ગઠબંધન 'INDIA' દ્વારા યોજાયેલા વિરોધ પ્રદર્શન અને માર્ચના સંદર્ભમાં કુલ 4 FIR દાખલ કરી છે. વિસ્તારમાં લાગુ કરવામાં આવેલા પ્રતિબંધાત્મક આદેશોનો ભંગ કરવા, બેરિકેડ્સ તોડવા અને રસ્તાઓને નુકસાન પહોંચાડવાના આરોપસર આ ગુના નોંધવામાં આવ્યા છે. તિલક માર્ગ પોલીસ સ્ટેશનમાં 2 FIR જ્યારે મંદિર માર્ગ અને બારાખંબા રોડ પોલીસ સ્ટેશનમાં 1-1 FIR દાખલ કરવામાં આવી છે. આ વિરોધ પ્રદર્શન સિવાય, દિલ્હી પોલીસે દેશવિરોધી પ્રચાર અને અફવાઓ ફેલાવવા બદલ અલગથી અન્ય 4 FIR પણ નોંધાવી છે. તપાસ એજન્સીઓને શંકા છે કે પાકિસ્તાન સ્થિત સોશિયલ મીડિયા હેન્ડલ્સ દ્વારા પ્રદર્શનનો ગેરફાયદો ઉઠાવીને ભારતવિરોધી વાતાવરણ ઊભું કરવા અને કોમી સૌહાર્દ બગાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો.

પોલીસે વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સને પત્ર લખીને આશરે 500 જેટલી વાંધાજનક અને ગેરમાર્ગે દોરનારી પોસ્ટ્સ તાત્કાલિક અસરથી હટાવવા વિનંતી કરી છે. હાલ 100થી વધુ શંકાસ્પદ એકાઉન્ટ્સ પોલીસની નજરમાં છે, જેમાંથી ઘણા પાકિસ્તાનથી ઓપરેટ થતાં હોવાનું મનાય છે.

તપાસમાં સામે આવ્યું છે કે સરહદ પારથી સંચાલિત કેટલાક ફેક એકાઉન્ટ્સ દ્વારા રમખાણો અને હિંસાના જૂના તેમજ એડિટ કરેલા વીડિયો વાયરલ કરવામાં આવી રહ્યા હતા. આ વીડિયોને દિલ્હીના



વર્તમાન પ્રદર્શનના હોવાનું કહીને લોકોને ગેરમાર્ગે દોરવામાં આવતા હતા. આ પોસ્ટ્સ સાચી લાગે તે માટે ભારતીય યુવાનોના નામે ફેક આઈડી બનાવવામાં આવ્યા હતા.

10 ઓક્ટોબરના રોજ સોશિયલ મીડિયા પર દિલ્હીમાં ભારે હિંસા થઈ હોવાના દાવા કરાયા હતા. એટલું જ નહીં, એક 'X' એકાઉન્ટ પરથી દિલ્હીમાં સેના તૈનાત કરાઈ હોવાની અને બજારો બંધ હોવાની અફવા ફેલાવાઈ હતી. જેનો ખુલાસો કરતાં દિલ્હી પોલીસે સ્પષ્ટતા કરી હતી કે આ વીડિયોનો વર્તમાન ઘટનાઓ સાથે કોઈ સંબંધ નથી. લોકસભામાં વિપક્ષી નેતા રાહુલ ગાંધીની આગેવાની હેઠળ 'INDIA' ગઠબંધનના વરિષ્ઠ નેતાઓ અને હજારો કાર્યકરો બારાખંબા રોડ પર એકઠા થયા હતા અને ત્યાંથી સુપ્રીમ કોર્ટ તરફ માર્ચ કરી હતી.

એર ઈન્ડિયા પાયલટે ભૂલથી હાઈજેકનું એલર્ટ મોકલ્યું: જર્મની-દિલ્હી ફ્લાઈટનું જયપુરમાં ઈમરજન્સી લેન્ડિંગ

જયપુર, તા.14

ફ્રેન્કફર્ટથી દિલ્હી જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઇટ AI-2030નું બુધવારે સવારે જયપુરમાં ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું. માહિતી અનુસાર, ફ્લાઇટમાંથી અમદાવાદ એર ટ્રાફિક કંટ્રોલ (ATC)ને હાઈજેકનો સંકેત મળ્યો હતો. આ માહિતી જયપુર ATC સાથે શેર કરવામાં આવી હતી. લગભગ 45 મિનિટ બાદ વિમાનને જયપુરમાં લેન્ડ કરવામાં આવ્યું. પ્રારંભિક તપાસમાં પાઇલટની ભૂલને કારણે અલર્ટ મેસેજ મોકલાયો હોવાની માહિતી છે. ફ્લાઇટરડાર24 અનુસાર, વિમાને 13 ઓક્ટોબરની રાત્રે 9:45 વાગ્યે ફ્રેન્કફર્ટથી ઉડાન ભરી હતી. તેને 14 ઓક્ટોબરની સવારે 10:40 વાગ્યે દિલ્હી પહોંચવાનું હતું, પરંતુ તેને જયપુર ડાયવર્ટ કરવામાં આવ્યું. 30 સપ્ટેમ્બરે ઈઝરાયલ જઈ રહેલી ફ્લાયદુબઈની ફ્લાઇટમાંથી પણ હાઈજેક સિગ્નલ કોડ 7500 મોકલવામાં આવ્યો હતો. આ વિમાનને પાઇલટે હાઈજેક કરીને કેશ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ભારતીય કો-પાઇલટ કેપ્ટન સ્મિત મચ્છરે તેમ થતું અટકાવ્યું હતું. ફ્લાઇટની તપાસ બાદ એજન્સીઓએ તેને દિલ્હી જવાની મંજૂરી આપી દીધી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પાઇલટે પૂછપરછ દરમિયાન ભૂલથી એલર્ટ બટન દબાવવાનો ઇનકાર કર્યો છે. જોકે, હજુ સુધી સત્તાવાર માહિતી



આપવામાં આવી નથી. લગભગ અઢી કલાક સુધી એરક્રાફ્ટની તપાસ કરવામાં આવી. હાલમાં એરક્રાફ્ટને પાર્કિંગ એરિયાથી દૂર ઊભું રાખવામાં આવ્યું છે. તેની આસપાસ સુરક્ષા એજન્સીઓની ટીમો તૈનાત છે. સીઆઈએસએફની ટીમે જયપુર એરપોર્ટ પર પહોંચેલા વિમાનની તપાસ પૂર્ણ કરી લીધી છે. વિમાનમાં હાલમાં કોઈપણ પ્રકારની શંકાસ્પદ વસ્તુ મળી નથી. હાલમાં સુરક્ષા એજન્સી ફ્લાઇટના પાયલટની પૂછપરછ કરી રહી છે. સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે કે થોડા સમય બાદ બધું સામાન્ય રહે તો ફ્લાઇટ ફરીથી દિલ્હી માટે ઉડાન ભરી શકે છે. પ્રારંભિક માહિતીમાં જણાવવામાં આવી રહ્યું છે કે પાઇલટે ભૂલથી 7500 બટન દબાવી દીધું હતું. બટન માત્ર થોડા સેકન્ડ માટે જ દબાવવામાં આવ્યું હતું. ત્યારબાદ તેને ફરીથી બંધ કરી દેવામાં આવ્યું હતું. પરંતુ ગઈકાલે બનેલી ઘટના અને એવિએશનના નિયમો હેઠળ અમદાવાદ એરપોર્ટે સતર્કતા વધારીને સમગ્ર પ્રોટોકોલનું પાલન કર્યું અને ફ્લાઇટનું ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું.

રાહુલ વિરોધ પ્રદર્શનમાં ઘાયલ થયેલા વિદ્યાર્થીઓને સાથે લાવ્યા: વિદ્યાર્થિનીએ કહ્યું- પોલીસે પ્રાઇવેટ પાર્ટ પર માર્યું

નવી દિલ્હી, તા.14

રાહુલ ગાંધીની દિલ્હીમાં પ્રેસ કોન્ફરન્સ ચાલી રહી છે. તેઓ SIR અને જ્ઞાનેશ કુમારના રાજીનામા વિરુદ્ધ પ્રદર્શન દરમિયાન અટકાયતમાં લેવામાં આવેલા લોકોને પોતાની સાથે લાવ્યા છે. આ દરમિયાન એક વિદ્યાર્થિનીએ જણાવ્યું, મહિલાઓને પણ મારવામાં આવી હતી. મેં પોલીસને કહ્યું કે આ કુરુક્ષેત્રનું યુદ્ધ છે, જીતવું જ પડશે. બીજી એક વિદ્યાર્થીનીએ કહ્યું- પોલીસે મારા પ્રાઇવેટ પાર્ટ પર માર્યું. ગુંડાઓના કહેવા પર અમને અટકાયતમાં લેવામાં આવ્યા. રાહુલે આ પહેલાં મંગળવારે વિપક્ષી નેતાઓને લંચ પર બોલાવ્યા હતા. ઈન્ડિયા બ્લોકે અત્યાર સુધી SIR અને જ્ઞાનેશ કુમારના રાજીનામાના મુદ્દે 5 પ્રદર્શન કર્યા છે. રાહુલ ગાંધીએ કહ્યું- આ હિન્દુસ્તાન છે, અમિત શાહજી, અહીં કોઈ હિન્દુ-મુસ્લિમ નથી, તેમની કોઈ જાતિ નથી. તમે આ અવાજની સામે ઊભા રહી શકતા નથી. હું વિદ્યાર્થીઓને કહેવા માગું છું. તમે વીડિયો



બનાવીને રાખજો. એ બધા પુરાવાઓ અમે રાખીશું. જ્યારે બધું સમાપ્ત થશે, ત્યારે એ પુરાવાઓના આધારે બધાને સજા મળશે. પછી ભલે તે પોલીસવાળા હોય કે જ્ઞાનેશ કુમાર હોય. આ દેશનો અવાજ છે. અને આ અવાજને દબાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. પ્રદર્શનકારી અતીરા એક કાનથી સાંભળી શકતાં નથી. તેમણે કહ્યું કે બસમાં કોઈ મહિલા પોલીસકર્મી નહોતી. કનોટ પ્લેસથી મહિલા પોલીસકર્મી ચંચલ યાદવ બસમાં આવી. તે મને પોલીસ સ્ટેશનના બેઝમેન્ટમાં લઈ ગઈ. ત્યાં સીસીટીવી નહોતાં, તેથી તેણે મને ત્યાં મુક્કા માર્યા. મારી આંખ અને મોઢા પર નિશાન છે. મારા પ્રાઇવેટ પાર્ટ્સ પર પણ માર્યું.

રાહુલ ગાંધીએ એક પ્રદર્શનકારી યુવતી તરફ ઈશારો કરીને કહ્યું કે આ શેરની છે. જ્યારે પૂછવામાં આવ્યું કે ડર લાગ્યો હતો, ત્યારે યુવતીએ કહ્યું કે ડર લાગ્યો નહોતો.

પછી યુવતીએ કહ્યું, 'મેં કહ્યું કે જેટલું મારવું હોય તેટલું મારો. અમે NSUIના કાર્યકર્તાઓ શાંતિપૂર્ણ રીતે પ્રદર્શન કરી રહ્યા હતા. અમને બસોમાં ભરી દેવામાં આવ્યા.' તેણે કહ્યું, 'જ્યારે અમે બસમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરી રહ્યા હતા, ત્યારે મહિલા પોલીસકર્મી ચંચલ યાદવે મારું ગળું જોરથી દબાવ્યું. મને પાછળ ધક્કો માર્યો, જેના કારણે હું પડી ગઈ. મને નખોથી ઉઝરડા પાડ્યા. તેમણે જોરથી થપ્પડ મારી. ત્યાર બાદ તેમણે મારા વાળ પકડીને બસમાં આગળ-પાછળ કરતી રહી.

તેણીએ મારું ગળું વધુ જોરથી દબાવ્યું અને કાન કચડી નાખ્યો. કનોટ પ્લેસ પર ચંચલ યાદવે બસ રોકીને અમને બે યુવતીઓને રસ્તા પર ઢસડી, પ્રાઇવેટ પાર્ટ્સ પર માર માર્યો. અમને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા. તેમણે કહ્યું કે કહે, તારો નેતા રાહુલ ગાંધી હવે ક્યાં ગયો. તેમણે મારા પગ પર લાઠીઓ મારી. અને કહ્યું કે કહે, તને નેતા બનાવું? તો મેં કહ્યું કે કોઈ વાંધો નહીં મૅમ, આગલી વખતે પ્રદર્શનમાં મળીશું. આ કુરુક્ષેત્રનું યુદ્ધ છે, તેને જીતવું પડશે.'

કેરલમની આદિરાએ કહ્યું- અમને પકડ્યા બાદ પોલીસે બસમાં ભરી દીધા. ત્યારબાદ અમને સીપી પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા. ત્યાં ચંચલ યાદવ હાજર હતાં. અમને ત્યાં જ બેઝમેન્ટમાં લઈ જવામાં આવ્યા. પ્રદર્શનકારી રમિતે કહ્યું- હું કન્ટેન્ટ ક્રિએટર છું, મને 11 ઓક્ટોબરે RSS અને ભાજપના ગુંડાઓના બોલ્યા બાદ કસ્ટડીમાં લેવામાં આવ્યો. તેમની પાસે લાકડીઓ હતી. પોલીસે તેમની વાત સાંભળીને લોકોને કસ્ટડીમાં લીધા અને અમને ખરાબ રીતે માર્યા. તેમનો ફોન છીનવી લીધો. ત્યાં કોઈ મહિલા પોલીસ અધિકારીઓ પણ નહોતી. કન્ટેન્ટ ક્રિએટરે જણાવ્યું, મને ખૂબ માર મારવામાં આવ્યો. અંકિત કસાના નામના પોલીસકર્મીએ કહ્યું કે તારી સાથે કેટલા નેતાઓ આવશે? તને બચાવવા કોઈ નહીં આવે. તમે પૈસા લઈને આવો છો. તેમણે લાતો-મુક્કાઓ અને તમાચા માર્યા. મને ડર લાગી રહ્યો હતો.



કરોડોની જમીન પચાવી પાડવાના ષડયંત્રમાં 3 વૃદ્ધ જેલભેગા

21 વીઘા જમીન હડપવા તલાટી-ASI-નિવૃત્ત પોલીસકર્મીની સંડોવણી, ખોટું પેઢીનામું-સહીથી મહેસૂલી રેકોર્ડમાં નોંધ કરાવી હતી

સુરત, તા.14

સુરત ઈકો સેલ ક્રાઈમ બ્રાન્ચે જમીન પચાવી પાડવાના ગંભીર અને જૂના ગુનાહિત ષડયંત્રનો પર્દાફાશ કર્યો છે. ચોર્યાસી તાલુકાના મોજે ખરવાસા ગામમાં વડીલોપાર્જિત સંયુક્ત માલિકીની બ્લોક નંબર 178 વાસુદેવવાળું, બ્લોક નંબર 168 ડોસીવાળું અને બ્લોક નંબર 144 ગોરાટ કાબો વાળી અંદાજે 21 વીંઘા કિંમતી જમીનમાંથી સગી બહેનોનો વારસાઈ હક્ક ડુબાડી દેવાયો હતો. ભરૂચના અંકલેશ્વર તાલુકાના ઊંટિયાદરા ગામના ગીરીશકુમાર નરેન્દ્રસિંહ સોલંકીએ પોતાની માતા ધનુબેન અને માસી ભાવનાબેન સાથે થયેલી છેતરપિંડી અંગે સચિન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.



આ ગુનાહિત કાવતરાની શરૂઆત વર્ષ 1996માં થઈ હતી. જમીનના અન્ય સહવારસદારોએ અંદરોઅંદર મળીને એક ઓગસ્ટ, 1996ના રોજ જમીનની ખોટી અને ગેરકાયદે વહેંચણી દર્શાવતો એક બનાવટી કરાર ઊભો કર્યો હતો. આ વહેંચણી કરારમાં ફરિયાદીની માતા ધનુબેન તેમજ માસી ભાવનાબેનની સંમતિ વિના તેમની ખોટી સહી કરી દેવામાં આવી હતી. આ દસ્તાવેજ બનાવટી હોવાનું જાણવા છતાં જમુભાઈ આહીર, બાબુભાઈ નાયકા અને દૌલતસિંહ ગોહિલ નામના સાક્ષીઓએ તેમાં સહી કરી ગુનાહિત કૃત્યને મદદ પહોંચાડી હતી.

ખોટા વહેંચણી કરારનો સાચા તરીકે ઉપયોગ કરી જમીનમાં પોતાના નામો ચઢાવવા માટે તારીખ 23 જુલાઈ, 1997ના રોજ ખરવાસાના તલાટી કમ મંત્રીને ખોટી સહીવાળી અરજી કરવામાં આવી હતી. તલાટી કમ મંત્રીએ પણ સહઆરોપીઓ સાથે મિલીભગત કરી ખોટું પેઢીનામું, બોગસ પંચકયાસ અને જવાબોના ખોટા તુમારો તૈયાર કર્યા હતા. બંને મહિલાઓની કોઈ પણ પ્રકારની સંમતિ કે સહી ન હોવા છતાં તેમની બનાવટી સહીઓ કરાવી તે કાગળોના આધારે મહેસૂલી રેકોર્ડ પર ખોટી રીતે નોંધ નંબર 1862 પાડી દેવામાં આવી હતી અને કાયદેસરની વારસદાર બહેનોનો હક્ક કાગળ પર ડુબાડી દેવાયો હતો.

આ સનસનાટીભર્યા કેસમાં સૌથી ચોંકાવનારી બાબત આરોપીઓની ઉંમર છે. નિવૃત્ત જીવન જીવતા વૃદ્ધો જમીનની લાલચમાં કાવતરાખોર બન્યા હતા. પોલીસે ઝડપી પાડેલા આરોપીઓમાં 75 વર્ષીય પ્રવિણસિંહ ગુમાનસિંહ ધુમ, રહેઠાણ બાલાજી બંગ્લોઝ, સુરત તથા મૂળ ડેલી, વાલિયા, ભરૂચ, બીજા આરોપી 64 વર્ષીય જસવંતસિંહ ગણપતસિંહ ગોહિલ, રહે. રજપૂત ફળિયું, ખરવાસા, સુરત અને ત્રીજા આરોપી 63 વર્ષીય વિક્રમસિંહ ચંદ્રસિંહ ધુમ, રહે. જલારામ સોસાયટી, સણિયા હેમાદનો સમાવેશ થાય છે. આ ત્રણેય આરોપીઓ નિવૃત્ત હોવા છતાં પરિવારની મહિલાઓ સાથે છેતરપિંડી આચરવામાં મુખ્ય ભૂમિકામાં રહ્યા હતા.

સુરત સિટી ક્રાઈમ બ્રાન્ચની ઈકો સેલ ટીમે બનાવટી દસ્તાવેજો અને સરકારી રેકોર્ડની ચકાસણી સાથે હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સોર્સના આધારે સઘન તપાસ કરી હતી. પોલીસે ચોક્કસ બાતમીના આધારે વોચ ગોઠવી આ ત્રણેય વૃદ્ધ આરોપીઓને શોધી કાઢી તેમની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ગુનામાં સંડોવાયેલા અન્ય સહવારસદારો, તત્કાલીન તલાટી કમ મંત્રી અને બોગસ સાક્ષીઓની સંડોવણી અંગે પણ પોલીસે તપાસ આગળ ધપાવી છે. વૃદ્ધાવસ્થામાં જેલના સળિયા પાછળ ધકેલાયેલા આરોપીઓની ધરપકડથી બનાવટી દસ્તાવેજો બનાવતા તત્ત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

ખોટી સહીઓ કરી નકલી વહેંચણી કરાર તેમજ બોગસ પેઢીનામું તૈયાર કર્યું હતું. આ બનાવટી દસ્તાવેજોના આધારે સરકારી સાતબારના રેકર્ડમાં પોતાના નામ પણ દાખલ કરાવી લીધા હતા. ગાંધીનગર એફએસએલમાં દસ્તાવેજોની ચકાસણી દરમિયાન બંને મહિલાઓની સહીઓ ખોટી હોવાનો અભિપ્રાય આવતા ઈકો સેલે ગુનો નોંધી જશવંતસિંહ, પ્રવીણસિંહ અને વિક્રમસિંહની ધરપકડ કરી છે તેમજ આ કેસમાં સંડોવાયેલા અન્ય આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

આ જમીન કૌભાંડમાં સૌથી ચોંકાવનારો ઘટસ્ફોટ પોલીસકર્મીઓની સંડોવણીને લઈને થયો છે. ઈકો સેલના એસીપી જી એ સરવૈયાના જણાવ્યા પ્રમાણે, આ ગુનામાં સંડોવાયેલા આરોપીઓ પૈકી બે આરોપીઓ સીધા પોલીસ વિભાગ સાથે જોડાયેલા છે. જેમાં ધરપકડ કરાયેલો આરોપી વિક્રમસિંહ ભૂતપૂર્વ પોલીસકર્મી છે અને હાલ નિવૃત્ત છે, જ્યારે કૌભાંડમાં સામેલ અન્ય એક આરોપી સુરેન્દ્રસિંહ હાલ પોલીસ વિભાગમાં સક્રિય રહી એએસઆઈ તરીકે ફરજ બજાવી રહ્યા છે. કાયદાનું પાલન કરાવવાની જવાબદારી ધરાવતા પોલીસકર્મીઓએ જ કિંમતી જમીન હડપવા માટે ગુનાહિત કારસો રચ્યો હોવાનું સામે આવતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે.

અમદાવાદના વેપારીઓ સાવધાન, અડધુ પેમેન્ટ કરી લાખોની છેતરપિંડી કરતી ટોળકી સક્રિય, રાતોરાત પેઢી બંધ કરી 4 ફરાર

અમદાવાદ, તા.14

અમદાવાદના એસ.જી. હાઈવે પર એક સ્ટીલ ટ્રેડર્સના નામે વેપાર કરતા એક વેપારી પાસેથી ટેન્કર બનાવવાના બહાને આયરન શીટનો મોટો જથ્થો ખરીદીને કુલ રૂપિયા 37,83,902ની છેતરપિંડી થઈ હોવાની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ છે. આ કેસમાં ચાર શખ્સોએ શરૂઆતમાં અલગ અલગ કંપનીઓના નામે કુલ રૂપિયા 1,02,31,265નો માલ ખરીદીને અમુક રકમ ચૂકવી વેપારીનો વિશ્વાસ જીત્યો હતો અને ત્યારબાદ બાકીની રકમ ન ચૂકવી, ફોન બંધ કરી તથા ખોટા સરનામા આપીને પેઢીઓ રાતોરાત બંધ કરી ફરાર થઈ જતા ભોગ બનનાર વેપારીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.




ફરિયાદી દિનેશકુમાર શાંકળચંદ રામી અમદાવાદના એસ.જી. હાઈવે પર કર્ણાવતી સ્ટીલ ટ્રેડર્સ નામની પેઢી ચલાવી આયરન શીટનો બિઝનેસ કરે છે. ગત સપ્ટેમ્બર 2020માં હિતેશ પંચાલ અને કમલેશ પંચાલ તેમની પેઢીએ આવ્યા હતા અને ટેન્કર બનાવવા માટે આયરન શીટની જરૂર હોવાનું જણાવી વેપાર શરૂ કર્યો હતો. શરૂઆતમાં તેમણે મેસર્સશ્રી મણિભદ્ર ફેબ્રીકેશન કંપનીના નામે જાન્યુઆરી 2021 સુધીમાં રૂપિયા 69,66,337નો માલ ખરીદ્યો હતો અને ટુકડે ટુકડે રૂપિયા 43,80,252 ચૂકવ્યા હતા. જ્યારે બાકીના રૂપિયા 25,86,085 થોડા સમયમાં આપવાનો વિશ્વાસ અપાવ્યો હતો. ત્યારબાદ હિતેશે કંપનીનું નામ બદલીને એસ.કે. એન્ટરપ્રાઈઝ રાખ્યું હોવાનું જણાવી નવા નામે 24 માર્ચ 2021 સુધીમાં વધુ રૂપિયા 32,64,928ની આયરન શીટો ખરીદી હતી અને તેની સામે રૂપિયા 20,67,111 ચૂકવ્યા હતા.

આમ, હિતેશ પંચાલ, ઋતુજા પંચાલ, કમલેશ પંચાલ અને સંદિપકુમાર કૈલાશે તારીખ સપ્ટેમ્બર 2020થી માર્ચ 2021 સુધીમાં કુલ રૂપિયા 1,02,31,265નો માલ ખરીદ્યો હતો. જેમાંથી તેઓએ કુલ રૂપિયા 64,47,363 ચૂકવ્યા હતા અને બાકી નીકળતા રૂપિયા 37,83,902 ચૂકવ્યા ન હતા. ફરિયાદીએ બાકીના રૂપિયાની ઉઘરાણી કરતા આરોપીઓ બહાના બતાવતા હતા અને ત્યારબાદ ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. ફરિયાદીએ તેઓએ આપેલા ગાંધીનગર અને નરોડાના સરનામે જઈને તપાસ કરતા ત્યાં આવી કોઈ કંપની કે આરોપીઓ મળી આવ્યા ન હતા. આરોપીઓએ ખોટા સરનામા આપી, કંપનીઓ બંધ કરી દઈને ફરિયાદી સાથે રૂપિયા 37,83,902 ની છેતરપિંડી બાબતે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મેટ્રોના મુસાફરોને મોટો ઝટકો, 10 સ્ટેશનોએ ટિકિટ કરતાં પણ વધુ પાર્કિંગ ચાર્જ વસૂલાશે

અમદાવાદ, તા.14

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ સેવા શરુ થયા બાદ મોટા ભાગના મેટ્રો સ્ટેશનો પાસે યોગ્ય અને પૂરતી પાર્કિંગ વ્યવસ્થાનો ભારે અભાવ જોવા મળી રહ્યો છે, જેના કારણે દરરોજ મુસાફરી કરતા નાગરિકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. શરૂઆતમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્ટેશનોની આસપાસ આવેલા ખાલી પ્લોટ્સમાં મુસાફરો માટે મફત પાર્કિંગની સુવિધા પૂરી પાડવાના મોટા દાવાઓ કરવામાં આવ્યા હતા. પરંતુ હવે જ્યારે આ પાર્કિંગ પ્લોટ્સ સંપૂર્ણ રીતે તૈયાર થઈ ગયા છે, ત્યારે મ્યુનિસિપલ કોર્પોરેશને પોતાનું વલણ અચાનક બદલી નાખ્યું છે અને વાહનચાલકો પાસેથી ચાર્જ વસૂલવાનો આકરો નિર્ણય લીધો છે. હવે નવરંગપુરા, સાબરમતી, વસ્ત્રાલ જેવા શહેરના મહત્વના અને વ્યસ્ત વિસ્તારોમાં આવેલા ૧૦ જેટલા મેટ્રો સ્ટેશનો નજીક પાર્કિંગ માટે વાહનચાલકોએ ૧૦૦ રૂપિયા સુધીનો મોટો પાર્કિંગ ચાર્જ ચૂકવવા માટે મજબૂર થવું પડશે.એક તરફ તંત્ર અને સરકાર દ્વારા નાગરિકોને ટ્રાફિકની સમસ્યા હળવી કરવા તથા પ્રદૂષણ ઘટાડવા માટે જાહેર પરિવહનનો વધુમાં વધુ ઉપયોગ કરવાની સતત સલાહ આપવામાં આવે છે, પરંતુ બીજી તરફ સ્ટેશનો પર પૂરતી અને યોગ્ય સુવિધાઓ ન હોવાને કારણે ઘણા લોકો ઈચ્છા હોવા છતાં પણ મેટ્રો રેલમાં મુસાફરી કરવાનું ટાળી રહ્યા છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અગાઉ મફત પાર્કિંગ આપવાની વારંવાર જાહેરાતો કરવામાં આવી હતી, જેના અંતર્ગત નવરંગપુરામાં ૩, સાબરમતીમાં ૩, વસ્ત્રાલમાં ૨, એસ.પી. સ્ટેડિયમ પાસે ૨ અને રામોલ પાસે ૨ મળીને કુલ ૧૦ મહત્વના મેટ્રો સ્ટેશનો નજીક પ્લોટ ફાળવવામાં આવ્યા હતા. આ તૈયાર કરાયેલા પ્લોટ્સમાં એકસાથે કુલ ૩,૩૪૨ ટુ-વ્હીલર અને ૨૦૦ ફોર-વ્હીલર પાર્ક થઈ શકે તેટલી મોટો જથ્થો સમાવવાની ક્ષમતા છે. પરંતુ નાગરિકોને રાહત આપવાને બદલે મ્યુનિસિપલે હવે આ તમામ સ્થળોએ સત્તાવાર રીતે 'પે એન્ડ પાર્કિંગ' ની નીતિ અમલમાં મૂકવાનો પ્લાન ઘડી કાઢ્યો છે.



આ નવી યોજના હેઠળ મ્યુનિસિપલ તંત્ર દ્વારા રૂ. ૧૩,૦૦૦ થી લઈને રૂ. ૫૦,૦૦૦ જેવા અત્યંત નજીવા માસિક ભાડાના દરે આ કિંમતી પ્લોટ્સ ખાનગી કોન્ટ્રાક્ટરોને સોંપી દેવામાં આવશે. ત્યારબાદ આ કોન્ટ્રાક્ટરો સામાન્ય નાગરિકો પાસેથી ટુ-વ્હીલર માટે પાંચ રૂપિયાથી લઈને પચ્ચાસ રૂપિયા સુધીનો અને ફોર-વ્હીલર માટે ૧૫ રૂપિયાથી લઈને ૧૨૦ રૂપિયા સુધીનો મોટો ચાર્જ વસૂલ કરશે. મેટ્રો રેલમાં દરરોજ પ્રવાસ કરતા મુખ્યત્વે શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, મધ્યમ વર્ગીય નોકરીયાતો અને વેપારીઓ સામાન્ય રીતે સવારથી સાંજ સુધી એટલે કે ૮ થી ૧૦ કલાક પોતાના વાહનો ત્યાં પાર્ક કરી રાખતા હોય છે. આ નવી ચાર્જ પ્રણાલીને કારણે આવા નિયમિત મુસાફરોએ દરરોજ રૂ. ૨૫ થી લઈને ૭૦ રૂપિયા સુધીનો માત્ર પાર્કિંગ ચાર્જ જ ચૂકવવો પડશે, જે ઘણીવાર તેમની મેટ્રોની મૂળ ટિકિટના ભાડા કરતાં પણ વધી જશે અને આ નિર્ણયથી સામાન્ય મુસાફરોના ખિસ્સા પર સીધો અને મોટો આર્થિક બોજ પડશે.


કલેક્ટર કચેરી ખાતે 10 હજાર કારીગરો કરશે મહાસત્યાગ્રહ

શ્રમિક આંદોલનના મંડાણ, 3 યુનિયને હાથ મિલાવ્યા, 'સંડેની રજા માંગી તો કામ છૂટ્યું, વીડિયો વાયરલ કરી બ્લેકલિસ્ટ કર્યા'

સુરત, તા.14

સુરત શહેર અને જિલ્લામાં એમ્બ્રોઈડરી સહિત વિવિધ ઔદ્યોગિક એકમોમાં કામ કરતા હજારો શ્રમિકોએ પોતાની પડતર માગણીઓના નિરાકરણ માટે હવે આંદોલનનો માર્ગ અપનાવવાનો નિર્ણય કર્યો છે. સાપ્તાહિક રવિવારની રજા અને કાયદા મુજબ સમયસર પગાર ચૂકવવાની માગણી છેલ્લા ચાર મહિનાથી કરવામાં આવી રહી હોવા છતાં કોઈ નક્કર ઉકેલ આવ્યો ન હોવાનો શ્રમિકોએ આક્ષેપ કર્યો છે. આ ઉપરાંત, પોતાના અધિકારોની માગણી કરતા કારીગરોને નોકરીમાંથી છૂટા કરવામાં આવતા શ્રમિકોમાં ભારે રોષ ફેલાયો છે. આ પરિસ્થિતિમાં આશરે 10 હજાર શ્રમિકો 15 ઓક્ટોબરે સુરત કલેક્ટર કચેરી ખાતે મહાસત્યાગ્રહ કરીને વહીવટી તંત્રનું ધ્યાન દોરશે. શ્રમિકોના જણાવ્યા મુજબ, તેમની મુખ્ય માગણીઓનો સ્વીકાર થાય અને કાયદાનું યોગ્ય રીતે પાલન થાય તે માટે આ શાંતિપૂર્ણ આંદોલનનું આયોજન કરવામાં આવ્યું છે. સુરતના કાપડ ઉદ્યોગમાં એમ્બ્રોઈડરી સહિતના વિવિધ એકમોમાં મોટી સંખ્યામાં શ્રમિકો રોજગારી મેળવી રહ્યા છે. આ શ્રમિકો લાંબા સમયથી સાપ્તાહિક રજા અને નિયમિત પગારની માગણી કરી રહ્યા છે. શ્રમિકોનો આક્ષેપ છે કે, કારખાનાઓમાં સતત કામ કરાવવામાં આવે છે, પરંતુ રવિવારની સાપ્તાહિક રજા આપવાના મુદ્દે ઉદ્યોગના કેટલાક એકમોમાં યોગ્ય વ્યવસ્થા કરવામાં આવતી નથી. બીજી તરફ, મહેનતાણું પણ કાયદા મુજબ નિર્ધારિત સમયમર્યાદામાં ચૂકવવામાં આવે તેવી તેમની માગણી છે. શ્રમિકોનું કહેવું છે કે, પરિવારનું ગુજરાન ચલાવવા માટે તેઓ રોજિંદા કામ પર આધારિત છે, તેથી સમયસર પગાર ન મળે અથવા રજાના દિવસે પણ કામ કરવું પડે તો તેમની આર્થિક અને શારીરિક સ્થિતિ પર તેની સીધી અસર પડે છે. વારંવાર રજૂઆતો કરવા છતાં આ સમસ્યાઓનો ઉકેલ નહીં આવતાં હવે શ્રમિકોએ સામૂહિક રીતે અવાજ ઉઠાવવાનું નક્કી કર્યું છે.

આ આંદોલનની આગેવાની લઈ રહેલા ગુજરાત પ્રદેશ ઈન્ટુકના પ્રમુખ નૈષધ દેસાઈએ જણાવ્યું હતું કે, 15 ઓક્ટોબરે સુરત કલેક્ટર કચેરી ખાતે શાંતિપૂર્ણ મહાસત્યાગ્રહ કરવામાં આવશે અને તેમાં આશરે 10 હજાર કામદારો જોડાય તે માટે



આહ્વાન કરવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું કે, શ્રમિકોની માગણીઓ કોઈ જટિલ કે અયોગ્ય માગણીઓ નથી, પરંતુ તેમને સાપ્તાહિક રજા અને કાયદા મુજબ સમયસર મહેનતાણું મળે તે જ મુખ્ય હેતુ છે. શ્રમિકોને તેમના અધિકારો મળે અને ઉદ્યોગની કામગીરી પણ ખોરવાય નહીં તે માટે સંગઠન પ્રયાસ કરી રહ્યું છે. સુરતનાં કારખાનાં ચાલુ રહે અને શ્રમિકોનો સત્યાગ્રહ પણ સફળ બને તેવો અભિગમ રાખવામાં આવ્યો છે. આંદોલન દરમિયાન શાંતિ જાળવીને વહીવટી તંત્ર સમક્ષ પોતાની રજૂઆત કરવામાં આવશે.

નૈષધ દેસાઈના જણાવ્યા પ્રમાણે, શ્રમિકોની બે મુખ્ય માગણીઓ છે. પ્રથમ માગણી મુજબ, કામદારોને દર અઠવાડિયે રવિવારની રજા મળવી જોઈએ, જ્યારે બીજી માગણી મુજબ દર મહિનાની 1થી 7 તારીખની વચ્ચે કાયદા અનુસાર મહેનતાણું ચૂકવવામાં આવે તેવી વ્યવસ્થા થવી જોઈએ. શ્રમિકોનું કહેવું છે કે, આ માગણીઓ અંગે અગાઉ ત્રણ વખત લેખિત આવેદનપત્રો આપવામાં આવ્યાં છે. તેમ છતાં ચેમ્બર ઓફ કોમર્સ, ફેક્ટરી ઈન્સ્પેક્ટર અને શ્રમ કમિશનર કચેરી તરફથી શ્રમિકો સાથે બેસીને સમાધાનકારી વલણ અપનાવવામાં આવ્યું નથી. શ્રમિક સંગઠનોના મતે, સંબંધિત વિભાગો દ્વારા સમયસર હસ્તક્ષેપ કરવામાં આવ્યો હોત તો આંદોલનની સ્થિતિ ઊભી ન થઈ હોત. હવે કલેક્ટર કચેરી ખાતે યોજાનારા મહાસત્યાગ્રહ દ્વારા જવાબદાર અધિકારીઓનું ધ્યાન આ પ્રશ્ન તરફ દોરવાનો પ્રયાસ કરવામાં આવશે.

આ સમગ્ર મામલે નોકરી ગુમાવનારા શ્રમિકોની મુશ્કેલીઓ પણ સામે આવી રહી છે. શ્રમિક આણંદ કુશવાહાએ પોતાની વ્યથા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, તેમણે ફેક્ટરીમાં માત્ર રવિવારની રજા માગી હતી, પરંતુ તેના કારણે તેમનો તત્કાલ હિસાબ કરીને તેમને નોકરીમાંથી બહાર કરી દેવામાં આવ્યા હતા. તેમના જણાવ્યા પ્રમાણે, નોકરીમાંથી છૂટા કર્યા બાદ કેટલીક જગ્યાએ કારીગરોના વીડિયો કારખાનેદારોના ગ્રૂપમાં વાયરલ કરવામાં આવતા હોવાનો પણ આક્ષેપ છે, જેના કારણે અન્ય કારખાનાઓમાં કામ મેળવવામાં મુશ્કેલી ઊભી થાય છે. આણંદ કુશવાહાનો દાવો છે કે, આવા કારીગરોને અન્ય લોકોને ઉશ્કેરતા હોવાના આક્ષેપ સાથે કામ પર રાખવામાં આવતા નથી. પરિણામે, તેઓ છેલ્લા દોઢ મહિનાથી બેકાર છે અને પરિવારનું ગુજરાન ચલાવવું પણ મુશ્કેલ બની ગયું છે.


આણંદ કુશવાહાએ વધુમાં જણાવ્યું હતું કે, લાંબા સમયથી કામ ન મળતાં તેમની આર્થિક સ્થિતિ કથળી ગઈ છે. પરિવારની રોજિંદી જરૂરિયાતો પૂરી કરવા માટે હવે સાથીઓ અને સંબંધીઓ પાસેથી રૂ. 500 કે રૂ. 1,000 ઉછીના લઈને દિવસો પસાર કરવા પડે છે. જ્યારે ફરીથી કામ મળશે ત્યારે આ ઉધાર લીધેલા પૈસા પરત કરી શકાશે તેવી આશા રાખીને તેઓ હાલ સમય પસાર કરી રહ્યા છે. શ્રમિકોના જણાવ્યા મુજબ, નોકરી ગુમાવનારા અનેક કારીગરો આવી જ પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે. એક તરફ નિયમિત આવક બંધ થઈ ગઈ છે, તો બીજી તરફ ઘરખર્ચ, બાળકોની જરૂરિયાતો અને અન્ય જવાબદારીઓ યથાવત્ છે.

અમદાવાદમાં કોમનવેલ્થની તૈયારી! મોદી સ્ટેડિયમ તરફના રોડ પરના 76 મકાનો પર બુલડોઝર ફેરવાયું, ગોમતીપુરમાં પણ દબાણો દૂર કરાયાં

અમદાવાદ, તા.14

અમદાવાદ શહેરમાં એક તરફ આગામી વૈશ્વિક ખેલ મહોત્સવ એટલે કે કોમનવેલ્થ ગેમ્સની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે મોટેરા વિસ્તારમાં આવેલા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ તરફ જતા મુખ્ય માર્ગને અત્યાધુનિક અને પહોળો કરવાની મોટા પાયે કામગીરી ચાલી રહી છે, તો બીજી તરફ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા ગોમતીપુરમાં પણ ટ્રાફિક અને રસ્તાની સમસ્યા નિવારવા માટે ખાસ દબાણ હટાવો ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ વિસ્તરણ અને સફાઈ ઝુંબેશ અંતર્ગત મોટેરામાં સાબરમતી ટોલનાકાથી નરેન્દ્ર મોદી સ્ટેડિયમ તરફ જતા માર્ગ પર આવેલા આશરે ૭૬ જેટલાં સોસાયટી તથા ચાલીઓના રહેણાંક મકાનો પર બુલડોઝર ફેરવીને તોડી પાડવામાં આવ્યા છે. તેની સાથે જ ગોમતીપુર વિસ્તારના મહત્વના ટીપી રોડ પરથી ગેરકાયદેસર દુકાનો, કોમર્શિયલ શેડ, પક્કા ઓટલા અને અન્ય નડતરરૂપ દબાણો દૂર કરીને મોટો સામાન જપ્ત કરવાની કડક કાર્યવાહી કરવામાં આવી છે.

ભવિષ્યમાં યોજાનારા કોમનવેલ્થ ગેમ્સને ધ્યાન પર રાખીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મોટેરા સ્ટેડિયમ અને તેની આસપાસના સમગ્ર વિસ્તારના માળખાકીય વિકાસની કામગીરી ખૂબ જ ઝડપથી આગળ ધપાવવામાં આવી રહી છે. ખાસ કરીને સાબરમતી ટોલનાકાથી ડી-માર્ટની સામેના રસ્તા પરથી પસાર થઈને નરેન્દ્ર મોદી સ્ટેડિયમ તરફ જતા આશરે એક કિલોમીટર લાંબા મુખ્ય માર્ગને હાલના ૧૮ મીટરથી વધારીને વિશાળ ૬૧ મીટર પહોળો કરવાનો મહત્વકાંક્ષી પ્લાન તૈયાર કરાયો છે. આ રોડને આટલો પહોળો કરવા માટે રસ્તાની સત્તાવાર હદમાં આવતાં તમામ પ્રકારના રહેણાંક અને કોમર્શિયલ બાંધકામોને દૂર કરવાની કામગીરી હાથ ધરાઈ છે. આ માર્ગના વિસ્તરણની સીધી અસર હેઠળ રહેણાંક અને વેપારી મળીને કુલ ૧૬૫થી પણ વધુ મિલકતો આવી ગઈ હતી. કોર્પોરેશનના પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા આ અંગે અસરગ્રસ્ત મિલકતધારકોને અગાઉથી જ કાયદેસરની નોટિસો



આપી દેવામાં આવી હતી. અગાઉના તબક્કામાં રસ્તામાં નડતરરૂપ ૬૬ જેટલી કોમર્શિયલ મિલકતો દૂર કરાઈ હતી, જ્યારે આ તબક્કામાં આશરે ૭૬ જેટલાં રહેણાંક મકાનો તોડી પાડવામાં આવ્યા છે.

ડિમોલિશનની આ કડક કામગીરી શરૂ થતા પહેલા મોટાભાગના સ્થાનિક રહેવાસીઓએ પોતાના મકાનો સ્વૈચ્છિક રીતે ખાલી કરી દીધાં હતાં, પરંતુ કેટલાક લોકોએ છેલ્લી ઘડીએ ડિમોલિશનની ટીમ પહોંચી ત્યારે ઘર ખાલી કર્યા હતા, જેના કારણે તેમનો ઘરવખરીનો સામાન અને સરસામાન રસ્તાના ફૂટપાથ પર મૂકવાની નોબત આવી હતી. તંત્ર અને કોર્પોરેશન દ્વારા તમામ અસરગ્રસ્ત પરિવારોને વૈકલ્પિક મકાનો ફાળવવાની ખાતરી આપવામાં આવી છે અને જ્યાં સુધી આ નવી વ્યવસ્થા ન થાય ત્યાં સુધી તેમને કામચલાઉ ધોરણે રહેવા માટે ભાડાના ચેક વિતરિત કરવામાં આવ્યા છે. એસ્ટેટ વિભાગના જણાવ્યા મુજબ પોતાના કાયદેસરના રહેઠાણના જરૂરી પુરાવા રજૂ કરનારા ૬૬ જેટલા અસરગ્રસ્તોએ ભાડાના ચેક સ્વીકારી લીધા છે, જ્યારે જરૂરી કાગળો કે પુરાવા રજૂ ન કરી શકનારા લોકોને હાલ પૂરતા વૈકલ્પિક મકાનો ફાળવવામાં આવ્યા નથી. આ રોડ વિસ્તરણ યોજનાની ઝેડમાં મુખ્યત્વે બળદેવ નગર, શંકરજીની ચાલી, નિરાંત નગર અને આનંદનગર વિસ્તારમાં આવેલા મકાનો આવ્યા છે.

આ સાથે જ શહેરના પૂર્વ ઝોનમાં આવેલા ગોમતીપુર વોર્ડમાં પણ એસ્ટેટ વિભાગ દ્વારા ટ્રાફિકની મુશ્કેલીઓ નિવારવા માટે ખાસ દબાણ હટાવો ઝુંબેશ ચલાવવામાં આવી હતી. ગોમતીપુર દરવાજાથી શરૂ કરીને ડાયમંડ ફ્રાય સેન્ટર થઈ ઉષા સિનેમા રોડ અને કૂકડા સર્કલ સુધીના રસ્તા પર, તેમજ તુલસીપાર્ક પોલીસ ચોકીથી ઝૂલતા મિનારા થઈ ગોમતીપુર ઢાળ સુધીના સમગ્ર ટીપી રોડ પર ચુસ્ત બંદોબસ્ત સાથે દબાણો હટાવવામાં આવ્યા હતા. આ મોટો કાફલો લઈને પહોંચેલી એસ્ટેટ વિભાગની ટીમ સાથે દબાણ ગાડીઓ, જેસીબી મશીનો અને એન્ફોર્સમેન્ટ સ્ક્વોડનો મોટો સ્ટાફ જોડાયો હતો. આ અભિયાન દરમિયાન રસ્તા પર ઉભા કરાયેલા ગેરકાયદે બાંધકામો, કામચલાઉ સ્ટ્રક્ચર્સ અને માર્ગ અવરોધતી અનેક સામગ્રીઓને જપ્ત કરીને રસ્તો ખુલ્લો કરાવવામાં આવ્યો હતો.

ગોમતીપુરમાં કરાયેલી આ કડક કાર્યવાહી દરમિયાન ૧૪ ગેરકાયદેસર દુકાનો, ૨૩ કોમર્શિયલ શેડ, એક રહેણાંક બાંધકામ, ૧૨ પક્કા ઓટલા, સાત ફેરિયાઓની લારીઓ, લાકડાના ૧૬ મોટા બોક્સ, ૧૭ વેપારી બોર્ડ-બેનર અને ૪૫ જેટલો અન્ય પરચૂરણ માલસામાન જપ્ત કરી લેવામાં આવ્યો હતો. આ ઉપરાંત રસ્તા પર ગેરકાયદેસર રીતે દબાણ કરવા બદલ અને તંત્રની કામગીરીમાં અવરોધ ઊભો કરવા બદલ સંબંધિત લોકો પાસેથી વહીવટી ચાર્જ પેટે કુલ ૧૦ હજાર રૂપિયાની દંડકીય રકમ પણ સ્થળ પર જ વસૂલવામાં આવી હતી.

અમદાવાદના જગતપુરમાં બાંધકામ સાઈટે વીજ કરંટથી 15 વર્ષના સગીર શ્રમિકનું મોત, પોલીસમાં ફરિયાદ

અમદાવાદ, તા.14

અમદાવાદના જગતપુર વિસ્તારમાં આવેલી એક બાંધકામ સાઈટ પર 11 ઓક્ટોબરના રોજ કોન્ટ્રાક્ટર અને બિલ્ડરની બેદરકારીના કારણે 15 વર્ષીય સચિન નામના સગીર શ્રમિકનું વીજ કરંટ લાગવાથી કરુણ મોત નીપજ્યું હોવાનું પોલીસ ચોપડે નોંધાયું છે.



સાઈટ પર કોઈપણ પ્રકારના સુરક્ષાના અભાવે અને પાણી વચ્ચે ખુલ્લા મુકાયેલા જોખમી વીજ વાયરોના કારણે સર્જાયેલી આ દુર્ઘટના અંગે મૃતકના મોટા ભાઈ મીસમ ગરાસીયાએ મુખ્ય કોન્ટ્રાક્ટર, સુપરવાઈઝર અને જવાબદાર બિલ્ડર વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી કાર્યવાહીની માંગ કરી છે.

ફરિયાદી મીસમ રમેશભાઈ ગરાસીયા અને તેમનો 15 વર્ષીય નાનો ભાઈ સચિન અન્ય શ્રમિકો સાથે 11 ઓક્ટોબરના રોજ જગતપુર ખાતે આવેલી બ્લ્યુ વેલ બાંધકામ સાઈટ પર મજૂરીકામ માટે ગયા હતા. સાઈટના મુખ્ય કોન્ટ્રાક્ટર કાંતીભાઈ મિસ્ત્રી અને સુપરવાઈઝર નાનજીભાઈ સોલંકી દ્વારા સચિનને લોખંડના ઘોડા ઊંચકીને પહોંચાડવાનું કામ સોંપવામાં આવ્યું હતું. બપોરે આશરે સચિન અન્ય એક શ્રમિક સાથે લોખંડનો ઘોડો લઈને જઈ રહ્યો હતો ત્યારે જમીન પર પાણી ભરાયેલું હતું અને ત્યાંથી પસાર થતા મશીનના ખુલ્લા વીજ વાયર પર તેનો પગ પડી ગયો હતો. પાણી અને જોખમી રીતે રખાયેલા વાયરના કારણે સચિનને વીજ કરંટ લાગ્યો હતો અને તે બેભાન અવસ્થામાં જમીન પર પટકાઈ ગયો હતો.

કરંટ લાગવાને કારણે સચિનના બંને પગના પંજાના ભાગે ઈજા થઈ હતી. તેને તાત્કાલિક રીક્ષામાં બેસાડીને નજીકની જેન્સીસ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો. ફરિયાદીનો આક્ષેપ છે કે કોન્ટ્રાક્ટર, સુપરવાઈઝર અને બિલ્ડર દ્વારા શ્રમિકોને સુરક્ષા માટેના કોઈપણ પ્રકારના સેફ્ટી સાધનો આપવામાં આવ્યા ન હતા અને સાઈટ પર ખુલ્લા વીજ વાયરો જોખમી રીતે રાખવામાં આવ્યા હતા. આ બેદરકારીના કારણે જ સચિનનું મૃત્યુ નીપજ્યું હોવાથી જવાબદારો સામે કાયદેસરની તપાસ અને કાર્યવાહી કરવા માટે આ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

વિશ્વના સૌથી મોટા ક્રુડ ઓઈલ હબ રિલાયન્સ પર અમેરિકાની નજર....!

USના વિદેશ મંત્રી જામનગર-મુંબઈની મુલાકાતે આવશે, ઉચ્ચ અધિકારીઓ-બિઝનેસમેન સાથે બેઠક કરશે

વૉશિંગ્ટન, તા.14

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયો આવતા અઠવાડિયે ભારતની સત્તાવાર મુલાકાતે આવશે. આ વખતે ભારત યાત્રા દરમિયાન તેઓ દેશની રાજધાની દિલ્હીને બદલે દેશની આર્થિક રાજધાની મુંબઈ અને વિશ્વની સૌથી મોટી ઓઈલ રિફાઈનરી જ્યાં સ્થાપિત છે તે જામનગરની મુલાકાત લેશે. 17થી 22 ઓક્ટોબર 2026 દરમિયાન તેઓ પહેલાં ઉઝબેકિસ્તાનના સમરકંદ બાદ મુંબઈ અને જામનગરની મુલાકાત લેશે. મુલાકાતનો મુખ્ય હેતુ ઉત્તમ ઊર્જા સહયોગ, દ્વિપક્ષીય વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત કરવા અને વ્યાવસાયિક તકોનો વિસ્તાર કરવાનો છે.

ભારતની બીજી સત્તાવાર મુલાકાત દરમિયાન વિદેશ મંત્રી સરકારી ઉચ્ચ અધિકારીઓ સાથે મુલાકાત કરશે. બેઠકોમાં અમેરિકા-ભારત વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત કરવા, પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરવા અને ઊર્જા સહયોગની શક્યતાઓ પર વિગતવાર ચર્ચા થવાની અપેક્ષા છે. આ ઉપરાંત રૂબિયો વેપારી નેતાઓને પણ મળશે. વિદેશ વિભાગે જણાવ્યું કે, તેઓ વેપારી રોકાણ અને આર્થિક સહયોગની નવી તકોને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

નોંધનીય છે કે, આ મુલાકાત 18ઓક્ટોબરની એ સમયમર્યાદાની આસપાસ થઈ રહી છે, જે અંતર્ગત ગ્રેહામ એક્ટ હેઠળ રશિયન ઊર્જા ખરીદતા દેશો પર ડ્યુટી (કર) લાદવાની જોગવાઈ છે. ભારત 2022થી રશિયન ક્રૂડ ઓઈલના સૌથી મોટા ખરીદદારોમાં સામેલ રહ્યું છે અને આ મુદ્દો વૉશિંગ્ટન સાથે લાંબા સમયથી તણાવનું કારણ બન્યો છે.

જામનગરના ખાવડીમાં વિશ્વની સૌથી મોટી ઓઈલ રિફાઈનરી, એટલે કે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ આવેલી છે. અમેરિકાના વિદેશ વિભાગે જામનગરની પસંદગીનું કારણ હજુ સ્પષ્ટ કર્યું નથી, પરંતુ મુલાકાતમાં ઊર્જા સહયોગ પર ભાર મૂકવામાં આવી રહ્યો હોવાથી આ સ્થળ મહત્ત્વપૂર્ણ બની જાય છે.

ઈન્ડિયા ટુડેના અહેવાલ મુજબ, બ્લૂમબર્ગ ફોરમમાં વાતચીત દરમિયાન ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકરે જણાવ્યું હતું કે, 'મને લાગે છે કે આ મામલો હવે



કોઈ પરિણામ તરફ આગળ વધી રહ્યો છે. અમેરિકા પોતાના સ્થાનિક ઉદ્યોગોને ફરીથી બેઠા કરવાનો પ્રયાસ કરી રહ્યું છે અને આ માટે તે અન્ય દેશો માટે પોતાના બજાર સુધી પહોંચવાની શરતોમાં સતત ફેરફાર કરી રહ્યું છે.'

જયશંકરે વધુમાં ઉમેર્યું કે, 'તાજેતરના દિવસોમાં અમેરિકાએ પોતાનું વલણ બદલ્યું છે. તમામ દેશોએ અમેરિકા સાથેના પોતાના સંબંધોની નવેસરથી ગણતરી કરવાની જરૂર છે અને તેનાથી આ સંબંધોને ફરીથી નવા સ્તરે નક્કી કરવાની જરૂરિયાત ઊભી થઈ છે.'

માર્કો રુબિયોએ તેમની અગાઉની ભારત મુલાકાત દરમિયાન વેપાર, ઊર્જા, સંરક્ષણ, દરિયાઈ સુરક્ષા અને પ્રાદેશિક વિકાસ જેવા મુદ્દાઓ પર પીએમ નરેન્દ્ર મોદી અને એસ. જયશંકર સાથે મુલાકાત કરી હતી. 24 મેના રોજ જયશંકર સાથે થયેલી બેઠકમાં રુબિયોએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે બંને દેશો એક ટકાઉ વેપાર કરાર સુધી પહોંચી શકે છે. તેમણે કહ્યું હતું કે, વાતચીતમાં ઘણી પ્રગતિ થઈ છે અને અમેરિકાને પણ આશા છે કે એવો કરાર થઈ શકશે જે બંને પક્ષો માટે ફાયદાકારક હોય.

બીજી તરફ, એસ. જયશંકરે વચગાળાના વેપાર કરારને (ઈન્ટરિમ ટ્રેડ એગ્રીમેન્ટ) વહેલામાં વહેલી તકે પૂર્ણ કરવાની વાત કહી હતી. મે મહિનામાં મળેલી બેઠકમાં ઊર્જાના સ્ત્રોતોમાં વિવિધતા લાવવા, પરમાણુ સહયોગ, મહત્વપૂર્ણ ખનિજો (ક્રિટિકલ મિનરલ્સ), ટેકનોલોજી અને ભારતીય મુસાફરોના વિઝા સંબંધિત પડકારો પર ચર્ચા થઈ હતી. આ વખતની બેઠકમાં અગાઉની બેઠકના નિર્ણયોની સમીક્ષા (રિવ્યૂ) થવાની પણ શક્યતા છે.

ભારત આવતા પહેલા રૂબિયો સમરકંદમાં C5+1 (મધ્ય એશિયાના 5 દેશ + 1 USA) મંત્રીસ્તરીય બેઠકમાં ભાગ લેશે. આ મંચ અમેરિકા અને મધ્ય એશિયાના પાંચ દેશો- કઝાકિસ્તાન, કિરગિઝ પ્રજાસત્તાક, તાજિકિસ્તાન, તુર્કમેનિસ્તાન અને ઉઝબેકિસ્તાન- ને એકસાથે લાવે છે. ત્યાં તેઓ આ દેશોના વરિષ્ઠ અધિકારીઓ સાથે દ્વિપક્ષીય બેઠકો કરશે. વિદેશ વિભાગના જણાવ્યા અનુસાર, આ ઐતિહાસિક મુલાકાતમાં રૂબિયો 200થી વધુ વેપારી નેતાઓ ધરાવતા અમેરિકી વાણિજ્યિક પ્રતિનિધિમંડળ (કોમર્સિઅલ ડેલિગેશન)નું નેતૃત્વ કરશે. તેનો હેતુ અમેરિકા અને મધ્ય એશિયા વચ્ચે મજબૂત વેપારી સહયોગનો નવો અધ્યાય શરૂ કરવાનો છે.

પૂર્વ બાંગ્લાદેશી સલાહકાર યુનુસને લોકોએ આતંકવાદી કહ્યા: ન્યૂયોર્ક એરપોર્ટ પર ઘેરાવ

ન્યૂયોર્ક, તા.14

બાંગ્લાદેશના પૂર્વ ચીફ એડવાઈઝર મહંમદ યુનુસને અમેરિકાના ન્યૂયોર્ક એરપોર્ટ પર વિરોધનો સામનો કરવો પડ્યો. એરપોર્ટ પર હાજર કેટલાક લોકોએ તેમને ઘેરી લીધા અને 'આતંકવાદી' કહ્યા.

લોકોએ તેમના પર બાંગ્લાદેશમાં હત્યાઓ કરાવવાનો અને લોકશાહીને બરબાદ કરવાનો આરોપ લગાવ્યો. તેમણે યુનુસને કહ્યું કે તમે અહીં શા માટે આવ્યા છો, પાછા જાઓ.

ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં કેટલાક લોકો યુનુસ વિરુદ્ધ નારા લગાવતા અને તેમને સવાલો પૂછતા જોવા મળી રહ્યા છે. પરિસ્થિતિને જોતા યુનુસ અને તેમની સહયોગી લામિયા મોરશેદને એરપોર્ટની અંદર પાછા લઈ જવામાં આવ્યા.

પ્રદર્શનકારીઓએ યુનુસ પર હજારો પોલીસકર્મીઓના મૃત્યુ માટે જવાબદાર હોવાનો આરોપ લગાવ્યો. તેમણે એવો દાવો પણ કર્યો કે બાંગ્લાદેશમાં આશરે 2 લાખ લોકોની ધરપકડ કરવામાં આવી છે. વિરોધ કરનારાઓની ઓળખ થઈ નથી.

બાંગ્લાદેશની એક મીડિયા સંસ્થાએ તેમને પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાની પાર્ટી અવામી લીગના સમર્થક ગણાવ્યા છે.

બાંગ્લાદેશના વડાપ્રધાન તારિક



રહેમાનના સલાહકાર જાહેદ ઉર રહેમાને મંગળવારે જણાવ્યું કે ન્યૂયોર્ક એરપોર્ટ પર મોહમ્મદ યુનુસને ઘેરનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવશે. તેમણે આ ઘટનાને 'અવામી લીગનો આતંક' ગણાવ્યો.

જાહેદે વિદેશમાં રહેતા અવામી લીગના સભ્યોને ચેતવણી આપી કે જો તેમણે આવી હરકત કરી, તો તેમને પણ કાર્યવાહીનો સામનો કરવો પડશે. જોકે, તેમણે એ જણાવ્યું નથી કે યુનુસનો વિરોધ કરનારાઓ સામે કયા કાયદા હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.

શેખ હસીનાની સરકારના પતન બાદ 8 ઑગસ્ટ 2024ના રોજ મોહમ્મદ યુનુસે વચગાળાની સરકારની કમાન સંભાળી હતી. તેમના કાર્યકાળ દરમિયાન બાંગ્લાદેશમાં હિંસા અટકી નહોતી. હિન્દુઓ અને તેમના ધાર્મિક સ્થળો પર હુમલા થયા, લોકોની ધરપકડ કરવામાં આવી અને કસ્ટડીમાં મોતના મામલા સામે આવ્યા.

અવામી લીગે આરોપ લગાવ્યો કે યુનુસ સરકારે તેના નેતાઓ અને સમર્થકોને નિશાન બનાવ્યા. માનવાધિકાર સંગઠનોએ પણ હિંસા અને કસ્ટડીમાં કથિત દુર્વ્યવહારના મામલાઓમાં જવાબદારી નક્કી કરવાની માંગ કરી હતી.

ઑગસ્ટ 2024માં શેખ હસીનાની સરકાર પડ્યા બાદ યુનુસે વચગાળાની સરકારનું નેતૃત્વ કર્યું. તેમની સરકાર લગભગ દોઢ વર્ષ સુધી સત્તામાં રહી.

2025માં બાંગ્લાદેશની એક વિશેષ ટ્રિબ્યુનલએ શેખ હસીનાની ગેરહાજરીમાં કેસ ચલાવીને તેમને મૃત્યુદંડની સજા સંભળાવી. યુનુસની સરકારે અવામી લીગ પર પ્રતિબંધ મૂક્યો અને ભારત પાસેથી હસીનાને બાંગ્લાદેશ મોકલવાની માગ કરી.

OpenAI ઓફિસમાં જાસૂસી કરવાનો પ્રયાસ કરનારની ધરપકડ: ટીવી પાછળ રેકોર્ડર લગાવ્યું હતું

સાન ફ્રાન્સિસ્કો, તા.14

અમેરિકાની AI કંપની OpenAIની સાન ફ્રાન્સિસ્કો સ્થિત ઓફિસમાં જાસૂસી કરવાનો પ્રયાસ સામે આવ્યો છે. કંપનીના એક કર્મચારી પર અધિકારીઓની ગુપ્ત વાતચીત રેકોર્ડ કરવા માટે કોન્ફરન્સ રૂમમાં ટીવીની પાછળ રેકોર્ડિંગ ડિવાઈસ છુપાવવાનો આરોપ છે.


કંપનીએ પોતાના AI મોડલની મદદથી આરોપીની ઓળખ કરી, ત્યારબાદ FBIએ સાઉદી નાગરિક અબ્દુલરહમાન અલફોઝાનની 9 ઓક્ટોબરે ધરપકડ કરી લીધી.

OpenAI અનુસાર, 30 સપ્ટેમ્બરે કંપનીના કર્મચારીઓને સુરક્ષા તપાસ દરમિયાન આ ડિવાઈસ મળ્યું હતું. તેને ટીવીની પાછળના USB પોર્ટમાં લગાવવામાં આવ્યું હતું. ડિવાઈસ છુપાવવા માટે ટોયલેટ પેપરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ડિવાઈસમાં માઈક્રોફોન, કેમેરા સેન્સર અને ડેટા સ્ટોર કરવા માટે માઈક્રો SD કાર્ડ હતું. કંપની અનુસાર, તેને 28 સપ્ટેમ્બરની આસપાસ લગાવવામાં આવ્યું હતું. ડિવાઈસમાં રેકોર્ડિંગ લૉક હતું, તેથી તપાસકર્તાઓ તેને સાંભળી શક્યા નહોતા.

અમેરિકન તપાસકર્તાઓનો આરોપ છે કે અલફોઝાને ડિવાઈસ લગાવવાની તૈયારી પહેલેથી કરી રાખી હતી. તેણે કંપનીના મીટિંગ રૂમ, અધિકારીઓના આવવા-જવાના સમય અને અન્ય કંપનીઓ સાથે યોજાનારી બેઠકો વિશે માહિતી એકઠી કરી હતી.

તપાસકર્તાઓ અનુસાર, 24થી



30 સપ્ટેમ્બરની વચ્ચે તેણે પોતાની પત્નીના AI ચેટબોટ અકાઉન્ટ પર અનેક સવાલો પૂછ્યા હતા. તેમાં ડિવાઈસ કેવી રીતે બનાવવું, તેને ક્યાં અને કેવી રીતે લગાવવું, તેનાથી અવાજ રેકોર્ડ થઈ રહ્યો છે કે નહીં, તેને કેવી રીતે છુપાવવું અને દૂરથી તેનો ઉપયોગ કેવી રીતે કરવો જેવા સવાલો સામેલ હતા.

જે મીટિંગ રૂમમાં ડિવાઈસ લગાવવામાં આવ્યું હતું, ત્યાં OpenAIના અધિકારીઓ ગોપનીય બાબતો પર ચર્ચા કરતા હતા.

ફરિયાદ મુજબ, CCTV ફૂટેજમાં અલફોઝાન અનેક તારીખોએ આ રૂમની આસપાસ જોવા મળ્યો હતો. જ્યારે તેને ત્યાં જવા કે તે બેઠકોમાં સામેલ થવાની મંજૂરી નહોતી. તપાસકર્તાઓના જણાવ્યા મુજબ, 5 ઑક્ટોબરે CCTV ફૂટેજમાં અલફોઝાન કૉન્ફરન્સ રૂમમાં જઈને ટીવીની પાછળ જોતો જોવા મળ્યો હતો. તે જ દિવસે તેણે બીજા એક રૂમમાં પોતાની બેગ છોડી હતી.

OpenAIના સુરક્ષા કર્મચારીઓએ બેગની તપાસ કરતાં તેમાં અલફોઝાનનું વૉલેટ, ઓળખપત્ર અને પહેલાં મળેલા ડિવાઈસ જેવું જ બીજું એન્ક્રિપ્ટેડ રેકોર્ડિંગ ડિવાઈસ મળ્યું.

આરોપ છે કે બાદમાં અલફોઝાને પોતાની બેગ પાછી લીધી અને ફરિયાદ કરી કે તેનો કેટલોક સામાન ગુમ છે. જોકે, તેણે બીજા રેકોર્ડિંગ ડિવાઈસનો ઉલ્લેખ કર્યો નહોતો.

35 વર્ષીય અલ્ફોઝાન સાઉદી અરેબિયાના નાગરિક છે અને તેમને અમેરિકામાં કાયમી વસવાટ કરવાની પરવાનગી છે. તેઓ જુલાઈ 2025માં OpenAI સાથે જોડાયા હતા.

9 ઓક્ટોબરે ધરપકડ થયા બાદ મંગળવારે અલ્ફોઝાનને પ્રથમ વખત ફેડરલ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા.

અમેરિકાના ન્યાય વિભાગના જણાવ્યા અનુસાર, દોષ સાબિત થાય તો તેમને 5 વર્ષ સુધીની જેલ, 2.5 લાખ ડોલર (લગભગ 2.3 કરોડ રૂપિયા) સુધીનો દંડ અને ત્રણ વર્ષ સુધી દેખરેખ હેઠળ રહેવાની સજા થઈ શકે છે.

OpenAIએ કહ્યું કે હાલમાં તેને એવો કોઈ પુરાવો મળ્યો નથી, જેનાથી જાણવા મળે કે અલ્ફોઝાને કંપનીના AI મોડલના મૂળ ડેટા, સોર્સ કોડ અથવા ગ્રાહકોની માહિતી સુધી ગેરકાયદેસર રીતે પહોંચ બનાવી હતી અથવા તેને બહાર મોકલી હતી. ઘટનાના પગલે કંપનીએ તેમને નોકરીમાંથી કાઢી મૂક્યા. અલ્ફોઝાન વેન્ચર કેપિટલ ફર્મ રાએદ વેન્ચર્સમાં પણ વેન્ચર પાર્ટનર છે. કંપનીની વેબસાઈટ મુજબ, OpenAIમાં તેઓ એન્જિનિયરિંગ લીડ હતા અને AI એજન્ટ્સ તથા ડેટા પ્લેટફોર્મ પર કામ કરતા હતા.

ઈઝરાયલ હૂતી બળવાખોરો સામે શા માટે લડવા માગે છે

અમેરિકાના માધ્યમથી નેતન્યાહૂએ મદદનો મેસેજ મોકલ્યો, સાઉદીએ ઇનકાર કર્યો

તેલ અવિવ/ રિયાદ, તા.14

ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ સાઉદી અરેબિયા પાસેથી હૂતી બળવાખોરો વિરુદ્ધના સૈન્ય અભિયાનમાં ઈઝરાયલને સામેલ કરવાની મંજૂરી માંગી છે.

ઈઝરાયલી અખબાર હારેત્ઝના એક અહેવાલ મુજબ, નેતન્યાહૂએ અમેરિકાની મધ્યસ્થી દ્વારા સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન સમક્ષ આ પ્રસ્તાવ મૂક્યો હતો.

જોકે, સાઉદી ક્રાઉન પ્રિન્સે આ પ્રસ્તાવનો વિરોધ કર્યો છે. તેમને ભય છે કે ઈઝરાયલી સેનાની ભાગીદારીથી સાઉદી અરેબિયામાં લોકોનો અસંતોષ વધી શકે છે.

પરંતુ ઈઝરાયલ આખરે આ સૈન્ય અભિયાનમાં જોડાવા કેમ માંગે છે હકીકતમાં તેના મુખ્યત્વે 3 કારણો છે.

સાઉદી અરેબિયા યમનમાં સક્રિય હૂતી બળવાખોરો વિરુદ્ધ સૈન્ય અભિયાન ચલાવી રહ્યું છે. અહેવાલ મુજબ, ઈઝરાયલને આશા હતી કે સાઉદી અરેબિયા સાથેના સૈન્ય સહયોગથી બંને અમેરિકન સહયોગી દેશોના સંબંધો મજબૂત થશે.

ઈઝરાયલને એવી પણ આશા હતી કે તેનાથી ભવિષ્યમાં બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધો સામાન્ય કરવાની સમજૂતી થઈ શકે છે.

ઈરાન અને હૂતી બળવાખોરો વચ્ચે લાંબા સમયથી સંબંધો છે. સાઉદી અરેબિયા અને અમેરિકાનો આરોપ છે કે ઈરાન હૂતીઓને હથિયારો, તાલીમ અને તકનીકી મદદ આપે છે.

આના કારણે હૂતી ડ્રોન અને મિસાઈલોથી હુમલા કરવામાં સક્ષમ બન્યા છે. આ જ કારણસર હૂતી ઈઝરાયલ અને પ્રદેશના અનેક દેશો માટે મોટો સુરક્ષા ખતરો બની ચૂક્યા છે.

હૂતીઓએ પ્રાદેશિક દરિયાઈ વેપાર અને જહાજોને અસર કરતા હુમલા કર્યા છે. ઈરાન સાથે ચાલી રહેલા તણાવ વચ્ચે તેમણે ઈઝરાયલને પણ નિશાન બનાવ્યું છે. આથી ઈઝરાયલ આ સૈન્ય અભિયાનમાં સામેલ થઈને હૂતીઓને નબળા બનાવવા માગે છે. હૂતીઓની ગતિવિધિઓથી સાઉદી અરેબિયાને પણ ખતરો રહ્યો છે. સાઉદી અરેબિયા લાંબા સમયથી પોતાની દક્ષિણ સરહદ નજીક હૂતીઓને સુરક્ષા પડકાર માને છે. ઈઝરાયલ સાઉદીની મદદ કરીને ક્ષેત્રની એક મોટી આરબ શક્તિ સાથે સૈન્ય સમન્વય પણ વધારી શકે છે.

જોકે, તેનાથી રિયાધ સામે રાજકીય જોખમો પણ છે. સાઉદી અરેબિયા સાથે જોડાયેલા સૈન્ય અભિયાનોમાં ઈઝરાયલી સેનાની ભાગીદારીનો દેશની અંદર અને સમગ્ર આરબ જગતમાં વિરોધ થઈ શકે છે. આ વિરોધ ખાસ કરીને ત્યારે વધી શકે છે, જ્યારે પેલેસ્ટિની મુદ્દો હજુ પણ ઉકેલાયો નથી.

સાઉદી અરેબિયા અને ઈઝરાયલ વચ્ચે ઔપચારિક રાજદ્વારી સંબંધો નથી. જોકે બંને ઈરાન વિરુદ્ધ એકસરખું વલણ




અપનાવે છે. અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ પણ ઘણી વાર સાઉદીને ઈઝરાયલ સાથે સંબંધો સ્થાપિત કરવાની અપીલ કરી ચૂક્યા છે. આ માટે અમેરિકાએ અબ્રાહમ કરાર પણ આગળ ધર્યો છે. અબ્રાહમ કરાર હેઠળ ઈઝરાયલે 2020માં અનેક આરબ દેશો સાથે સંબંધો સામાન્ય કર્યા હતા.

સાઉદી અરેબિયાનું કહેવું છે કે ઈઝરાયલ સાથે સંબંધો સામાન્ય કરવાનો નિર્ણય પેલેસ્ટિનિયન મુદ્દે થયેલી પ્રગતિ સાથે જોડાયેલો હોવો જોઈએ. તેમાં પેલેસ્ટિનિયન રાજ્યની સ્થાપનાનો પણ સમાવેશ થાય છે. પરંતુ નેતન્યાહૂ પેલેસ્ટિનિયન રાજ્યની સ્થાપનાનો વિરોધ કરતા રહ્યા છે. યમનમાં હૂતીઓએ 2014માં રાજધાની સના પર કબજો કરી લીધો હતો. ત્યારબાદ 2015માં સાઉદી અરેબિયાએ ઘણા દેશો સાથે મળીને તેમની વિરુદ્ધ સૈન્ય અભિયાન શરૂ કર્યું. સાઉદી અરેબિયા ઈચ્છતું હતું કે યમનની આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત સરકાર ફરીથી સત્તામાં આવે અને હૂતીઓનો કબજો સમાપ્ત થાય. ત્યારબાદ ઘણા વર્ષો સુધી યમનમાં હવાઈ હુમલા થતા રહ્યા. પરંતુ હૂતીઓને સંપૂર્ણપણે પાછળ ધકેલવામાં સાઉદી ગઠબંધન સફળ થઈ શક્યું નહીં. હૂતીઓ હજુ પણ યમનના મોટા ભાગમાં પોતાની પકડ જાળવી રાખી છે. તેમની લડાઈની અસર હવે સાઉદી અરેબિયાની સુરક્ષા પર પણ પડી રહી છે. આથી ઈઝરાયલ આ સૈન્ય અભિયાનમાં સામેલ થઈને હૂતીઓને નબળા બનાવવા માગે છે. હૂતીઓની ગતિવિધિઓથી સાઉદી અરેબિયાને પણ ખતરો રહ્યો છે. સાઉદી અરેબિયા લાંબા સમયથી પોતાની દક્ષિણ સરહદ નજીક હૂતીઓને સુરક્ષા પડકાર માને છે. ઈઝરાયલ સાઉદીની મદદ કરીને ક્ષેત્રની એક મોટી આરબ શક્તિ સાથે સૈન્ય સમન્વય પણ વધારી શકે છે. જોકે, તેનાથી રિયાધ સામે રાજકીય જોખમો પણ છે. સાઉદી અરેબિયા સાથે જોડાયેલા સૈન્ય અભિયાનોમાં ઈઝરાયલી સેનાની ભાગીદારીનો દેશની અંદર અને સમગ્ર આરબ જગતમાં વિરોધ થઈ શકે છે. આ વિરોધ ખાસ કરીને ત્યારે વધી શકે છે, જ્યારે પેલેસ્ટિની મુદ્દો હજુ પણ ઉકેલાયો નથી. સાઉદી અરેબિયા અને ઈઝરાયલ વચ્ચે ઔપચારિક રાજદ્વારી સંબંધો નથી. જોકે બંને ઈરાન વિરુદ્ધ એકસરખું વલણ અપનાવે છે. અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ પણ ઘણી વાર સાઉદીને ઈઝરાયલ સાથે સંબંધો સ્થાપિત કરવાની અપીલ કરી ચૂક્યા છે. આ માટે અમેરિકાએ અબ્રાહમ કરાર પણ આગળ ધર્યો છે. અબ્રાહમ કરાર હેઠળ ઈઝરાયલે 2020માં અનેક આરબ દેશો સાથે સંબંધો સામાન્ય કર્યા હતા. સાઉદી અરેબિયાનું કહેવું છે કે ઈઝરાયલ સાથે સંબંધો સામાન્ય કરવાનો નિર્ણય પેલેસ્ટિનિયન મુદ્દે થયેલી પ્રગતિ સાથે જોડાયેલો હોવો જોઈએ. તેમાં પેલેસ્ટિનિયન રાજ્યની સ્થાપનાનો પણ સમાવેશ થાય છે. પરંતુ નેતન્યાહૂ પેલેસ્ટિનિયન રાજ્યની સ્થાપનાનો વિરોધ કરતા રહ્યા છે. યમનમાં હૂતીઓએ 2014માં રાજધાની સના પર કબજો કરી લીધો હતો. ત્યારબાદ 2015માં સાઉદી અરેબિયાએ ઘણા દેશો સાથે મળીને તેમની વિરુદ્ધ સૈન્ય અભિયાન શરૂ કર્યું. સાઉદી અરેબિયા ઈચ્છતું હતું કે યમનની આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત સરકાર ફરીથી સત્તામાં આવે અને હૂતીઓનો કબજો સમાપ્ત થાય.

શેખ હસીનાએ કહ્યું- BRICS સમિટમાં સામેલ ન થવાથી બાંગ્લાદેશને નુકસાન: સંબંધો સુધારવાની તક ગુમાવી, ભારતે આમંત્રણ આપ્યું હતું, પરંતુ PM રહેમાન આવ્યા નહીં

ઢાકા/નવી દિલ્હી, તા.14

બાંગ્લાદેશના પૂર્વ પીએમ શેખ હસીનાએ કહ્યું કે વડાપ્રધાન તારિક રહેમાનના BRICS સમિટમાં સામેલ ન થવાને કારણે બાંગ્લાદેશને નુકસાન થયું. હસીનાએ PTIને આપેલા ઈન્ટરવ્યુમાં બુધવારે કહ્યું કે રહેમાનના નિર્ણયને કારણે બાંગ્લાદેશે ભારત સાથેના સંબંધો સુધારવાની તક પણ ગુમાવી દીધી. 12-13 સપ્ટેમ્બરે નવી દિલ્હીમાં BRICS સમિટ યોજાઈ હતી. ભારતે રહેમાનને સમિટમાં આવવાનું આમંત્રણ આપ્યું હતું, પરંતુ તેઓ આવ્યા નહોતા. હસીનાએ કહ્યું કે જો તેમના ભારતમાં રહેવાના કારણે તારિક રહેમાન ભારત આવ્યા ન હોય, તો તે દુઃખની વાત છે. બે દેશોના સંબંધો કોઈ એક વ્યક્તિ અથવા રાજકીય મતભેદોના આધારે નક્કી થવા જોઈએ નહીં. હસીનાએ કહ્યું કે BRICS માત્ર નેતાઓની બેઠક નથી. તેમાં દુનિયાની મોટી અર્થવ્યવસ્થાઓ સામેલ થાય છે. સમિટમાં સામેલ થઈને બાંગ્લાદેશ અન્ય દેશો પાસેથી શીખી શક્યું હોત. પરંતુ સરકારે આ તક ગુમાવી દીધી. તેમણે કહ્યું કે એક જવાબદાર સરકારે દેશ માટે અન્ય દેશો સાથે વાતચીત કરવા અને આગળ વધવાના નવા રસ્તા ખોલવા જોઈએ, તેમને બંધ નહીં કરવા જોઈએ. હસીનાએ 1979માં બાંગ્લાદેશના તત્કાલીન રાષ્ટ્રપતિ અને તારિક રહમાનના પિતા જિયાઉર રહમાનના ભારત પ્રવાસનો ઉલ્લેખ કર્યો. તેમણે જણાવ્યું કે તે સમયે તેઓ દિલ્હીમાં રહેતા હતા. હસીનાના જણાવ્યા અનુસાર, 1980માં જ્યારે જિયાઉર રહમાન લંડન ગયા, ત્યારે પણ તેઓ ત્યાં જ હતા. તેમ છતાં તેમની હાજરીએ જિયાઉર રહમાનના પ્રવાસમાં કોઈ અડચણ ઊભી કરી નહોતી. હસીનાએ કહ્યું કે 15 ઓગસ્ટ 1975ના રોજ તેમના




પિતા અને બાંગ્લાદેશના સ્થાપક શેખ મુજીબુર રહમાન સહિત પરિવારના અનેક સભ્યોની હત્યા કરવામાં આવી હતી. ત્યારબાદ 3 નવેમ્બરે ઢાકાની સેન્ટ્રલ જેલમાં ચાર મોટા નેતાઓની પણ હત્યા કરવામાં આવી હતી. હસીનાએ જિયાઉર રહેમાન પર ખોટી રીતે સત્તામાં આવવાનો આરોપ લગાવ્યો. હસીનાએ દાવો કર્યો કે બાંગ્લાદેશ હાલમાં મોટા સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. તેમણે આરોપ લગાવ્યો કે દેશમાં લોકશાહી નબળી પડી છે અને વિરોધ પક્ષોને પોતાની વાત રજૂ કરવાની તકો મળી રહી નથી. રાજકીય વિરોધીઓને નિશાન બનાવવા માટે ન્યાયતંત્રનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. મીડિયાની સ્વતંત્રતા ઘટી છે અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ કથળી છે. લઘુમતીઓ પોતાને અસુરક્ષિત અનુભવી રહ્યા છે અને કટ્ટરપંથી તાકાતોને ફરીથી વધવાની તક મળી છે. હસીનાએ બાંગ્લાદેશ પરત ફરવાની કોઈ તારીખ જણાવી નથી. પરંતુ તેમણે કહ્યું કે તેઓ દેશમાં પરત ફરીને લોકશાહી પુનઃસ્થાપિત કરવાની લડતમાં જોડાવા માંગે છે. તેમણે કહ્યું કે બાંગ્લાદેશના લોકોને સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણીમાં પોતાની પસંદગીની સરકાર ચૂંટવાની તક મળવી જોઈએ. હસીનાના જણાવ્યા અનુસાર, તેમનું પરત ફરવું આ દિશામાં એક મહત્વપૂર્ણ પગલું હશે. ઈન્ટરવ્યૂ દરમિયાન હસીનાએ સ્વીકાર્યું કે બાંગ્લાદેશ પરત ફરવું તેમના માટે જોખમી બની શકે છે. ત્યાંની અદાલતે તેમને મૃત્યુદંડની સજા સંભળાવી છે. તેમ છતાં તેમણે કહ્યું કે તેઓ ડરીને પીછેહઠ નહીં કરે. તેમણે 1975માં તેમના પિતા શેખ મુજીબુર રહેમાન, માતા, ભાઈઓ અને પરિવારના અનેક સભ્યોની હત્યાનો ઉલ્લેખ કર્યો. હસીનાએ કહ્યું કે 1981માં સૈન્ય શાસન અને ધમકીઓ છતાં તેઓ બાંગ્લાદેશ પરત ફર્યા હતા. તેમણે 21 ઓગસ્ટ 2004ના રોજ થયેલા ગ્રેનેડ હુમલા અને પોતાના પર થયેલા અન્ય હુમલાઓનો પણ ઉલ્લેખ કર્યો. હસીનાએ કહ્યું કે તેમને જેલ અને રાજકીય દમનનો પણ સામનો કરવો પડ્યો છે. તેમણે કહ્યું કે આજે તેમની સૌથી મોટી ચિંતા પોતાની સુરક્ષા નહીં, પરંતુ બાંગ્લાદેશમાં ન્યાય વ્યવસ્થાની સ્થિતિ છે. તેમણે મૃત્યુદંડને રાજકીય બદલો લેવાની કાર્યવાહી ગણાવી. તેમનું કહેવું છે કે કોઈ વ્યક્તિને પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપ્યા વિના સજા સંભળાવવી એ ન્યાય નથી.

પોપ લિયોને લંગ કેન્સર: રોમની હોસ્પિટલમાં સર્જરી થઈ, જમણા ફેફસાનો આખો નીચેનો ભાગ કાઢવામાં આવ્યો

રોમ, તા.14

પોપ લિયો XIVને ફેફસાંનું કેન્સર હોવાનું પુષ્ટિ થઈ છે. વેટિકને મેડિકલ બુલેટિનમાં આ માહિતી આપી છે. 71 વર્ષીય પોપની મંગળવારે રોમની અગોસ્ટિનો જેમેલી હોસ્પિટલમાં 90 મિનિટ સુધી સર્જરી કરવામાં આવી. તપાસમાં ફેફસાંની ગ્રંથિની કોષોમાંથી વિકસતા કેન્સરની પુષ્ટિ થઈ. વેટિકનના જણાવ્યા અનુસાર, સર્જરી સફળ રહી અને તેમાં કોઈ મુશ્કેલી થઈ નથી. પોપ લગભગ એક અઠવાડિયા સુધી હોસ્પિટલમાં રહીને સ્વાસ્થ્યલાભ મેળવશે.

વેટિકને જણાવ્યું કે સર્જરી બાદ પોપ સામાન્ય રીતે હોશમાં આવ્યા. થોડો સમય દેખરેખ હેઠળ રાખ્યા બાદ તેમને તેમના રૂમમાં મોકલી દેવામાં આવ્યા. પોપ લિયો XIVએ રવિવારે પોતાની સર્જરી વિશે માહિતી આપી હતી. તેમણે રોમમાં સેન્ટ પીટર્સ સ્ક્વેરની સામે આવેલી બાલ્કનીમાંથી લોકોને સંબોધિત કર્યા હતા. આ સંબોધન પરંપરાગત એન્જેલસ પ્રાર્થના બાદ થયું હતું.



પોપે જણાવ્યું હતું કે તેમના ફેફસાની ગાંઠ સીમિત છે અને શરૂઆતના તબક્કામાં જ તેની જાણ થઈ ગઈ હતી. આ છતાં ડૉક્ટરોએ તેમને ગાંઠ દૂર કરવા માટે સર્જરી કરાવવાની સલાહ આપી હતી. સર્જરી દરમિયાન તેને દૂર કર્યા બાદ કેન્સર હોવાનું જાણવા મળ્યું. પોપને તેમના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને બેડ રેસ્ટની સલાહ આપવામાં આવી છે. તેમના જાહેર કાર્યક્રમો પણ 20 ઑક્ટોબર સુધી રદ કરવામાં આવ્યા છે.

ટોક્યોના કાર્ડિનલ તાર્સિસિયો ઈસાઓ કિકુચીએ જણાવ્યું કે તેમણે સોમવારે પોપ સાથે મુલાકાત કરી હતી. તેમના જણાવ્યા મુજબ, ગાંઠ હોવાનું જાણવા મળ્યા છતાં પોપ શારીરિક રીતે સ્વસ્થ અનુભવી રહ્યા હતા. કિકુચીએ કહ્યું કે પોપે શક્ય તેટલી વહેલી તકે સર્જરી કરાવવાનો નિર્ણય લીધો. તેમણે નવેમ્બરની શરૂઆતમાં લેટિન અમેરિકાની યાત્રા પર જવાનું હતું. પોપ કેથોલિક ખ્રિસ્તી ધર્મના સૌથી મોટા ધર્મગુરુ હોય છે. તેમને સમગ્ર વિશ્વના કેથોલિક ખ્રિસ્તીઓના આધ્યાત્મિક નેતા માનવામાં આવે છે. જેમ હિંદુ ધર્મમાં શંકરાચાર્ય જેવા મોટા ધાર્મિક ગુરુ હોય છે, તેમ કેથોલિક ખ્રિસ્તી ધર્મમાં પોપનું ખૂબ જ મહત્વનું સ્થાન છે. જોકે, બંનેની ભૂમિકા અને અધિકારો અલગ-અલગ છે. પોપ વેટિકન સિટીમાં રહે છે. આ ઈટાલીની રાજધાની રોમની અંદર આવેલું વિશ્વનું સૌથી નાનું દેશ છે. પોપ કેથોલિક ચર્ચના વડા હોય છે અને વિશ્વભરના ચર્ચો, પાદરીઓ અને બિશપોને માર્ગદર્શન આપે છે. તેઓ ધાર્મિક નિયમો, ખ્રિસ્તી ઉપદેશો અને નૈતિક મુદ્દાઓ પર પોતાના વિચારો વ્યક્ત કરે છે. તેઓ યુદ્ધ, ગરીબી અને શાંતિ જેવા વૈશ્વિક મુદ્દાઓ પર પણ લોકોને અપીલ કરે છે.

તંત્રી લેખ

વિદ્યાર્થી પ્રદર્શનોનો નિવડો લાવવા કિરણ બેદીની ફોર્મ્યુલા

દિલ્હીમાં વારંવાર થઈ રહેલા વિદ્યાર્થીઓ અને યુવાનોના વિરોધ પ્રદર્શનોને કારણે સરકાર અને પોલીસ સામે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવાનો પડકાર સતત વધી રહ્યો છે. વિવિધ મુદ્દાઓને લઈને વિદ્યાર્થીઓ અને યુવાનો રસ્તા પર ઊતરીને વિરોધ નોંધાવી રહ્યા છે. આવા પ્રદર્શનો દરમિયાન પરિસ્થિતિને કાબૂમાં રાખવી, જાહેર વ્યવસ્થા જાળવવી અને પ્રદર્શનકારીઓ સાથે સંયમપૂર્વક વ્યવહાર કરવો સરકાર માટે મુશ્કેલ બની રહ્યો છે. એક તરફ સરકાર અને પોલીસ સામે વિરોધ પ્રદર્શનોને નિયંત્રિત કરવાની જવાબદારી છે, તો બીજી તરફ પ્રદર્શનકારીઓના લોકશાહી અધિકારોનું રક્ષણ કરવાનું પણ એટલું જ મહત્ત્વપૂર્ણ છે. પરિણામે, સરકાર માટે કડકાઈ અને નરમાઈ વચ્ચે સંતુલન જાળવવાનો પ્રશ્ન ઊભો થયો છે. આ સ્થિતિમાં ભૂતપૂર્વ આઈપીએસ અધિકારી કિરણ બેદીએ વિરોધ પ્રદર્શનોને સંભાળવા માટે એક અલગ અભિગમ અપનાવવાનું સૂચન કર્યું છે. વિરોધ પ્રદર્શનો દરમિયાન પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવે તો તેના પર સવાલો ઊભા થઈ શકે છે અને મામલો ન્યાયિક તપાસ સુધી પહોંચવાની શક્યતા રહે છે. ખાસ કરીને વિદ્યાર્થીઓ અને યુવાનોના પ્રદર્શનો દરમિયાન પોલીસની કાર્યવાહી, બળપ્રયોગ અને પ્રદર્શનકારીઓ સાથેના વ્યવહારને લઈને જાહેર ચર્ચા થતી હોય છે. બીજી તરફ, જો પોલીસ અને પ્રશાસન નરમ વલણ અપનાવે અને પ્રદર્શનકારીઓની ભીડને નિયંત્રિત કરવામાં મુશ્કેલી પડે તો સરકારની કામગીરી સામે પણ સવાલો ઊભા થાય છે. આવી પરિસ્થિતિમાં સરકાર માટે વિરોધ પ્રદર્શનોને શાંતિપૂર્ણ રીતે સંભાળવાની સાથે કાયદો અને વ્યવસ્થા જાળવવી મોટો પડકાર બની છે. કિરણ બેદીએ આ જ સમસ્યાના ઉકેલ માટે સિવિલ ડિફેન્સ વોલિયેન્ટર્સ (સીડીવી)નો ઉપયોગ કરવાની સલાહ આપી છે. કિરણ બેદીના સૂચન પ્રમાણે, વિરોધ પ્રદર્શનો દરમિયાન સિવિલ ડિફેન્સ વોલિયેન્ટર્સને સૌથી આગળની હરોળમાં રાખવા જોઈએ, જ્યારે પરિસ્થિતિને કાબૂમાં રાખવા માટે તહેનાત પોલીસ દળને તેમની સુરક્ષા માટે પાછળ રાખવું જોઈએ. આ વ્યવસ્થા દ્વારા વિરોધ પ્રદર્શનો દરમિયાન પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે સીધો સામનો થવાની સ્થિતિને ટાળી શકાય અને પરિસ્થિતિને વધુ વ્યવસ્થિત રીતે સંભાળવાનો પ્રયાસ થઈ શકે છે. સામાન્ય રીતે મોટા વિરોધ પ્રદર્શનો દરમિયાન પોલીસને ભીડને નિયંત્રિત કરવા, રસ્તાઓ પર અવરજવર જાળવવા અને કોઈ અનિચ્છનીય ઘટના ન બને તેની તકેદારી રાખવા માટે તહેનાત કરવામાં આવે છે. જોકે, જ્યારે પ્રદર્શનકારીઓની સંખ્યા વધી જાય અને વાતાવરણ તંગ બને ત્યારે પોલીસ માટે પરિસ્થિતિ સંભાળવી વધુ મુશ્કેલ બની શકે છે. આવા સંજોગોમાં સિવિલ ડિફેન્સ વોલિયેન્ટર્સને પ્રથમ હરોળમાં રાખવાનો વિચાર કિરણ બેદીએ રજૂ કર્યો છે. કિરણ બેદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોતાના વિચારો રજૂ કરતાં જણાવ્યું છે કે સિવિલ ડિફેન્સ વોલિયેન્ટર્સ બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બીએસએફ)ની માફક પ્રથમ સુરક્ષા પંક્તિમાં રહીને કામગીરી કરી શકે છે. તેમના સૂચનમાં વોલિયેન્ટર્સને આગળ રાખવા અને પોલીસને તેમની સુરક્ષા માટે પાછળ તહેનાત કરવાની વાત પર ભાર મૂકવામાં આવ્યો છે. જોકે, કિરણ બેદીએ આ સાથે એક મહત્ત્વપૂર્ણ બાબત પણ જણાવી છે કે સિવિલ ડિફેન્સ વોલિયેન્ટર્સ પાસે લાકડીઓ હોવી જોઈએ નહીં. આ સૂચનનો હેતુ પ્રથમ હરોળમાં રહેલા વોલિયેન્ટર્સને હથિયારસજ્જ દળ તરીકે નહીં, પરંતુ વિરોધ પ્રદર્શનો દરમિયાન પરિસ્થિતિ સંભાળવામાં મદદરૂપ થતી વ્યવસ્થા તરીકે જોવાનો હોવાનું જણાય છે. વિરોધ પ્રદર્શનો દરમિયાન પોલીસની હાજરી અને કાર્યવાહી ઘણી વખત પરિસ્થિતિને વધુ સંવેદનશીલ બનાવી શકે છે. ખાસ કરીને જ્યારે વિદ્યાર્થીઓ અને યુવાનો મોટી સંખ્યામાં એકત્ર થાય ત્યારે પોલીસની કાર્યવાહી અંગે તાત્કાલિક પ્રતિક્રિયાઓ જોવા મળી શકે છે. આવી સ્થિતિમાં પ્રશાસન માટે ભીડ સાથે સંવાદ જાળવવો, લોકોને શાંતિ જાળવવા સમજાવવા અને કોઈ અપ્રિય ઘટના બને નહીં તેની તકેદારી રાખવી જરૂરી બને છે.

ડિસેમ્બર ૨૦૨૫ના અંતમાં શરૂ થયેલા વિરોધ પ્રદર્શનો જાન્યુઆરી ૨૦૨૬માં ઉગ્ર બનતાં સ્થાનિક સરકારે પરંપરાગત ઇન્ટરનેટ સેવાઓ બંધ કરી દીધી હતી. ૨૦૨૬ની શરૂઆતમાં ઈરાનમાં સ્મગલિંગ મારફતે પહોંચેલા આશરે ૫૦,૦૦૦ સ્ટારલિંક ટર્મિનલ્સ ઉપયોગમાં લેવાઈ રહ્યા હતા. ત્યારપછી પ્રદર્શનકારીઓ માટે સ્ટારલિંક બહારની દુનિયા સાથે સંપર્ક સાધવાનું મુખ્ય માધ્યમ બની ગયું : દાણચોરો દ્વારા સ્ટારલિંકનો ઉપયોગ કરવાની ઘટના પણ ભારતમાં બનેલી જ છે

સ્ટારલિંક : ઈન્ટરનેટ કરતા ડેટા અને સુરક્ષા વધારે મહત્ત્વના

ભારત ઈચ્છે ત્યારે ઈન્ટરનેટ નેટવર્ક કાબુ કરી શકે કે નહીં અથવા તો નાગરિકોના ડેટા સુરક્ષિત છે કે નહીં તેની ખાતરી વગર મસ્કને લીલી ઝંડી ન અપાય



ડિસેમ્બર ૨૦૨૫ના અંતમાં શરૂ થયેલા વિરોધ પ્રદર્શનો જાન્યુઆરી ૨૦૨૬માં ઉગ્ર બનતાં સ્થાનિક સરકારે પરંપરાગત ઈન્ટરનેટ સેવાઓ બંધ કરી દીધી હતી. ૨૦૨૬ની શરૂઆતમાં ઈરાનમાં સ્મગલિંગ મારફતે પહોંચેલા આશરે ૫૦,૦૦૦ સ્ટારલિંક ટર્મિનલ્સ ઉપયોગમાં લેવાઈ રહ્યા હતા. ત્યારપછી પ્રદર્શનકારીઓ માટે સ્ટારલિંક બહારની દુનિયા સાથે સંપર્ક સાધવાનું મુખ્ય માધ્યમ બની ગયું : દાણચોરો દ્વારા સ્ટારલિંકનો ઉપયોગ કરવાની ઘટના પણ ભારતમાં બનેલી જ છે. બે વર્ષ પહેલાં આંદામાન નિકોબાર ખાતે દાણચોરો સ્ટારલિંકના ઉપકરણોનો ઉપયોગ કરતા હોવાની અધિકારીઓને જાણ થઈ હતી. ભારતે આ વિશે કંપની પાસે રિપોર્ટ માગ્યો તો કંપનીએ નકારી દીધું હતું. તેણે આંતરરાષ્ટ્રીય કાયદાની વાતો કરી હતી

વિશ્વના સૌથી ધનિક ઉદ્યોગપતિઓમાં સ્થાન ધરાવતા એલોન મસ્કની કંપની સ્પેસએક્સની સેટેલાઇટ ઈન્ટરનેટ સેવા સ્ટારલિંક મુદ્દે ભારતમાં ઘણો વિવાદ થયો છે. ખાસ કરીને ભારતની સુરક્ષા સાથે જોડાયેલા ઘણા ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. ભારતમાં છેવાડાના વિસ્તારો સુધી હાઈ-સ્પીડ ઈન્ટરનેટ પહોંચાડવાની ક્ષમતા ધરાવતી આ ટેકનોલોજી કુદરતી આપત્તિઓ દરમિયાન સંચાર વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવામાં મદદરૂપ થઈ શકે છે તેવો દાવો છે પણ તેની સાથે કેટલાક મહત્ત્વના સવાલો પણ જોડાયેલા છે. શું રાષ્ટ્રીય સુરક્ષા મુદ્દે તેના પર આંખ મીંચીને વિશ્વાસ કરી શકાય? શું જરૂર પડયે ભારત સરકાર તેના ઈન્ટરનેટ નેટવર્કને પોતાની શરતો મુજબ બંધ કે ચાલુ કરાવી શકશે? શું તેનાથી ભારતીય યુઝર્સનો સંવેદનશીલ ડેટા સંપૂર્ણપણે દેશના નિયંત્રણમાં રહી શકશે? આ એવા સવાલો છે જેને અવગણીને કોઈપણ સુવિધા શરૂ કરવાને મહત્ત્વ આપી શકાય નહીં. તાજેતરમાં જાણકારોએ પણ આ જ સવાલોના અનુસંધાનમાં ચેતવણી આપી છે કે સ્ટારલિંક પર વધુ પડતી નિર્ભરતા ભારતની રાષ્ટ્રીય સુરક્ષા અને વ્યૂહાત્મક સ્વતંત્રતા માટે જોખમ ઊભું કરી શકે તાજેતરમાં રજૂ થયેલા અહેવાલોમાં એવો તર્ક છે કે ભારતે સેટેલાઇટ ઈન્ટરનેટ સેવાઓ માટે કડક નિયમો તો બનાવ્યા છે, પરંતુ આ નિયમો છતાં નેટવર્કના સંચાલન પર આખરી નિયંત્રણ સ્પેસએક્સ પાસે જ રહે છે. ભારત માટે આ જ સૌથી મોટી ચિંતા છે.

સ્ટારલિંક પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષા એટલે કે લો અર્થ ઓર્બિટ (LEO) માં રહેલા ઉપગ્રહોના નેટવર્ક દ્વારા ઈન્ટરનેટ પૂરું પાડે છે. પરંપરાગત સેટેલાઇટ ઈન્ટરનેટ સેવાઓની સરખામણીમાં આ ટેકનોલોજી લો લેટન્સી અને હાઈ-સ્પીડ ઈન્ટરનેટ કનેક્ટિવિટી આપવા માટે વિકસાવવામાં આવી છે. તેની મદદથી એવા દુર્ગમ વિસ્તારોમાં પણ ઈન્ટરનેટ પહોંચાડી શકાય છે જ્યાં મોબાઈલ નેટવર્ક કે ફાઈબર બ્રોડબેન્ડ ઉપલબ્ધ કરાવવું મુશ્કેલ અને ખર્ચાળ છે. એક અહેવાલ અનુસાર, એપ્રિલ ૨૦૨૬ના આંકડા મુજબ સ્ટારલિંકના નેટવર્કમાં ૧૦,૦૦૦ થી વધુ સક્રિય ઉપગ્રહો કાર્યરત હતા. તે સમયે આ સંખ્યા પૃથ્વીની ભ્રમણકક્ષામાં રહેલા કુલ સક્રિય ઉપગ્રહોના લગભગ બે તૃતીયાંશ ભાગ જેટલી હતી. કંપની ભવિષ્યમાં પોતાના નેટવર્કને ૪૨,૦૦૦ ઉપગ્રહો સુધી વિસ્તારવાની યોજના પણ ધરાવે છે. ઉલ્લેખનીય છે કે, ભારત માટે આ ટેકનોલોજીનું આકર્ષણ સ્પષ્ટ છે. દુર્ગમ પહાડી વિસ્તારો, સરહદી ક્ષેત્રો અને કુદરતી આપત્તિથી પ્રભાવિત સ્થળોએ તે સંચારનું વૈકલ્પિક માધ્યમ બની શકે છે. પરંતુ કોઈ વિદેશી કંપનીની ટેકનોલોજી પર નિર્ભરતા વધવાની સાથે એ સુનિશ્ચિત કરવું પણ જરૂરી છે કે જરૂર પડયે ભારત પોતાના સુરક્ષા હિતો અનુસાર તેના ઉપયોગને નિયંત્રિત કરી શકે. મહત્ત્વની બાબત એ છે કે, સરકાર સુરક્ષાના કારણોસર કોઈ વિસ્તારમાં ઈન્ટરનેટ બંધ કરવા માંગે, છતાં ત્યાં સ્ટારલિંકની સેવા ચાલુ રહી જાય. આ ઉપરાંત ભારતને કોઈ કટોકટી, યુદ્ધ કે કુદરતી હોનારત દરમિયાન સંચારની સૌથી વધુ જરૂર હોય અને કંપની પોતાના સ્તરે સેવા બંધ કરી દે અથવા તેની ઉપલબ્ધતા મર્યાદિત કરી નાખે. આ ચિંતા માત્ર સામાન્ય ઈન્ટરનેટ કનેક્શન પૂરતી સીમિત નથી. જો સેના, સુરક્ષા એજન્સીઓ કે આપત્તિ વ્યવસ્થાપન તંત્ર કોઈ મહત્ત્વપૂર્ણ કામગીરી માટે એક જ વિદેશી નેટવર્ક પર અતિશય નિર્ભર થઈ જાય, તો તે નેટવર્કમાં આવતો અવરોધ સમગ્ર કામગીરીને ખોરવી શકે છે. ખાસ વાત એ છે કે, ભારત સરકાર પાસે લાયસન્સ રદ કરવા જેવા નિયમનકારી વિકલ્પો ચોક્કસ છે, પરંતુ તેનાથી એ સુનિશ્ચિત નથી કરી શકાતું કે કંપની કટોકટીના સમયે સેવા ચાલુ જ રાખશે. તેવી જ રીતે, નિયમો હોવા છતાં કોઈ નેટવર્કને પ્રત્યેક પરિસ્થિતિમાં તાત્કાલિક બંધ કરાવી દેવું પણ સરળ નથી.

ભારતે સતર્ક રહેવાની એટલા માટે જરૂર છે, કારણ કે સ્ટારલિંકનો ઈતિહાસ વિવાદાસ્પદ છે. સ્ટારલિંક અંગે અહેવાલની સૌથી મોટી ચિંતાઓમાંની એક યુક્રેન યુદ્ધ સાથે જોડાયેલી છે. ફેબ્રુઆરી ૨૦૨૨માં રશિયાના આક્રમણ બાદ યુક્રેનમાં સ્ટારલિંકની સેવાઓ શરૂ કરવામાં આવી હતી. ધીમે ધીમે આ નેટવર્ક યુક્રેનિયન સરકાર અને સેનાના સંચાર માટે અત્યંત મહત્ત્વપૂર્ણ બની ગયું. એલોન મસ્કે ઘણી વખત જીઓ-ફેન્સિંગ દ્વારા યુક્રેનમાં સ્ટારલિંકની ઉપલબ્ધતા મર્યાદિત કરી હતી. જીઓ-ફેન્સિંગ એક એવી ટેકનીક છે, જેની મદદથી ચોક્કસ ભૌગોલિક વિસ્તારમાં સેવાને ચાલુ કે બંધ કરી શકાય છે. અહેવાલ મુજબ, ક્રિમિયા નજીક સ્ટારલિંક સેવા ચાલુ કરવાની યુક્રેનની લશ્કરી વિનંતીને પણ મસ્કે ફગાવી દીધી હતી. માર્ચ ૨૦૨૫માં મસ્કે સોશિયલ મીડિયા પર દાવો કર્યો હતો કે યુક્રેનિયન સેનાનો સંચાર મોટા પાયે સ્ટારલિંક પર નિર્ભર છે અને જો સેવા બંધ થઈ જાય તો મોરચા પર ગંભીર અસર પડી શકે છે. જાણકારોના મતે ભારત સાથે પણ આવું થઈ જ શકે છે. અત્યાધુનિક ટેકનોલોજી ઉપલબ્ધ હોવા છતાં તેના ઉપયોગની આખરી શરતો સર્વિસ પ્રોવાઈડર કંપનીના હાથમાં જ રહે છે. જો કોઈ દેશની સેના કે સરકાર ખાનગી વિદેશી કંપનીના નેટવર્ક પર અતિશય નિર્ભર થઈ જાય, તો તે કંપનીના નિર્ણયો વ્યૂહાત્મક મહત્ત્વ ધારણ કરી લે છે. ભારતના સંદર્ભમાં ચિંતાની બાબત એ છે કે યુદ્ધ કે સરહદી તણાવ દરમિયાન સંચારનું નિયંત્રણ કોઈ બાહ્ય કંપનીના હાથમાં હોવું સુરક્ષા જોખમ પેદા કરી શકે છે.


બીજી તરફ ઈરાનની સ્થિતિ પણ વિચિત્ર થઈ હતી. સ્ટારલિંકના કારણે અહીંયા જુદી સમસ્યા જોવા મળી હતી. અહેવાલ મુજબ, ૨૦૨૬ની શરૂઆતમાં ઈરાનમાં સ્મગલિંગ મારફતે પહોંચેલા આશરે ૫૦,૦૦૦ સ્ટારલિંક ટર્મિનલ્સ ઉપયોગમાં લેવાઈ રહ્યા હતા. ડિસેમ્બર ૨૦૨૫ના અંતમાં શરૂ થયેલા વિરોધ પ્રદર્શનો જાન્યુઆરી ૨૦૨૬માં ઉગ્ર બનતાં સ્થાનિક સરકારે પરંપરાગત ઈન્ટરનેટ સેવાઓ બંધ કરી દીધી હતી. ત્યારપછી પ્રદર્શનકારીઓ માટે સ્ટારલિંક બહારની દુનિયા સાથે સંપર્ક સાધવાનું મુખ્ય માધ્યમ બની ગયું. અહેવાલ અનુસાર, ઈરાની સત્તાવાળાઓએ યૂંજી સિગ્નલ અને સેટેલાઇટ સંચારમાં વપરાતા ણે અને ણચ બેન્ડને જામ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ પ્રયાસોથી અમુક વિસ્તારોમાં કામચલાઉ વિક્ષેપ જરૂર પડયો, પરંતુ સેવાને સંપૂર્ણપણે નિષ્ક્રિય કરવી અતિ મુશ્કેલ રહી. ઈરાને આ અંગે આંતરરાષ્ટ્રીય સ્તરે ફરિયાદ કરી છતાં કોઈ નક્કર પરિણામ મળ્યું નહોતું. ભારતે તેથી જ આવા જોખમો અંગે વધુ ગંભીરતાથી વિચાર કરવાની વધારે જરૂર છે.

ભારતમાં સ્ટારલિંક સંબંધિત સુરક્ષા પ્રશ્નો માત્ર ભવિષ્યની આશંકાઓ પૂરતા સીમિત નથી. અહેવાલમાં ડિસેમ્બર ૨૦૨૪ની એ ઘટનાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જ્યારે મણિપુરમાં સુરક્ષા દળોને એક ઉગ્રવાદી જૂથ પાસેથી સ્ટારલિંક ઉપકરણ મળી આવ્યું હતું. આ ઘટના બાદ એલોન મસ્કે સોશિયલ મીડિયા પર સ્પષ્ટતા કરી હતી કે ભારત પર સ્ટારલિંકના સેટેલાઇટ બીમ બંધ છે. પરંતુ અહેવાલ મુજબ, સરહદ નજીક જીઓ-ફેન્સિંગ વ્યવસ્થાની મર્યાદાઓને કારણે કેટલાક વિસ્તારોમાં ઉપકરણ કામ કરવાની સંભાવના નકારી શકાય નહીં. અહેવાલ આ ઘટનાને ભૌગોલિક પ્રતિબંધોની અસરકારકતા સાથે જોડાયેલી ગંભીર ચિંતા તરીકે જુએ છે. સરહદી વિસ્તારોમાં આ પ્રશ્ન વધુ મહત્ત્વનો બની જાય છે, કારણ કે ત્યાં સંચારનો ઉપયોગ સામાન્ય નાગરિકોની સાથે સાથે દાણચોરો, ઉગ્રવાદીઓ કે ગેરકાયદે પ્રવૃત્તિઓમાં સામેલ તત્ત્વો પણ કરી શકે છે. આવી સ્થિતિમાં સરકારને એ બાબતે પૂર્ણ ભરોસો હોવો જોઈએ કે સેવાની ઉપલબ્ધતા અને તેના ઉપયોગ પર લાદવામાં આવેલા સુરક્ષા પ્રતિબંધો સંપૂર્ણપણે અસરકારક છે. દાણચોરો દ્વારા સ્ટારલિંકનો ઉપયોગ કરવાની ઘટના પણ ભારતમાં બનેલી જ છે. બે વર્ષ પહેલાં આંદામાન નિકોબાર ખાતે દાણચોરો સ્ટારલિંકના ઉપકરણોનો ઉપયોગ કરતા હોવાની અધિકારીઓને જાણ થઈ હતી. ભારતે આ વિશે કંપની પાસે રિપોર્ટ માગ્યો તો કંપનીએ નકારી દીધું હતું. તેણે આંતરરાષ્ટ્રીય કાયદાની વાતો કરી હતી. હવે જો આવી માહિતી મેળવવા માટે વિદેશી કાનૂની પ્રક્રિયાઓ પર નિર્ભર રહેવું પડે, તો તપાસમાં વિલંબ થઈ શકે છે. જોકે, કંપની ડેટા શેર કરવાનો ઈનકાર કરે તેનો અર્થ એ નથી કે તે ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સંકળાયેલ છે.

સ્ટારલિંક સાથે જોડાયેલું બીજું મોટું જોખમ યુઝર્સના ડેટાની સુરક્ષા છે. અહેવાલ અનુસાર, સેટેલાઇટ ઈન્ટરનેટ સેવા દ્વારા કંપનીને યુઝર્સના લોકેશન, ઈન્ટરનેટ પ્રોટોકોલ (IP) એડ્રેસ અને સંચાર સંબંધિત અમુક સંવેદનશીલ વિગતો સુધી પહોંચ મળી શકે છે. તાજેતરમાં જારી થયેલા અહેવાલોમાં ગ્લોબલ પ્રાઇવસી પોલિસીનો ખાસ ઉલ્લેખ છે. અહેવાલ મુજબ, આ નવી નીતિમાં ગ્રાહકોના ડેટાનો ઉપયોગ મશીન લર્નિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) મોડલ્સને તાલીમ આપવા માટે કરવાની મંજૂરી આપવામાં આવી છે. તેમાં લોકેશન વિગતો, IP એડ્રેસ અને કંપની દ્વારા 'કમ્યુનિકેશન ઈન્ફર્મેશન' તરીકે વર્ગીકૃત કરાયેલી ઓડિયો, ઈલેક્ટ્રોનિક કે વિઝ્યુઅલ માહિતીનો સમાવેશ થાય છે. અહેવાલ એ પણ દર્શાવે છે કે આ ડેટા AI પ્રશિક્ષણ માટે અજ્ઞાત થર્ડ પાર્ટી સાથે શેર કરી શકાય છે અને યુઝર્સને બાય-ડિફોલ્ટ આ ડેટા-શેરિંગમાં સામેલ રાખવામાં આવ્યા છે. આ ફેરફાર એટલા માટે વધુ મહત્ત્વપૂર્ણ છે કારણ કે સ્પેસએક્સનો પોતાનો AI વ્યવસાય પણ છે. અહેવાલ અનુસાર, ફેબ્રુઆરી ૨૦૨૬માં સ્પેસએક્સ અને એલોન મસ્કના AI સાહસ 'xAI' ના વિલીનીકરણની જાહેરાત થઈ હતી. ટAI સીધું ગ્રોક ચેટબોટ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X સાથે જોડાયેલું છે. જાણકારોનો તર્ક છે કે સેટેલાઇટ ઈન્ટરનેટથી પ્રાપ્ત સંચાર ડેટાનો AI ટ્રેનિંગમાં ઉપયોગ અને ત્રીજા પક્ષો સાથે તેનું સંભવિત આદાનપ્રદાન ડેટા પ્રાઇવસીને લઈને નવા પડકારો ઊભા કરે છે.

નવલાં નોરતાની રમઝટ, પાંચમું નોરતું : માઁ સ્કંદમાતા - વાત્સલ્યની પ્રથમ પાઠશાળા

જેની ગોદમાં ખુદ યુદ્ધના દેવતા સુરક્ષિત છે,તે માઁની ગોદમાંઆખું જગત સુરક્ષિત છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

દુનિયામાં શક્તિના અનેક રૂપ છે. કોઈ કહે પૈસો સૌથી મોટી શક્તિ છે, કોઈ કહે હથિયાર સૌથી મોટી શક્તિ છે, કોઈ કહે બુદ્ધિ સૌથી મોટી શક્તિ છે.પણ આપણા શાસ્ત્રો કહે છે-ના.સૌથી મોટી શક્તિ છે.એક માઁ ની મમતા.એક સિંહણ જ્યારે પોતાના બચ્ચા સાથે હોય ત્યારે તે સૌથી વધુ ખતરનાક હોય છે. એક સાધારણ સ્ત્રી પણ જ્યારે માં બને છે, ત્યારે તેનામાં એવી શક્તિ આવી જાય છે કે તે આખી દુનિયા સાથે લડી શકે છે. કારણ કે હવે તે એકલી નથી, તેની ગોદમાં તેનું ભવિષ્ય છે. નવરાત્રીના પાંચમા દિવસે આપણે આ જ સૌથી મોટી શક્તિની પૂજા કરીએ છીએ.તેનું નામ છે માઁ સ્કંદ માતા. સ્કંદ એટલે કાર્તિકેય, ભગવાન શિવ અને પાર્વતીના મોટા પુત્ર, દેવતાઓના સેનાપતિ, યુદ્ધના દેવતા. અને જે સ્કંદની માઁ છે, તે સ્કંદમાતા. આજના દિવસે માઁ પાર્વતી પોતાના પુત્રને ખોળામાં લઈને બેસે છે. અને આ દ્રશ્ય જોઈને જ આપણને સમજાય છે કે શક્તિનો સાચો અર્થ શું છે. શક્તિ એટલે મારવું નહીં, શક્તિ એટલે બચાવવું. શક્તિ એટલે તલવાર ઉગામવી નહીં, શક્તિ એટલે બાળકને છાતીએ વળગાડવું.

માઁ સ્કંદમાતાનું સ્વરૂપ અત્યંત કરુણામય છે.તેમને ચાર હાથ છે. બે હાથમાં કમળનું ફૂલ છે, એક હાથમાં તેમણે છ વર્ષના બાળક સ્કંદને -કાર્તિકેયને પોતાના ખોળામાં બેસાડ્યા છે,અને ચોથા હાથથી તે ભક્તોને આશીર્વાદ આપી રહ્યા છે. તેમનો વર્ણ ગોરો છે,શ્વેત કમળ પર બિરાજે છે,તેથી તેમને પદ્માસનાદેવી પણ કહે છે. તેમનું વાહન સિંહ છે.

આ સ્વરૂપમાં બે વિરોધાભાસ એક સાથે છે. એક તરફ ખોળામાં નાનું બાળક, જે કોમળતાનું પ્રતીક છે, અને બીજી તરફ સિંહનું વાહન, જે પરાક્રમનું પ્રતીક છે.'હું અંદરથી ફૂલ જેવી કોમળ છું,પણ જો મારા બાળક સામે કોઈ આંખ ઉઠાવશે તો હું સિંહણ બની જઈશ.'સ્કંદ એટલે શું? સ્કંદનો અર્થ થાય છે છલકાઈ જવું, બહાર આવવું, વિસ્તરવું. જે શક્તિ અંદર એકઠી થયા પછી બહાર નીકળે,જે જ્ઞાન અંદર પાક્યા પછી બહાર વહે, તે સ્કંદ છે.એટલે સ્કંદમાતા એટલે એવી માઁ જે પોતાના જ્ઞાન અને શક્તિને પોતાના બાળકના રૂપમાં બહાર પ્રગટ કરે છે. કચ્છમાં એક કહેવત છે.'માઁ આશા પુરાના ખોળામાં બધા સરખા'. આજે પણ માતાના મઢમાં તમે જશો તો જોશો કે માઁ ની મૂર્તિ સામે નાના-મોટા,ગરીબ-તવંગર, હિન્દુ- મુસલમાન બધા એક જ લાઈનમાં બેસીને પ્રસાદ ખાય છે. કેમ? કારણ કે માઁ ના ખોળામાં બધા બાળક છે.

પાંચમા નોરતાનો સંબંધ સીધો આશાપુરા માઁ સાથે છે. કેવી રીતે?

જાડેજા વંશની કુળદેવી તરીકે માઁ આશાપુરાએ હંમેશા પોતાના બાળકો કચ્છના લોકોને - પોતાના ખોળામાં સાચવ્યા છે. જ્યારે દુષ્કાળ પડ્યો,જ્યારે યુદ્ધ થયું, જ્યારે ભૂકંપ આવ્યો, ત્યારે લોકો બીજે ક્યાંય ન ગયા, માતાના મઢ તરફ ગયા. કારણ કે તેમને ખબર હતી,માઁના ખોળામાં જ સલામતીછે

સ્કંદમાતા કાર્તિકેયને ખોળામાં રાખે છે. કાર્તિકેય કોણ છે? દેવતાઓનો સેનાપતિ, જે તારકાસુર જેવા રાક્ષસને મારે છે.એટલે કે માઁ એવા પુત્રને જન્મ આપે છે જે આખી દુનિયાની રક્ષા કરે.તેમજ માઁ આશા પુરા પણ એવા પુત્રોને જન્મ આપે છે જે કચ્છની રક્ષા કરે. કચ્છના વીર પુરુષો, કચ્છના ખલાસીઓ, કચ્છના વેપારીઓ બધા માઁ આશા પુરાના સ્કંદ છે.તેથી પાંચમા નોરતે જ્યારે કચ્છી લોકો માં આશાપુરાની પૂજા કરે છે, ત્યારે તેઓ માઁ સ્કંદ માતાની જ પૂજા કરે છે -તે માઁ ની, જે પોતાના ખોળામાં આખા કચ્છને લઈને બેઠી છે.યોગશાસ્ત્ર મુજબ, પાંચમા નોરતે મનુષ્યના શરીરમાં વિશુદ્ધિ ચક્ર જાગૃત થાય છે. આ ચક્ર કંઠમાં - ગળામાં હોય છે.

આ ચક્ર શેનું પ્રતીક છે? વાણીનું, સંવાદનું, સંબંધનું.જ્યારે બાળક માઁ ના ખોળામાં હોય છે, ત્યારે તે કઈ ભાષા બોલે છે? કોઈ ભાષા નહીં. તે માત્ર રડે છે, હસે છે, અને માં તેની ભાષા સમજી જાય છે. તે સંબંધ એટલો શુદ્ધ હોય છે કે ત્યાં શબ્દોની જરૂર નથી.પણ જેમ જેમ આપણે મોટા થઈએ છીએ, આપણી વાણી બગડતી જાય છે. આપણે જૂઠું બોલીએ છીએ,કડવું બોલીએ છીએ,બીજા ની નિંદા કરીએ છીએ.આપણું વિશુદ્ધિ ચક્ર બંધ થઈ જાય છે. આપણે બોલીએ છીએ ઘણું, પણ સાંભળીએ છીએ ઓછું. માઁ સ્કંદમાતાની સાધના એટલે ફરી પાછા તે બાળક બનવાની સાધના, જેની વાણી શુદ્ધ છે, જેના સંબંધો શુદ્ધ છે.પુરાણોમાં કહ્યું છે કે માઁ સ્કંદમાતાની પૂજા કરવાથી સ્કંદ- એટલે કે કાર્તિકેયની પૂજા પણ આપોઆપ થઈ જાય છે. અને સ્કંદની પૂજાથી શું મળે છે?

સંતાન સુખ અને સંતાનની રક્ષા:* આ દિવસનું સૌથી મોટું મહાત્મ્ય સંતાન પ્રાપ્તિ માટે છે. જે દંપતિને સંતાન નથી, તેઓ જો પાંચમા નોરતે સાચા દિલથી માં સ્કંદમાતાની પૂજા કરે, તો તેમને સ્કંદ જેવા તેજસ્વી પુત્રની પ્રાપ્તિ થાય છે. અને જેને સંતાન છે, તેમના સંતાનની બધી બાધાઓ દૂર થાય છે. માં પોતાના ખોળામાં બેસાડીને તેની રક્ષા કરે છે. આજે જ્યારે બાળકો મોબાઈલ, ડિપ્રેશન, ખરાબ સંગતમાં ફસાઈ રહ્યા છે, ત્યારે માં સ્કંદમાતા જ તેમને બચાવી શકે. મોક્ષ અને જ્ઞાન:*સ્કંદમાતા એટલે જ્ઞાનની માઁ. તેમની પૂજા કરવાથી મૂર્ખ વ્યક્તિ પણ જ્ઞાની બની જાય છે. કારણ કે માઁ પોતાના બાળકને પહેલા જ્ઞાન જ આપે છે. આ દિવસે વિદ્યાર્થીઓએ ખાસ પૂજા કરવી જોઈએ.

વિશુદ્ધિ અને સંવાદ:* જેમ કહ્યું તેમ, ગળાનું ચક્ર શુદ્ધ થાય છે. તમારી વાણીમાં મીઠાશ આવે છે, લોકો તમારું સાંભળવા લાગે છે. ઘરમાં જે કલહ વાણીના કારણે થાય છે, તે દૂર થાય છે. પતિ-પત્ની, સાસુ-વહુ વચ્ચે સંવાદ સુધરે છે.

ભયથી મુક્તિ:સ્કંદમાતા ભય વિનાશિની છે. જ્યારે માં બાળકને ખોળામાં લે છે, ત્યારે બાળકનો બધો ભય દૂર થઈ જાય છે. તેમ જ, આજના દિવસે માં ના શરણે જનાર ભક્તનો બધો ભય - નોકરીનો, બીમારીનો, ભવિષ્યનો - દૂર થઈ જાય છે. એક બહુ સુંદર વાત કહેવાય છે - સ્કંદમાતાની પૂજા કરનારને બ્રહ્મા, વિષ્ણુ,મહેશ ત્રણેયની કૃપા મળે છે કારણ કે સ્કંદ એ ત્રણેયનો અંશ છે. રંગ અને ભોગ:આજના દિવસનો રંગ પીળો છે. માઁ ને કેળાનો ભોગ અત્યંત પ્રિય છે. કેળા એટલે શું? જે ફળ બાળકોને સૌથી વધુ પ્રિય હોય અને જે પચવામાં સરળ હોય. માં ને કેળા ચડાવો અને પછી તે પ્રસાદ બાળકોને વહેંચો. મંત્ર:' દેવી સ્કંદમાતા ' - આ મંત્રનો ૧૦૮ વાર જાપ કરો. સાથે ' આશાપુરા ' પણ જપો. જો સંતાન માટે પ્રાર્થના કરતા હો તો ' સ્કંદમાતા વિદ્મહી, પદ્માસના ધીમહી ,તન્નો દેવી પ્રચોદયાત્ ' નો જાપ કરો. સૌથી મોટી પૂજા:* આજના દિવસે તમારી પોતાની માં ના ચરણ સ્પર્શ કરો. તેમને ફૂલ આપો. જો તમારી માં દૂર હોય તો ફોન કરીને તેમનો અવાજ સાંભળો. અને જો તમે પોતે માઁ હો તો તમારા બાળકને થોડો વધુ સમય આપો, તેને ખોળામાં લઈને બેસો, મોબાઈલ બાજુમાં મૂકો. આ જ સ્કંદમાતાની સાચી પૂજા છે.

દરેકને સિદ્ધિનાં વરદાન આપતી "મા હરસિદ્ધિ" પાસે સર્વ મંગલનો સંકલ્પ લઈને જઈએ



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

આસો નવરાત્રીમાં મા જગદંબા ને ગીત ગરબા કે રાસથી પ્રસન્ન કરવાની ભક્તો કોશિશ કરે છે! અને રાત રાત ભર ગરબા ગાય છે, નાગરોના ઘરમાં બેઠાં ગરબાની એક અનોખી પ્રથા છે, અને એમાં પણ સૂર લય તાલ થી એકદમ ભક્તિ ભર્યો માહોલ સર્જાય છે. આમ ભક્તની તામસી, રાજસી, અને સાત્વિક શ્રદ્ધાથી શક્તિ ઉપાસનાનાં દિવસો આગળ વધતાં જાય છે, અને મા નવદુર્ગા પર્વત પરથી નીચે અને પછી મંડપમાં આવી આપણી વૃત્તિઓ સાથે રાસ રમી રહી છે, અને વિકારોને દૂર કરી મન માનસમાં બિરાજમાન થઈ છે! એટલે કે એણે આપણને એનાં બાળક તરીકે સ્વીકારી લીધાં છે. માતા જેમ પોતાનાં બાળકનાં ગુણ અવગુણ બધું જ ભૂલી એનું શુભ વાંછે છે, એમ મા જગદંબા પણ આપણું હિત કરવા કૃપા કરી રહી છે, અને જો આપણાં અંતરમાં તાડકાસૂર રુપે રહેલા પ્રમાદનો વધ કરવા કાર્તિકેય રુપે પુરુષાર્થ જન્મે તો સમજવું કે આપણી નિજ ભક્તિ જરૂર પરિણામ લાવશે! અથવા તો પછી પરમાર્થ માટે કોઈ સદવૃત્તિ જન્મે તો પણ અંતરમાં મા પધારી ચૂકી છે એમ માનવું. આજે આસો નવરાત્રીનો પાંચમો દિવસ છે, આજે નવદુર્ગાના સ્કંદમાતા સ્વરૂપની પૂજા અર્ચનાનો દિવસ. ભગવાન શંકર અને પાર્વતીના પુત્ર કાર્તિકેયનું એક નામ સ્કંદ કુમાર છે, એટલે કાર્તિકેયની માતા અથવા સ્કંદની માતા મા સ્કંદમાતા એવો અર્થ થાય. સ્કંદ માતાની ઉપાસનાથી હરેક દિશાઓમાંથી સિદ્ધિની પ્રાપ્તિ થાય છે. તો આપણે પણ આજે હરસિધ્ધિ એટલે કે હર્ષદ માતાની વાત કરીશું, તેનું સ્થાન અને તેના સ્વરૂપ વિશે આવો દર્શન કરીએ માં આગળ જોઈએ. મા હરસિદ્ધિની ઉત્પત્તિ વિષે ત્રણ લોકવાયકાઓ પ્રચલિત છે.

હાલાર અને સોરઠની ધરતીની સરદહ ઉપર આવેલ હરસિધ્ધિમાતાનું તિર્થધામ ભગવાન શ્રી ક્રિષ્ના તથા રાજા વિક્રમાદિત્યના કુળદેવીનું સ્થાનક છે. હાલરના સાગરકાઠાની સૃષ્ટીમાં ગાંધવી ગામની હદમાં મેઢાખાડીના કિનારે હરસિધ્ધિમાતાજીનું મંદિર આવેલ છે. કોયલા ડુંગર ઉપર આવેલ હરસિધ્ધિમાતાનું મંદિર ચાલુકય કાળનું મંદિર છે. આ મંદિરની આરતી અત્યંત અદભૂત છે. લગભગ ૧ કલાક આરતી ચાલે છે, અને સાંભળી ને પણ તમને ખૂબ સારું લાગશે. એવું કહેવાય છે કે માતા હરસિદ્ધિ રોજ આરતી દરમિયાન હાજર રહે છે. ત્યાં હિંડોળા છે, અને જેમ મા આવે છે,એમ હિંડોળા આપોઆપ જુલવા માંડે છે. વાતાવરણ ખુબ જ શાંત છે.

માતા હરસિધ્ધી એટલે કે હર્ષદ માતાનું મંદિર દેવભૂમિ દ્વારકા અને પોરબંદરની વચ્ચે આવેલું છે. ખૂબ જ લાંબો દરિયા કિનારાની જગ્યા, ઉપરાંત કોયલા નામના ડુંગર પર માતા હરસિધ્ધી વિરાજમાન છે. કૌરવ-પાંડવ સમયે ભગવાન શ્રીકૃષ્ણે અસુરો અને જરાસંઘ પર વિજય પ્રાપ્ત કરવા માટે આ દેવીની આરાધના કરી હતી, અને દ્વારકામાં વસ્યા પછી પણ તેઓ હર્ષદ માતાની આરાધના કરતા હતા. આથી જ યાદવોના કુળદેવી તરીકે મા હરસિધ્ધિ જાણીતા છે.

ઉપરાંત એક એવી ઐતિહાસિક માન્યતા કેલોકવાયકા મુજબ, કચ્છના જૈન વેપારી શેઠ જગડુશા વેપારીના વહાણોનો કાફલો દરિયાઈ તોફાનમાં ફસાયો, ત્યારે તેમણે મા હરસિદ્ધિનું સ્મરણ કર્યું હતું,અને માતાએ શેઠની પરીક્ષા કરી હતી કે પુત્ર પરિવારનું બલિદાન આપે તો તારું વહાણ બચાવું, અને શેઠ જગડુશા કબુલ થયા એ સાથે તોફાનમાં ચડેલો કાફલો,અહીં કોયલા ડુંગરના કાંઠે આવી ચડ્યો હતો. માતાની કૃપાથી શેઠ જગડુશાએ આશરે ઈસ.1300 માં હાલના મંદિરનું નિર્માણ કર્યું હતું.

આ ઉપરાંત એક અન્ય પૌરાણિક કથા પણ આ મંદિર સાથે જોડાયેલી છે. એકવાર નવરાત્રીના પવિત્ર તહેવાર દરમિયાન પ્રભાતસેનની સાત પત્નીઓ ગરબા રમતી હતી. તેથી, કોયલા ડુંગરમાંથી જગદંબા માતાજી પણ દાગીના અને સુંદર કપડાં પણ પહેરી નીચે ઉતર્યા હતા, અને એક સુંદર સ્ત્રીનાં રુપે એમણે ત્યાં રાસ ગરબા રમ્યા હતાં. મહેલમાં થતો આ ઉત્સવ જોવા રાજા પ્રભાતસેને આવ્યાં, એમણે આ સુંદર સ્ત્રીને ગરબા રમતાં જોઈ તેમ જ તેને તેની આ જ્યોતિનું આકર્ષણ થયું! તેનામાં દુષ્ટ જુસ્સો આવી ગયો, એટલે કે નિયત ખરાબ થઈ. તેથી મોડી રાત્રે, જ્યારે માતાજીએ ટેકરી પર પાછા જવું શરૂ કર્યું, ત્યારે તેણે તેનું અનુકરણ કરવાનું શરૂ કર્યું. આ જોઈને માતાજી ગુસ્સે થઈ ગયાં અને તેને શ્રાપ આપતાં કહ્યું કે તારે દરરોજ મંદિરમાં જીવંત થાવા માટે આવવું પડશે. તેથી દરરોજ, રાજાને આગ ખાડામાં જીવતા થાવા માટે મંદિરમાં જવું પડ્યું. બીજે દિવસે તેણી તેને જીવંત બનાવશે અને તેને તેના મહેલમાં પાછો મોકલશે. આ દૈનિક શ્રાપ રાજા પ્રભાતસેનના સ્વાસ્થ્ય પર ઘેરી અસર કરતો બની ગયો હતો, અને તે ખૂબ જ નબળા અને પાતળા બન્યા હતા. તે સમય દરમિયાન મહાન રાજા, વીર વિક્રમાદિત્ય જે એમનાં માતૃ પિતરાઇ થાય, એ દ્વારકાના તીર્થયાત્રા પર આવ્યા, અને તેમના મહેમાન બન્યા. તેમના પિતરાઈની સ્થિતિ જોઈને, રાજા વીર વિક્રમાદિત્યએ તબિયત ખરાબ થવાનું કારણ પૂછ્યું, અને તેમને શ્રાપની આ વાર્તા કહેવામાં આવી. તેથી મહાન રાજા વિક્રમાદિત્યએ નિર્ણય લીધો, અને રાજા પ્રભાતસેનની જગ્યા લીધી, અને તેના પિતરાઈના શ્રાપને પૂર્ણ કરવા માટે ગયો. પ્રેમ અને હિંમત બતાવતા માતાજીને ખુશી થઈ, તેથી તેણે તેમને વરદાન આપ્યા. રાજા વિક્રમે બે વરદાન માંગ્યા.

૧. શ્રાપથી તેના પિતરાઈને મુક્ત કરવા અને ૨. તેમના રાજ્ય માલવાણની રાજધાની ઉજ્જૈનના મહેમાન બનવા માટે.

તો આ છે માતા હરસિધ્ધીની ઉત્પત્તિની વાત, તેમજ તેના સ્થાન સાથે જોડાયેલી લોકવાયકા. આપણે એ લોકવાયકા કે દંતકથામાંના જઈએ. માતા આદ્ય શક્તિના રૂપને સ્વરૂપની વાતો નિરાળી છે.કોઈ વાર કઠણ લાગે તો કોઈ વાર કોમળ દેખાય, પરંતુ અંતે તે માતા છે, એટલે સંતાન માટે તે બધું જ કરી છૂટે. સાક્ષાત માતા હરસિધ્ધિ દરેક સંસારીને હરેક સિદ્ધિના સોપાન ચડાવી, અને તેમની મનો કામના પૂર્ણ કરે છે, પણ આપણે છીએ કે એણે જે આપ્યું છે એની તરફ આપણું ધ્યાન ઓછું જાય છે અને આમ તો સિદ્ધિ ની માંગ ને બહાને આપણે ઈચ્છા લઈ એનાં ચરણે જઈએ છીએ! પણ સિદ્ધિ એમનેમ ન મળે એની માટે પુરુષાર્થ કરવો પડે અને એ પણ કાર્તિકેય જેવો સર્વ મંગલ નો! આપણે પણ એ રીતે લોક મંગલનું કાર્ય કરીશું એવો ભરોસો મા હરસિદ્ધને અપાવીએ, જય અંબે.

ગુજરાતમાં 'સરકારી સેવાઓ આપના દ્વારે' અંતર્ગત 'ડાક ચૌપાલ માટે મોબાઇલ થિયેટર વાન અભિયાન'નો અમદાવાદમાં શુભારંભ

નાણાકીય સમાવેશ, ડિજિટલ ઇન્ડિયા અને અંત્યોદયમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે પોસ્ટ વિભાગ, ડાક ચૌપાલ દ્વારા થશે જનસંવાદ

'ડાક સેવા, જન સેવા': મોબાઇલ થિયેટર વાન અને 'ડાક ચૌપાલ' અભિયાન દ્વારા ગામે-ગામ અને જનજન સુધી પહોંચશે ઈન્ડિયા પોસ્ટની સેવાઓ







અમદાવાદ, તા.14

ભારતીય પોસ્ટ વિભાગ દ્વારા ડાક સેવાઓ પ્રત્યે જનજાગૃતિ વધારવા, નાણાકીય સમાવેશને પ્રોત્સાહન આપવા તેમજ વિભાગની વિવિધ નાગરિક કેન્દ્રિત સેવાઓ સામાન્ય જનતા સુધી પહોંચાડવાના હેતુથી 'ડાક ચૌપાલ માટે મોબાઈલ થિયેટર વાન અભિયાન'નો શુભારંભ 14 ઓક્ટોબરના રોજ અમદાવાદની નવરંગપુરા હેડ પોસ્ટ ઓફિસ ખાતે કરવામાં આવ્યો. આ પ્રસંગે અમદાવાદ પશ્ચિમ લોકસભા મતવિસ્તારના સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણાએ ગુજરાત પરિમંડળના મુખ્ય પોસ્ટમાસ્ટર જનરલ શ્રી ગણેશ વી. સાવળેશ્વરકરે તથા ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ સાથે ડાક ચૌપાલનો શુભારંભ કર્યો અને મોબાઈલ થિયેટર વાનને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું. આ પ્રસંગે સુકન્યા સમૃદ્ધિ યોજના, પોસ્ટલ લાઈફ ઈન્શ્યોરન્સ અને ગ્રામીણ પોસ્ટલ લાઈફ ઈન્શ્યોરન્સના લાભાર્થીઓને પાસબુક તથા પૉલિસી બૉન્ડ પણ એનાયત કરવામાં આવ્યાં. કાર્યક્રમમાં ડાક સેવા નિદેશક સુશ્રી અનુવ્રતા દાસ અને અમદાવાદ સિટી મંડળના પ્રવર અધિક્ષક શ્રી શિશિર કુમાર પણ મંચ પર ઉપસ્થિત રહ્યા.

આ પ્રસંગે સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણાએ જણાવ્યું કે ડાક ચૌપાલ માટેનું મોબાઈલ થિયેટર વાન અભિયાન પોસ્ટ વિભાગની વિવિધ સેવાઓ અને જનકલ્યાણકારી યોજનાઓને ગામેગામ અને સમાજના છેવાડાના માનવી સુધી પહોંચાડવામાં અસરકારક સાબિત થશે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં 'સૌનો સાથ, સૌનો વિકાસ'ની ભાવના સાથે સમગ્ર દેશ પ્રગતિ અને વિકાસનાં નવાં આયામો સર કરી રહ્યો છે. સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓની માહિતી સમાજના છેવાડાના વ્યક્તિ સુધી પહોંચે તે જરૂરી છે, જેથી વધુમાં વધુ લોકો આ સેવાઓનો લાભ લઈ શકે. સમયની સાથે પોસ્ટલ સેવાઓમાં અનેક પરિવર્તનો આવ્યાં છે અને આજે પોસ્ટ વિભાગ પત્રો તથા પાર્સલોની સાથે-સાથે સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અને તેના લાભો પણ લોકો સુધી પહોંચાડી રહ્યું છે. 'સરકારી સેવાઓ આપના દ્વારે' અભિયાન અંતર્ગત આ પહેલ ખાસ કરીને ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોમાં જનજાગૃતિ વધારવા તેમજ નાગરિકો સાથે સીધો સંવાદ સ્થાપિત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

ગુજરાત પરિમંડળના ચીફ પોસ્ટમાસ્ટર જનરલ શ્રી ગણેશ વી. સાવળેશ્વરકરે જણાવ્યું કે ગુજરાત પરિમંડળ હેઠળ પોસ્ટલ સેવાઓના વિસ્તરણ, આધુનિકીકરણ અને નાગરિકલક્ષી પહેલોને આગળ વધારવા માટે સતત નવાં પગલાં લેવામાં આવી રહ્યાં છે. 'ડાક સેવા, જન સેવા'ના માધ્યમથી વિભાગ સામાન્ય જનતાને પરંપરાગત પોસ્ટલ સેવાઓની સાથે નાણાકીય સશક્તિકરણ અને નાગરિકલક્ષી સેવાઓ પૂરી પાડીને સમર્પિત સેવા કેન્દ્ર તરીકેની ભૂમિકા નિભાવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત મોબાઈલ થિયેટર વાન સમગ્ર ગુજરાત પરિમંડળના દરેક જિલ્લામાં વિવિધ નિર્ધારિત સ્થળોએ પહોંચશે અને દરેક સ્થળે ડાક ચૌપાલનું આયોજન કરવામાં આવશે. આ માધ્યમથી ગ્રામીણ નાગરિકોને પોસ્ટ વિભાગની વિવિધ સેવાઓ, યોજનાઓ અને સુવિધાઓ અંગે માહિતી આપવામાં આવશે. ડાક ચોપાલનું વ્યાપક આયોજન કરવામાં ગુજરાત રાષ્ટ્રીય સ્તરે અગ્રેસર રહ્યું છે.

ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે બદલાતા સમયની સાથે નાણાકીય સમાવેશ, ડિજિટલ ઈન્ડિયા અને અંત્યોદયના ક્ષેત્રોમાં પોસ્ટ વિભાગ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. ગામડાંથી લઈને શહેરો સુધી, દૂરના વિસ્તારોથી દેશના દૂરના ખૂણા સુધી, ભારતીય પોસ્ટે લોકોના જીવનમાં વિશ્વાસ, સંપર્ક અને સેવાનો મજબૂત સંબંધ સ્થાપિત કર્યો છે. ડાક ચૌપાલનો મુખ્ય ઉદ્દેશ પોસ્ટ વિભાગને જનતાની વધુ નજીક લાવવાનો અને જનતાને પોસ્ટ વિભાગની સેવાઓ સાથે જોડવાનો છે. પોસ્ટ વિભાગ દેશની સામાજિક અને આર્થિક વ્યવસ્થાનો એક મહત્ત્વપૂર્ણ હિસ્સો છે. 'ડાકિયા ડાક લાયા'થી લઈને 'ડાકિયા બેંક લાયા' સુધીની સફર પોસ્ટ વિભાગની બદલાતી ભૂમિકા, ટેક્નોલોજીકલ પ્રગતિ અને જનસેવા પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આ પ્રસંગે ગાંધીનગર મંડળના પ્રવર ડાક અધિક્ષક શ્રી શુભમ ડોંગરદિવે, સહાયક નિદેશક રિતુલ ગાંધી, વારિસ વહોરા, સિરાજ મન્સૂરી, આઈપીપીબી એજીએમ સંદીપ કુમાર, ચીફ મેનેજર અભિજિત જીભકાટે, સહાયક અધિક્ષક અરવિંદ રમન, રમેશ પટેલ અને રોનક શાહ, નિરીક્ષક પાયલ પટેલ, નવરંગપુરા સિનિયર પોસ્ટમાસ્ટર એમ. એલ. મકવાણા તેમજ નગર કાઉન્સિલર આશાબેન બ્રહ્મભટ્ટ, એકતાબેન રાવલ, હેમંત કાબરા અને રિતેશ દૂધિયા સહિત પોસ્ટ વિભાગના અનેક અધિકારીઓ, કર્મચારીઓ અને જનપ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઇન(NID), અમદાવાદ વચ્ચે 'પ્રોજેક્ટ વિશ્વાસ' હેઠળ છત્તીસગઢમાં CAPF કેમ્પ વિકસાવાશે

પાયલોટ પ્રોજેક્ટ તરીકે પાંચ CAPF કેમ્પને 'શહીદ વીર ગુંડાધુર સેવા ડેરા જન સુવિધા કેન્દ્ર' તરીકે વિકસાવવા MoU થયા



અમદાવાદ, તા.14

ભારત સરકારના ગૃહ મંત્રાલય (MHA) અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઇન (NID), અમદાવાદ વચ્ચે પ્રોજેક્ટ વિશ્વાસ હેઠળ પાયલોટ પહેલના ભાગરૂપે છત્તીસગઢમાં પાંચ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (CAPF)ના કેમ્પને 'શહીદ વીર ગુંડાધુર સેવા ડેરા જન સુવિધા કેન્દ્ર' તરીકે વિકસાવવા માટે MoU કરવામાં આવ્યા છે.

આ પહેલનો ઉદ્દેશ પસંદ કરાયેલા સુરક્ષા કેમ્પને એકીકૃત સામુદાયિક સંસાધન અને વિકાસ કેન્દ્રોમાં પરિવર્તિત કરવાનો છે. આ કેન્દ્રો દ્વારા જાહેર સેવાઓ સુધી નાગરિકોની પહોંચ સરળ બનાવવી, સ્થાનિક આજીવિકાને મજબૂત કરવી, કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવું તથા સામાજિક અને આર્થિક વિકાસને વેગ આપવાનો હેતુ છે. આ સમગ્ર પ્રક્રિયામાં સ્થાનિક આદિવાસી સંસ્કૃતિ અને સમુદાયની આકાંક્ષાઓનું સન્માન કરવામાં આવશે.

આ પહેલના પ્રથમ તબક્કામાં પાંચ કેમ્પની પસંદગી કરવામાં આવી છે, જેમાં બસ્તર જિલ્લામાં નેતાનાર કેમ્પ, સુકમા જિલ્લામાં રામારામ કેમ્પ, દંતેવાડા જિલ્લામાં રેંગાનાર કેમ્પ, બીજાપુર જિલ્લામાં પેડ્ડાકોડેપાલ કેમ્પ અને નારાયણપુર જિલ્લામાં ઈરકભટ્ટી કેમ્પનો સમાવેશ થાય છે.

આ પહેલમાં સ્થાનિક જરૂરિયાતો અને તકોને અનુરૂપ સુવિધાઓ તથા વિકાસ માટે NIDની ડિઝાઇન, સંશોધન અને નવીનતાના બહુઆયામી કૌશલ્યનો ઉપયોગ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ NIDના 'ડિઝાઇન રિસર્ચ એન્ડ ઇનોવેશન સેન્ટર ફોર નેશન બિલ્ડિંગ' દ્વારા હાથ ધરવામાં આવશે. આ કેન્દ્ર રાષ્ટ્રીય મહત્ત્વના અને સામાજિક વિકાસ તથા રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપતા પ્રોજેક્ટ પર કાર્ય કરે છે.

આ સંદર્ભે NID અમદાવાદની ટીમે રાજ્ય સરકારના અધિકારીઓ સાથે પસંદ કરાયેલા પાંચેય કેમ્પની મુલાકાત લીધી હતી. આ દરમિયાન ટીમે સ્થાનિક રહેવાસીઓ, સરકારી અધિકારીઓ, સ્વસહાય જૂથો અને અન્ય હિતધારકો સાથે સંવાદ કરીને સ્થાનિક સામાજિક-આર્થિક પરિસ્થિતિ, હાલની આજીવિકાની પદ્ધતિઓ અને સમુદાયની જરૂરિયાતોને સમજવાનો પ્રયાસ કર્યો હતો.

આ ચર્ચા-પરામર્શ પરથી NID દ્વારા ગૃહ મંત્રાલયને રજૂ કરાયેલા રોડમેપ અને દરખાસ્તના આધારે ગૃહ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ દ્વારા પાયલોટ તબક્કા માટે આ પાંચ કેમ્પની પસંદગી કરવામાં આવી હતી.

સમજૂતી કરાર હેઠળ આ કેમ્પને ચાર મુખ્ય ઉદ્દેશો–જન સુવિધા, સામુદાયિક વિકાસ, સામાજિક વિકાસ અને આર્થિક વિકાસ–ને ધ્યાનમાં રાખીને આયોજનબદ્ધ રીતે વિકસાવવામાં આવશે.

પ્રસ્તાવિત કેન્દ્રોમાં જાહેર સેવાઓ અને ડિજિટલ સહાય માટે જન સુવિધા કેન્દ્રો તેમજ કૌશલ્ય વિકાસ અને વ્યવસાયલક્ષી તાલીમની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે. આ ઉપરાંત, આરોગ્યસંભાળ, રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને સામુદાયિક સુખાકારીને પ્રોત્સાહન આપવામાં આવશે.

આ પહેલનો હેતુ સર્વસમાવેશક સામુદાયિક વિકાસ, ઉદ્યોગસાહસિકતા અને ટકાઉ આજીવિકાને પ્રોત્સાહન આપવાનો છે. જે અંતર્ગત, લઘુ વન પેદાશોના પ્રોસેસિંગ, મૂલ્યવર્ધન, બ્રાન્ડિંગ અને પેકેજિંગ દ્વારા સ્થાનિક આજીવિકાને મજબૂત બનાવવામાં આવશે. સાથે જ, ઉદ્યોગસાહસિકતા વિકસાવવા, બજાર સાથે જોડાણો સ્થાપિત કરવા અને ઈલેક્ટ્રિક વાહનો દ્વારા ટકાઉ સામુદાયિક પરિવહનને પ્રોત્સાહન આપવા માટે પણ સહયોગ આપવામાં આવશે.

'પ્રોજેક્ટ વિશ્વાસ'ના માધ્યમથી ગૃહ મંત્રાલય અને NID અમદાવાદનો હેતુ છત્તીસગઢમાં ડિઝાઇન આધારિત સામુદાયિક વિકાસનું પાયલોટ મોડેલ સ્થાપિત કરવાનો છે. આ પહેલનાં પરિણામો અને અનુભવોના આધારે ભવિષ્યમાં અન્ય વિકાસલક્ષી પહેલો માટે માર્ગદર્શન મળવાની અનેક સંભાવનાઓ વિશે વિશ્વાસ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે.

સોલા સિવિલ હોસ્પિટલમાં પ્રથમ વખત જટિલ અને જોખમી CVJ સર્જરી સફળતાપૂર્વક સંપન્ન

રાજસ્થાનના 17 વર્ષીય પથારીવશ યુવાનની જટિલ સર્જરી બાદ હાથ-પગની શક્તિમાં નોંધપાત્ર સુધારો



અમદાવાદ, તા.14

અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલના ઓર્થોપેડિક્સ અને સ્પાઇન સર્જરી વિભાગ દ્વારા પ્રથમ વખત અત્યંત જટિલ અને જોખમી ક્રેનિયોવર્ટિબ્રલ જંક્શન (Craniovertebral Junction - CVJ) સર્જરી સફળતાપૂર્વક કરવામાં આવી છે. ગંભીર ન્યુરોલોજિકલ સમસ્યાથી પીડાતા 17 વર્ષીય યુવાન દર્દી માટે આ સફળતા આશાનું નવું કિરણ બની છે. રાજસ્થાનના બાડમેરનો યુવાન છેલ્લા એક વર્ષથી હાથ અને પગ સહિત ચારેય અંગોમાં નબળાઈ અનુભવતો હતો અને છેલ્લા ચાર મહિનાથી તે પથારીવશ હતો. તપાસ દરમિયાન બેસિલર ઈન્વેજિનેશન (Basilar Invagination) અને કરોડરજ્જુ પર ગંભીર દબાણ (Spinal Cord Compression) હોવાનું નિદાન થયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે આ સ્થિતિમાં ખોપરીના નીચેના ભાગની હાડકાની રચનામાં અસામાન્ય ફેરફારને કારણે કરોડરજ્જુ પર દબાણ સર્જાય છે, જે ગંભીર ન્યુરોલોજિકલ સમસ્યાઓનું કારણ બની શકે છે.

દર્દીના પરિવારજનોએ રાજસ્થાન અને ગુજરાતની વિવિધ ખાનગી તથા અન્ય હોસ્પિટલોમાં સારવાર માટે અનેક તબીબી સલાહ લીધી હતી. જોકે, આ સર્જરી અત્યંત જટિલ, જોખમી અને ખર્ચાળ હોવાથી દર્દીને વધુ સારવાર માટે સોલા સિવિલ હોસ્પિટલમાં રેફર કરવામાં આવ્યો હતો.

સોલા સિવિલ હોસ્પિટલના ઓર્થોપેડિક્સ અને સ્પાઇન સર્જરી વિભાગ દ્વારા દર્દીની વિગતવાર ન્યુરોલોજિકલ તપાસ તેમજ જરૂરી આધુનિક તબીબી પરીક્ષણો કરવામાં આવ્યાં હતાં. દર્દીની ગંભીર સ્થિતિ, સર્જરી સાથે સંકળાયેલાં જોખમો અને સારવારના વિવિધ વિકલ્પોની સમીક્ષા કર્યા બાદ ઓક્સિપિટો-સર્વાઇકલ ફિક્સેશન (Occipito-Cervical Fixation) નામની જટિલ સર્જરી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

માનવ શરીરમાં ખોપરી અને ગરદનના પ્રથમ મણકાઓ જ્યાં જોડાય છે તે અત્યંત સંવેદનશીલ વિસ્તાર છે. આ ભાગમાં કરોડરજ્જુ અને શરીરની મહત્ત્વપૂર્ણ નસો આવેલી હોવાથી અહીં સર્જરી કરવી અત્યંત પડકારજનક હોય છે.

આ જોખમી સર્જરી દરમિયાન કરોડરજ્જુ અને નસોની કાર્યક્ષમતા પર સતત નજર રાખવા માટે ઈન્ટ્રાઓપરેટિવ ન્યુરોમોનિટરિંગ (Intraoperative Neuromonitoring) ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સર્જરી પહેલાં દર્દીના હાથ અને પગમાં ગંભીર નબળાઈ હતી, જ્યારે સર્જરી બાદ તેના ઉપરના અને નીચેના બંને અંગોની શક્તિમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો હતો. ક્રેનિયોવર્ટિબ્રલ જંક્શનની સર્જરી દરમિયાન દર્દીને સુરક્ષિત એનેસ્થેસિયા આપવું, શ્વાસ અને રક્તપરિભ્રમણને સ્થિર રાખવું, ન્યુરોલોજિકલ સ્થિતિનું ધ્યાન રાખવું તથા ઓપરેશન દરમિયાન દર્દીની સ્થિતિનું સતત નિરીક્ષણ કરવું પડકારજનક હોય છે. એનેસ્થેસિયા ટીમ ઓર્થોપેડિક્સ તથા સ્પાઇન સર્જરી વિભાગ સાથેના સંકલનને પગલે આ ઉચ્ચ જોખમ ધરાવતી સર્જરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી.

ગ્રામીણ સમૃદ્ધિની ધરી: મહિલા સશક્તીકરણ અને ગુજરાત સરકારના સરાહનીય પ્રયાસો

અમદાવાદ, તા.14

દર વર્ષે ૧૫ ઓક્ટોબરના રોજ સમગ્ર વિશ્વમાં 'આંતરરાષ્ટ્રીય ગ્રામીણ મહિલા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસનો મુખ્ય હેતુ ગ્રામીણ અર્થતંત્ર, કૃષિ ક્ષેત્ર, પોષણ અને સામાજિક વિકાસમાં મહિલાઓના મહત્વપૂર્ણ યોગદાનને બિરદાવવાનો છે. કોઈપણ રાજ્ય કે દેશનો વાસ્તવિક વિકાસ તેના ગ્રામીણ વિસ્તારોના વિકાસ વિના શક્ય નથી, અને ગુજરાત સરકારે ગ્રામીણ મહિલાઓને સશક્ત, આત્મનિર્ભર અને આર્થિક રીતે સક્ષમ બનાવવા માટે સરાહનીય કામગીરી કરી છે.

ગુજરાતમાં 'ગુજરાત રાજ્ય ગ્રામીણ આજીવિકા મિશન' અંતર્ગત લાખો ગ્રામીણ મહિલાઓને સ્વસહાય જૂથો સાથે જોડવામાં આવી છે. આ જૂથો દ્વારા મહિલાઓને સરળતાથી ધિરાણ, કૌશલ્યવર્ધન તાલીમ અને પોતાના ઉત્પાદનો વેચવા માટે ' મેળાઓ' અને ડિજિટલ પ્લેટફોર્મ જેવા માર્કેટિંગ પ્લેટફોર્મ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. તેનાથી ગામડાંની મહિલાઓ હવે માત્ર ગૃહિણી ન રહેતાં સફળ મહિલા ઉદ્યોગસાહસિક બની રહી છે.

ગુજરાતના ગ્રામીણ અર્થતંત્રમાં દૂધ ઉત્પાદન અને પશુપાલનનો સિંહફાળો છે, જેમાં મહિલાઓનું યોગદાન સૌથી વિશેષ છે. સહકારી દૂધ ઉત્પાદક મંડળીઓ અને અમૂલના માધ્યમથી મહિલાઓને સીધો આર્થિક લાભ અને વહીવટી સત્તા મળી છે. આ ઉપરાંત, પ્રાકૃતિક ખેતી અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રો દ્વારા મહિલાઓને નવીનતમ ખેતી પદ્ધતિઓની તાલીમ આપીને કૃષિ ક્ષેત્રે તેમને સક્ષમ બનાવવામાં આવી રહી છે. ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓ અને બાળકોના સ્વાસ્થ્ય માટે 'મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના' અને 'પોષણ સુધા યોજના' જેવી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે, જેનાથી ગર્ભવતી અને ધાત્રી માતાઓને પૌષ્ટિક આહાર મળી રહે છે. સાથે જ, 'પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)' હેઠળ ઘરનું માલિકી હક મહિલાઓના નામે આપીને સરકારે તેમને સામાજિક સુરક્ષા અને સન્માન આપ્યું છે. આજના આધુનિક યુગમાં ગ્રામીણ મહિલાઓ પાછળ ન રહી જાય તે માટે બેંક સખી અને પંચાયત સ્તરે ટેકનોલોજીનો ઉપયોગ કરવા માટેની વિશેષ તાલીમ આપવામાં આવે છે. આજે ગુજરાતના ગામડાંની મહિલાઓ ક્યુઆર કોડ, ડિજિટલ પેમેન્ટ અને ઓનલાઈન વહીવટમાં પણ સક્ષમ બની છે.

અમદાવાદ રેલવે સ્ટેશનના સરસપુર સાઈડ પર નવનિર્મિત દ્વિતીય પ્રવેશ દ્વાર અને ઈન્ટીગ્રેટેડ ફુટ ઓવર બ્રિજ (FOB) નું ઉદઘાટન



અમદાવાદ, તા.14

પશ્ચિમ રેલવેનું અમદાવાદ મંડળ યાત્રીઓને આધુનિક, સુરક્ષિત તેમજ સુવિધાજનક રેલવે સેવાઓ ઉપલબ્ધ કરાવવાની દિશામાં સતત કામ કરી રહ્યું છે. આ જ ક્રમમાં અમદાવાદ રેલવે સ્ટેશનની પુનઃવિકાસ પરિયોજના હેઠળ આજે સરસપુર સાઈડ પર નવનિર્મિત દ્વિતીય પ્રવેશદ્વાર અને ઈન્ટિગ્રેટેડ ફૂટ ઓવર બ્રિજનો શુભારંભ માનનીય સાંસદ, અમદાવાદ (પશ્ચિમ) શ્રી દિનેશભાઈ મકવાણા તેમજ માનનીય ધારાસભ્ય, બાપુનગર શ્રી દિનેશસિંહ કુશવાહ દ્વારા કરવામાં આવ્યો.

આ અવસરે મંડળ રેલ મેનેજર, અમદાવાદ શ્રી વેદ પ્રકાશ સહિત નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ (NHSRCL), રેલવે લેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (RLDA) તેમજ અમદાવાદ મંડળના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા.

દીપાવલી અને છઠ પૂજા દરમિયાન યાત્રીઓને મળશે ઉત્તમ સુવિધા

આગામી દીપાવલી અને છઠ પૂજા દરમિયાન યાત્રીઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને સરસપુર સાઈડ પર નવનિર્મિત દ્વિતીય પ્રવેશદ્વાર અને ઈન્ટિગ્રેટેડ ફૂટ ઓવર બ્રિજનો શુભારંભ એક મહત્ત્વપૂર્ણ ઉપલબ્ધિ છે. આ નવી સુવિધાથી સરસપુર અને આસપાસના વિસ્તારોમાંથી આવતા યાત્રીઓને રેલવે સ્ટેશનમાં પ્રવેશ કરવા તથા પ્લેટફોર્મ સુધી પહોંચવા માટે વધારાનો અને સરળ માર્ગ ઉપલબ્ધ થશે.

નવા પ્રવેશદ્વાર અને ઈન્ટિગ્રેટેડ ફૂટ ઓવર બ્રિજ શરૂ થવાથી યાત્રીઓની અવરજવરને વધુ વ્યવસ્થિત બનાવવા તેમજ સ્ટેશનના હાલના પ્રવેશ માર્ગો પરનું દબાણ ઓછું કરવામાં પણ સહાયતા મળશે.

અમદાવાદ રેલવે સ્ટેશન અને બુલેટ ટ્રેન સ્ટેશનના નિર્માણ કામનું નિરીક્ષણ

શુભારંભ કાર્યક્રમ બાદ માનનીય સાંસદ અને ધારાસભ્ય એ મંડળ રેલ મેનેજર શ્રી વેદ પ્રકાશ તેમજ સંબંધિત અધિકારીઓ સાથે અમદાવાદ રેલવે સ્ટેશનના પુનઃવિકાસ કામો અને મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ પરિયોજના હેઠળ વિકસાવવામાં આવી રહેલા બુલેટ ટ્રેન સ્ટેશનના નિર્માણ કામની પ્રગતિનું નિરીક્ષણ કર્યું.

નિરીક્ષણ દરમિયાન વિવિધ નિર્માણ પ્રવૃત્તિઓ, યાત્રી સુવિધાઓના વિકાસ, સ્ટેશન સંકુલની કનેક્ટિવિટી તેમજ ભવિષ્યની પાયાની માળખાકીય યોજનાઓની માહિતી મેળવવામાં આવી.

મંડળ રેલ મેનેજર શ્રી વેદ પ્રકાશ એ જણાવ્યું કે અમદાવાદ રેલવે સ્ટેશનનો પુનઃવિકાસ એક અત્યંત મહત્વપૂર્ણ પરિયોજના છે, જેને રેલવે સંચાલન અને યાત્રી સેવાઓ ચાલુ રાખીને તબક્કાવાર રીતે અમલમાં મૂકવામાં આવી રહી છે. નિર્માણ કામ દરમિયાન યાત્રીઓની સુરક્ષા, સુવિધા અને અવિરત રેલવે સંચાલનને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. રેલવે, બુલેટ ટ્રેન અને મેટ્રો વચ્ચે વિકસિત થશે ઉત્તમ કનેક્ટિવિટી

અમદાવાદ રેલવે સ્ટેશનને ભવિષ્યમાં એક આધુનિક મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટ હબ તરીકે વિકસાવવાની દિશામાં કામ કરવામાં આવી રહ્યું છે. આ યોજના હેઠળ ભારતીય રેલવે, બુલેટ ટ્રેન સ્ટેશન અને નજીકના મેટ્રો સ્ટેશન વચ્ચે ઉત્તમ કનેક્ટિવિટી સ્થાપિત કરવાનું લક્ષ્ય છે.

અમદાવાદ રેલવે સ્ટેશનની સરસપુર સાઈડ પર નવનિર્મિત દ્વિતીય પ્રવેશદ્વાર અને ઈન્ટિગ્રેટેડ ફૂટ ઓવર બ્રિજ આ સર્વગ્રાહી વિકાસ યોજનાનો મહત્વપૂર્ણ ભાગ છે. યાત્રીઓની સુવિધા માટે આ ઈન્ટિગ્રેટેડ ફૂટ ઓવર બ્રિજ પર હાલમાં 10 એસ્કેલેટર અને લિફ્ટ કાર્યરત છે. નવનિર્મિત દ્વિતીય પ્રવેશદ્વાર પર પણ લિફ્ટનું નિર્માણ કામ પ્રગતિમાં છે, જેને વહેલાંસર જ યાત્રીઓના ઉપયોગ માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે.

આગામી દિવસોમાં મેટ્રો સ્ટેશનથી રેલવે સ્ટેશન સંકુલમાં સીધા પ્રવેશની સુવિધા શરૂ કરવાની પણ યોજના છે. આનાથી યાત્રીઓને વિવિધ પરિવહન સાધનો વચ્ચે સરળ અવરજવરની સુવિધા મળશે અને અમદાવાદ રેલવે સ્ટેશનને એક આધુનિક અને સંકલિત પરિવહન કેન્દ્ર તરીકે વિકસાવવાના પ્રયાસોને વેગ મળશે.

રૂફ પ્લાઝા અને પ્લેટફોર્મ સુવિધાઓનો તબક્કાવાર વિકાસ

અમદાવાદ રેલવે સ્ટેશન પુનઃવિકાસ પરિયોજના હેઠળ રૂફ પ્લાઝા સહિત વિવિધ આધુનિક યાત્રી સુવિધાઓનો વિકાસ તબક્કાવાર રીતે કરવામાં આવી રહ્યો છે.

ભવિષ્યમાં રૂફ પ્લાઝા મારફતે યાત્રીઓને ટિકિટિંગ એરિયા, પ્રતીક્ષા ખંડો અને વિવિધ પ્લેટફોર્મ સુધી ઉત્તમ પહોંચ ઉપલબ્ધ કરાવવાની યોજના છે. આ ઉપરાંત પ્લેટફોર્મ સાથે સંબંધિત નિર્માણ અને વિકાસ કામ પણ પ્રગતિમાં છે. જરૂરી સુરક્ષા નિરીક્ષણ અને સંબંધિત મંજૂરીઓ પ્રાપ્ત થયા બાદ આ સુવિધાઓને તબક્કાવાર રીતે યાત્રીઓ માટે શરૂ કરવામાં આવશે.

સાઉથ MMTH બિલ્ડીંગના 14 માળનું બાંધકામ પૂર્ણ

અમદાવાદ રેલવે સ્ટેશન પર સાઉથ મલ્ટી મોડલ ટ્રાન્ઝિટ હબ (MMTH) બિલ્ડીંગનું બાંધકામ પણ ઝડપથી પ્રગતિમાં છે. આ બિલ્ડીંગના 14 માળનું બાંધકામ પૂર્ણ થઈ ચૂક્યું છે, જ્યારે બાકીના બે માળ પર કામ પ્રગતિમાં છે.

વિરાટની બરાબરી અને અભિષેકનો રેકોર્ડ તોડ્યો... પાકિસ્તાની બેટરનો T20માં મોટો રેકોર્ડ

નવી દિલ્હી, તા.14

પાકિસ્તાન સાહિબઝાદા ફરહાને શ્રીલંકા સામેની ત્રણ મેચોની T20 સીરિઝમાં એવી ધૂંઆધાર બેટિંગ કરી છે કે ભારતીય ક્રિકેટર અભિષેક શર્માનો રેકોર્ડ તૂટી ગયો છે. તેમણે વિરાટ કોહલીના એક ખાસ રેકોર્ડની બરાબરી કરી લીધી છે. સીરિઝ મંગળવારે પૂરી થઈ હતી.

પાકિસ્તાને આ ટી-10 સીરિઝ 2-1થી જીતી લીધી છે. ફરહાને પહેલી સીરિઝમાં ફુલ ટાઇમ કેપ્ટન તરીકે 238 રન બનાવ્યા હતા અને ત્રણેય મેચમાં અર્ધશતક ફટકાર્યો હતો.

રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમમાં શરૂઆતની બંને મેચમાં પાકિસ્તાને શ્રીલંકાને હરાવ્યું હતું. જો કે, મંગળવારે રમાયેલી ત્રીજી મેચમાં આઠ વિકેટથી શરમજનક હારનો સામનો કરવો પડ્યો હતો. આ સિવાય ફરહાનનું શાનદાર પ્રદર્શન સીરિઝની સૌથી મોટી ઉપલબ્ધિ તરીકે ઊભરી આવ્યું છે.

ફરહાને સીરિઝની પહેલી મેચમાં 53 બોલમાં 89 રન બનાવ્યા હતા. બીજા મેચમાં 73 અને ત્રીજી મેચમાં 76 રનની ઈનિંગ રમી હતી. આ રીતે તેમના ખાતામાં કુલ 238 રન આવ્યા હતા.

આ સાથે ફરહાને કોઈ ફુલ મેમ્બર ટીમના ખેલાડી દ્વારા ત્રણેય મેચની ટી20 સીરિઝમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ પોતાના નામે કર્યો છે. આ પહેલાં રેકોર્ડ ભારતના અભિષેક શર્માના નામે હતો, જેણે ગત મહિને દિલ્હીમાં અફઘાનિસ્તાન સામે ત્રણ મેચમાં 229 રન બનાવ્યા હતા.નકશા જુઓ



આ યાદીમાં ન્યૂઝિલેન્ડના કોલિન મુનરો 223 રન સાથે ત્રીજા, ઓસ્ટ્રેલિયાના ડેવિડ વોર્નર 217 રન સાથે ચોથા સ્થાને છે. અફઘાનિસ્તાનના હજરતુલ્લાહ જજઈ અને ભારતના શ્રેયસ અય્યરે ત્રણેય મેચમાં 204-204 રન બનાવ્યા છે.

જો કે, તમામ ટીમોમાં ત્રણેય મેચની T20I સીરિઝમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ સ્પેનના મોહમ્મદ ઈહસાનના નામે છે. તેમણે ડિસેમ્બર 2025માં ક્રોએશિયા સામે 238 રન બનાવ્યા હતા. ઓસ્ટ્રિયાના કરણબીર સિંહ યાદીમાં 260 રન સાથે બીજા સ્થાને છે. તાજેતરમાં હંગેરી સામે રમાયેલી મેચમાં તેમણે આ રેકોર્ડ બનાવ્યો હતો.

શ્રીલંકા સામે ત્રણ મેચમાં અર્ધશતક લગાવવા સાથે ફરહાને વધુ એક મોટી ઉપલબ્ધિ હાંસલ કરી છે. આ દ્વીપક્ષીય T20I સીરિઝની ત્રણેય મેચમાં 50 કે તેથી વધુ રન બનાવનારા તેઓ આઠમા ખેલાડી બની ગયા છે. આવું કરનારા તેઓ પહેલા પાકિસ્તાની ખેલાડી છે.

આ યાદીમાં ભારતના પૂર્વ કેપ્ટન વિરાટ કોહલીનું નામ પણ સામેલ છે. કોહલીએ જાન્યુઆરી 2026માં ઓસ્ટ્રેલિયા સામે ત્રણ મેચની T20I સીરિઝમાં 50થી વધુ રન બનાવનારા દુનિયાના પહેલા ખેલાડી બન્યા હતા. તેમણે આ સીરિઝમાં કુલ 199 રન બનાવ્યા હતા.

કોહલી પછી કોલિન મુનરો, ડેવિડ વોર્નર, નિકોલસ પૂરણ, શ્રેયસ અય્યર, રીજા હેંડ્રિક્સ અને ઈબ્રાહિમ જાદરાન પણ આ કારનામું કરી ચૂક્યા છે. હવે સાહિબઝાદા ફરહાને પણ આ ખાસ યાદીમાં સ્થાન જમાવ્યું છે.

રમત મંત્રાલયે પેરા ગેમ્સના વિવાદાસ્પદ શૂટિંગ કોચને હટાવ્યા

શૂટર્સે કોચ સામે ભેદભાવના આક્ષેપો સાથે આંદોલન કર્યું હતું, 166 ખેલાડીના દળને મંજૂરી

નવી દિલ્હી, તા.14



રમતો મંત્રાલયે વિવાદોથી ઘેરાયેલા પેરા શૂટિંગ કોચ જય પ્રકાશ નૌટિયાલને પેરા એશિયન ગેમ્સમાં જનારી ભારતીય ટુકડીમાંથી મંગળવારે હટાવી દીધા હતા. વિવાદસ્પદ પસંદગી પ્રક્રિયા બાદ જેને કારણે શૂટર્સ અને સાયકલિસ્ટ્સ દ્વારા વિરોધ પ્રદર્શનો થયા હતા તેમને હટાવીને રમત મંત્રાલયે મંગળવારે પેરા ગેમ્સ માટે જનારા 166 એથ્લેટ્સને મંજૂરી આપી હતી.

એશિયન ગેમ્સની પેરા ગેમ્સ 18મી ઓક્ટોબરથી જાપાનના આઈચી-નાગોયા ખાતે શરૂ થનારી છે. ભારતીય દળમાં નૌટિયાલના સ્થાને લાંબા સમયથી સેવા આપતા રાષ્ટ્રીય કોચ જીવન એલ રાયનો સમાવેશ કરવામાં આવ્યો છે. નૌટિયાલ પર નક્કી કરેલા માપદંડોનું પાલન ન કરવાનો અને રમતમાં પસંદગીના બદલામાં લાંચ માંગવાનો આરોપ હતો. કેટલાક શૂટર્સે તેમને હટાવવાની અને તેમની સામેના આરોપોની તપાસ કરવાની માંગ સાથે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) ના મુખ્યાલય બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું.

ગયા સપ્તાહે ભારતીય દળ માટે યોજાયેલા દાય સમારંભમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કર્યા પછી શૂટર્સ તથા કેટલાક ખેલાડીએ તેમની ફરિયાદો રજૂ કરવા માટે રમતગમત પ્રધાન મનસુખ માંડવિયા સાથે પણ મુલાકાત કરી હતી. 94 ટીમ ઓફિશિયલ્સ અને સપોર્ટ સ્ટાફ તથા 15 કન્ટિન્જન્ટ સ્ટાફ સાથે આ એશિયમ પેરા ગેમ્સમાં દસ રમતોમાં ભારતની કુલ ઉપસ્થિતિ 275 સભ્યોની રહેશે. પેરા-એથ્લેટિક્સમાં સૌથી મોટી ટુકડી છે, જેમાં 62 એથ્લેટ્સ (જેમાંથી 46 પુરુષો છે) અને 36 સપોર્ટ સ્ટાફ સામેલ છે. વર્લ્ડ ચેમ્પિયનશિપની મેડલ વિજેતા દ્રષ્ટિહીન સ્પ્રિન્ટર સિમરનના ગાઈડ ઉમર સૈફી ડોપિંગમાં પકડાયા હતા પરંતુ સિમરન આઈચી-નાગોયા ખાતે સ્પર્ધા કરનારી ટીમનો ભાગ છે. તે આ રમતોમાં નવા ગાઈડ શિવમ સાથે દોડશે.

વિવાદિત રન આઉટ અંગે તિલક વર્માએ મૌન તોડ્યું

નવી દિલ્હી, તા.14



ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે ઈન્દોરમાં રમાયેલી ત્રીજી T20 આંતરરાષ્ટ્રીય મેચમાં તિલક વર્મા આઉટ થયા, તેને લઈને ઘણી ચર્ચા થઈ હતી. તિલકની ટીકા પણ થઈ હતી અને વેસ્ટ ઈન્ડિઝની ટીમની ભાવનાને લઈને પણ કેટલાક સવાલો ઊઠ્યા હતા. જો કે, આ ઘટનામાં ભારતીય બેટ્સમેનોની ભૂલ હોવાનું માનવામાં આવ્યું હતું. ક્રિકેટના નિયમો અનુસાર, બોલ બાઉન્ડ્રી પાર ન જાય ત્યાં સુધી અથવા કોઈ શંકા હોય તો પણ બેટ્સમેનોએ ક્રીઝમાં રહેવું જોઈએ. પરંતુ તિલક વર્માને લાગ્યું હતું કે, બોલ બાઉન્ડ્રી પાર કરી ગયો છે. તેથી તેમણે રન ન લીધો અને રનઆઉટ થયા. હવે ચોથી T20 મેચ પહેલાં તિલકે આ ઘટના અંગે નિવેદન આપ્યું છે. આ સમગ્ર ઘટનાની વાત કરીએ તો, ત્રીજી T20 મેચની 17મી ઓવરમાં ભારતીય ટીમ બેટિંગ કરી રહી હતી અને ક્રીઝ પર અક્ષર પટેલ હાજર હતા. ગુડાકેશ મોતીની બોલિંગમાં અક્ષરે સ્ક્વેર લેગની દિશામાં ફ્લિક શૉટ રમ્યો હતો. બોલ બાઉન્ડ્રીની નજીક પહોંચ્યો, જ્યાં કેમિલ પૂરણ ફિલ્ડિંગ કરી રહ્યા હતા. તેમણે ડાઈવ લગાવીને બોલ રોક્યો, પરંતુ બોલ તેમના હાથમાંથી છટકીને બાઉન્ડ્રી કુશન પાસે પહોંચી ગયો. આ દરમિયાન અક્ષર પટેલ અને તિલક વર્માને લાગ્યું કે બાઉન્ડ્રી થઈ ગઈ છે, તેથી બંનેએ વચ્ચે જ રન લેવાનું માંડી વાળ્યું. બીજી તરફથી ફેંકવામાં આવેલો થ્રો વિકેટકીપર પાસે પહોંચ્યો. ત્યાં સુધીમાં અક્ષર ક્રીઝમાં પહોંચી ગયા હતા, પરંતુ તિલક ધીમે-ધીમે બીજા છેડા તરફ જઈ રહ્યા હતા. ત્યારબાદ વિકેટકીપરે બોલ બોલરને આપ્યો અને બોલરે નૉન-સ્ટ્રાઇકરના છેડાની વિકેટ ઉખાડી નાંખી. આ રીતે તિલક વર્મા રનઆઉટ થયા હતા. ચોથી T20 મેચ પહેલાં ભારતના ઉપકપ્તાન તિલક વર્માએ આ ઘટના અંગે કહ્યું કે, 'અક્ષર અને મને બંનેને એવું જ લાગ્યું હતું કે, આ બાઉન્ડ્રી છે, તેથી હું ચાલતો જઈ રહ્યો હતો. કમનસીબે, બોલ અક્ષર હતો ત્યાં ફેંકવામાં આવ્યો અને તેને બોલ દેખાઈ ગયો. મેં બોલ જોયો નહોતો. મને લાગ્યું હતું કે ફોર વાગી છે, તેથી હું ચાલતો જઈ રહ્યો હતો. જો કે, ક્રિકેટમાં આવી ઘટનાઓ બનતી રહે છે.'

ત્રીજી મેચમાં ભારતે વેસ્ટ ઈન્ડિઝને 14 રનથી હરાવીને પાંચ મેચની શ્રેણીમાં 2-1ની સરસાઈ મેળવી લીધી હતી. હવે ચોથી મેચ વેસ્ટ ઈન્ડિઝ માટે વધુ મહત્ત્વની બની ગઈ છે. શ્રેણીમાં ટકી રહેવા માટે કેરેબિયન ટીમે આ મેચ જીતવી જરૂરી છે. ગુડાકેશ મોતીની બોલિંગમાં અક્ષરે સ્ક્વેર લેગની દિશામાં ફ્લિક શૉટ રમ્યો હતો. બોલ બાઉન્ડ્રીની નજીક પહોંચ્યો, જ્યાં કેમિલ પૂરણ ફિલ્ડિંગ કરી રહ્યા હતા. તેમણે ડાઈવ લગાવીને બોલ રોક્યો, પરંતુ બોલ તેમના હાથમાંથી છટકીને બાઉન્ડ્રી કુશન પાસે પહોંચી ગયો. આ દરમિયાન અક્ષર પટેલ અને તિલક વર્માને લાગ્યું કે બાઉન્ડ્રી થઈ ગઈ છે, તેથી બંનેએ વચ્ચે જ રન લેવાનું માંડી વાળ્યું. બીજી તરફથી ફેંકવામાં આવેલો થ્રો વિકેટકીપર પાસે પહોંચ્યો. ત્યાં સુધીમાં અક્ષર ક્રીઝમાં પહોંચી ગયા હતા, પરંતુ તિલક ધીમે-ધીમે બીજા છેડા તરફ જઈ રહ્યા હતા. ત્યારબાદ વિકેટકીપરે બોલ બોલરને આપ્યો અને બોલરે નૉન-સ્ટ્રાઇકરના છેડાની વિકેટ ઉખાડી નાંખી. આ રીતે તિલક વર્મા રનઆઉટ થયા હતા.

'મહિલાઓની પોતાની ઓળખ અને સ્વતંત્રતા દર્શાવતાં પાત્રો તરફ હું આકર્ષાઈ છું' : શોભિતા

શોભિતા કહે છે, "પાછળ વળીને જોતાં પાત્રોની પસંદગીમાં એક સમાન દૃષ્ટિકોણ જોવા મળે છે"

મુંબઈ, તા.14



અભિનેત્રી શોભિતા ધુલીપાલાએ પોતાની અભિનયયાત્રામાં એવી ભૂમિકાઓને પ્રાધાન્ય આપ્યું છે, જેમાં મહિલાઓ માત્ર પુરુષ પાત્રોની વાર્તાનો હિસ્સો બનવાને બદલે પોતાની અલગ ઓળખ અને ઇચ્છાઓ સાથે જોવા મળે છે. તમિલ, તેલુગુ, મલયાલમ, અંગ્રેજી અને હિન્દી ભાષાની ફિલ્મો તથા પ્રોજેક્ટ્સમાં કામ કરી ચૂકેલી શોભિતાની કારકિર્દી વિવિધતાથી ભરપૂર રહી છે. તે માને છે કે તેની આ સફર કોઈ પૂર્વનિર્ધારિત આયોજન પ્રમાણે આગળ વધી નથી.

તાજેતરમાં એક ઇન્ટરવ્યુ દરમિયાન પોતાની કારકિર્દી અંગે વાત કરતાં શોભિતાએ જણાવ્યું હતું કે, તેને જે તકો મળી અને જે પાત્રો સાથે તે ભાવનાત્મક રીતે જોડાઈ શકી, તેને તેણે પૂરી નિષ્ઠાથી સ્વીકાર્યાં. તેની આ પસંદગીઓ પાછળ કોઈ ચોક્કસ આયોજન નહોતું, પરંતુ આજે પાછળ વળીને જોતાં પાત્રોની પસંદગીમાં એક સમાન દૃષ્ટિકોણ જોવા મળે છે.

શોભિતાના શબ્દોમાં, તે વારંવાર એવી મહિલાઓનાં પાત્રો ભજવતી રહી છે, જેમનાં જીવનનું કેન્દ્ર પોતે છે. આ મહિલાઓની ઓળખ માત્ર કોઈ પુરુષ સાથેના સંબંધથી નક્કી થતી નથી કે તેઓ માત્ર પુરુષની વાર્તાને આગળ વધારવાનું માધ્યમ બનતી નથી. તેના બદલે, તેઓ પોતાની પસંદગીઓ, મહત્વાકાંક્ષાઓ અને જીવન પર પોતાનો અધિકાર સ્થાપિત કરવાનો પ્રયાસ કરતી વ્યક્તિઓ છે.

શોભિતાનાં રોલમાં જોવા મળતો આ અભિગમ તેની કારકિર્દીને પરંપરાગત ઢાંચાથી અલગ બનાવે છે. અલગ-અલગ ભાષા અને ફિલ્મ ઉદ્યોગોમાં કામ કરવાને કારણે તેને વિવિધ પ્રકારની વાર્તાઓ અને સર્જનાત્મક વિષયો સાથે જોડાવાની તક મળી છે. દરેક પ્રોજેક્ટમાં નવા પાત્રને સમજવાની અને અલગ સિનેમેટિક દુનિયાનો અનુભવ કરવાની તક રહી છે.

શોભિતાની સફર દર્શાવે છે કે કારકિર્દી માટે હંમેશાં નક્કી કરેલો માર્ગ જ જરૂરી નથી. પોતાની પસંદગી પર વિશ્વાસ રાખવો અને મનથી જોડાઈ શકાય તેવા પાત્રો સ્વીકારવા પણ કલાકારની ઓળખ ઘડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. મહિલાઓને પોતાની વાર્તાના કેન્દ્રમાં રાખતાં પાત્રો પ્રત્યેનો તેનો ઝુકાવ તેની અભિનયયાત્રાની વિશેષ ઓળખ બની રહ્યો છે.

'ધુરંધર 2'ના સંગીતની ગ્રેમી માટે 9 કેટેગરીમાં દાવેદારી

મુંબઈ, તા.14



બોક્સ ઓફિસ પર સફળતા મેળવ્યા બાદ આદિત્ય ધરની ફિલ્મ ધુરંધર: ધ રિવેન્જ હવે આંતરરાષ્ટ્રીય સંગીતના મંચ પર પોતાની હાજરી નોંધાવવા તૈયાર છે. ફિલ્મનાં નિર્માતાઓએ આગામી 2027ના ગ્રેમી એવોર્ડ્સ માટે તેના સાઉન્ડટ્રેકને 9 કેટેગરીમાં વિચારણા માટે રજૂ કર્યો છે. રેપ, પૉપ અને ઈલેક્ટ્રોનિક સંગીત સહિત વિવિધ કેટેગરીમાં દાવેદારી નોંધાવવાની આ પહેલ ફિલ્મના સંગીતને વૈશ્વિક સ્તરે પહોંચાડવાના પ્રયાસરૂપે જોવામાં આવે છે.

ફિલ્મને સમર્થન આપનારા પ્રોડક્શન હાઉસ સ્ટુડિયોએ ગુરુવારે સાંજે સોશિયલ મીડિયા પર ગ્રેમી કેમ્પેઇનની જાહેરાત કરી હતી. સ્ટુડિયોએ ફિલ્મના સંગીતને મળેલા પ્રેમ બદલ ચાહકોનો આભાર માનતાં 'ગ્રેમી કન્સિડરેશન' માટેની રજૂઆતની વિગતો પણ શેર કરી હતી. આ કેમ્પેઇન માટે વિશેષ વેબસાઇટ પણ શરૂ કરવામાં આવી છે. ફિલ્મનું નિર્માણ જિયો સ્ટુડિયોઝ અને B62 સ્ટુડિયોઝે કર્યું છે, જ્યારે સંગીતનું નિર્માણ ટી-સિરીઝ દ્વારા કરવામાં આવ્યું છે.

ફિલ્મનાં સંગીતકાર શાશ્વત સચદેવનું નામ 'બેસ્ટ કમ્પાઇલેશન સાઉન્ડટ્રેક ફોર વિઝ્યુઅલ મીડિયા' કેટેગરીમાં વિચારણા માટે રજૂ કરવામાં આવ્યું છે. ફિલ્મનાં સાઉન્ડટ્રેક માટે આ મહત્ત્વની કેટેગરી ગણાય છે. આ ઉપરાંત 'કન્હૈયા' ગીતને 'બેસ્ટ ગ્લોબલ મ્યુઝિક પર્ફોર્મન્સ' અને 'આરી આરી'ને 'બેસ્ટ એશિયન પૉપ મ્યુઝિક પર્ફોર્મન્સ' કેટેગરીમાં રજૂ કરવામાં આવ્યું છે.

અન્ય કેટેગરીમાં પણ ફિલ્મના ગીતોનો સમાવેશ થાય છે. 'ફિર સે'ને 'બેસ્ટ સોંગ રિટન ફોર વિઝ્યુઅલ મીડિયા', 'જાન સે ગુઝરતે હૈ'ને 'બેસ્ટ ગ્લોબલ મ્યુઝિક પર્ફોર્મન્સ', 'જાઇયે સજના'ને 'પૉપ ડ્યૂઓ/ગ્રુપ પર્ફોર્મન્સ', 'વારી જાવાં'ને 'બેસ્ટ ડાન્સ/ઇલેક્ટ્રોનિક રેકોર્ડિંગ', 'હમ પ્યાર કરને વાલે'ને 'બેસ્ટ રિમિક્સ્ડ રેકોર્ડિંગ' અને 'ડેસ્ટિની - મન અટકેયા'ને 'બેસ્ટ રેપ પર્ફોર્મન્સ' કેટેગરીમાં રજૂ કરવામાં આવ્યાં છે.

'ગણેશ ડસ્ટ ટુ સ્ટારડસ્ટ'માં ગણેશ આચાર્યનાં સપનાં, સંઘર્ષ અને દૃઢ સંકલ્પની કહાની.....

મુંબઈ, તા.14



કેટલાંક સપનાં ખૂબ જ સામાન્ય પરિસ્થિતિઓમાં જન્મ લે છે, પરંતુ તેમને સાકાર કરવા માટે અસાધારણ હિંમત, સતત મહેનત અને પોતાની જાત પર અતૂટ વિશ્વાસની જરૂર હોય છે. આ જ જુસ્સાને મોટા પડદા પર જીવંત કરતા જાણીતા કોરિયોગ્રાફર અને ફિલ્મમેકર ગણેશ આચાર્યએ પોતાની આગામી દિગ્દર્શિત ફિલ્મ 'ગણેશ ડસ્ટ ટુ સ્ટારડસ્ટ'નું ટ્રેલર રિલીઝ કર્યું છે. આ ફિલ્મમાં શિવાંશુ સોની, આલોક શાં, સુકન્યા કલાન અને સાક્ષી પાવસ્કર જોવા મળશે.

લાગણીઓ, દમદાર ક્ષણો અને ડાન્સની ઊર્જાથી ભરપૂર આ ટ્રેલર મહત્ત્વાકાંક્ષા, જવાબદારીઓ, ત્યાગ અને જીવનની મુશ્કેલીઓ સામે લડીને આગળ વધવાના જુસ્સાને રજૂ કરે છે. ફિલ્મની મૂળ ભાવના એવા લોકોની કહાની દર્શાવે છે, જેઓ તમામ મુશ્કેલીઓ છતાં સપનાં જોવાની હિંમત રાખે છે. ટ્રેલર વિશે વાત કરતાં ગણેશ આચાર્યએ કહ્યું, "હું હંમેશાં માનતો આવ્યો છું કે દરેક વ્યક્તિને સપનાં જોવાનો અધિકાર છે, પરંતુ માત્ર સપનાં જોવાથી તે પૂરાં થતાં નથી. તેમને સાકાર કરવા માટે મહેનત કરવી પડે છે, ત્યાગ કરવો પડે છે અને સફર ગમે તેટલી મુશ્કેલ હોય, આગળ વધતા રહેવું પડે છે. અમે આ જ ભાવનાને 'ગણેશ ડસ્ટ ટુ સ્ટારડસ્ટ' દ્વારા પડદા પર ઉતારવાનો પ્રયાસ કર્યો છે. આ ફિલ્મ મારા દિલની ખૂબ નજીક છે અને મને આશા છે કે આ ફિલ્મ જોનાર દરેક વ્યક્તિને તેમાં પોતાનાં સપનાં, સંઘર્ષો અને આકાંક્ષાઓની ઝલક જોવા મળશે."

ફિલ્મની વાર્તા અને દિગ્દર્શનની જવાબદારી ગણેશ આચાર્યએ સંભાળી છે. ફિલ્મની પટકથા અને સંવાદો દિગંગના સૂર્યવંશી અને ગણેશ આચાર્યએ લખ્યા છે. 'ગણેશ ડસ્ટ ટુ સ્ટારડસ્ટ' 11 ડિસેમ્બર, 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે.

મૃણાલ ઠાકુરે 9 મહિનાથી એક પણ ફિલ્મ સાઇન નથી કરી

મુંબઈ, તા.14

'રાકા'માં અલ્લુ અર્જુન અને દીપિકા પાદુકોણ સાથે કામ કરવાની ચર્ચા વચ્ચે અભિનેત્રી મૃણાલ ઠાકુરે સ્પષ્ટ કર્યું કે ફિલ્મોની ઓફરનો અભાવ નહીં, પરંતુ વાર્તાઓ સાથે જોડાણ ન અનુભવાતાં તેણે બ્રેક લીધો છે.

મૃણાલ ઠાકુરે છેલ્લા નવ મહિનાથી એક પણ ફિલ્મ સાઈન કરી નથી. અલ્લુ અર્જુન, દીપિકા પાદુકોણ અને દિગ્દર્શક અટલીની આગામી સાયન્સ ફિક્શન ફિલ્મ રાકામાં મૃણાલ પણ જોડાવાની હોવાની ચર્ચા વચ્ચે તેણે પોતાનાં નિર્ણય અંગે ખુલાસો કર્યો છે. મૃણાલના જણાવ્યા અનુસાર, ફિલ્મોની ઓફર ન મળતી હોવાને કારણે નહીં, પરંતુ બની રહેલી ફિલ્મોની વાર્તાઓ સાથે જોડાણ ન અનુભવાતાં તેમણે થોડો સમય કામથી દૂર રહેવાનું પસંદ કર્યું છે. મૃણાલે કહ્યું કે લગભગ નવ મહિનાથી તેણે કોઈ ફિલ્મ સાઈન કરી નથી અને હવે તે અર્થપૂર્ણ ભૂમિકાની રાહ જોઈ રહ્યાં છે. કોઈ ફિલ્મ અંગે સત્તાવાર જાહેરાત થશે તો તે પોતાનાં સોશિયલ મીડિયા હેન્ડલ પર કરશે અને ત્યારબાદ તેની ચર્ચા કરવા તૈયાર રહેશે.

ફિલ્મોથી થોડો વિરામ લેવાના નિર્ણય પાછળનું કારણ સમજાવતાં મૃણાલે કહ્યું કે તેને મળતી ઓફરોની સંખ્યા સમસ્યા નથી. પરંતુ હાલ બની રહેલી કેટલીક વાર્તાઓ સાથે તેઓ પોતાને જોડી શકતી નથી. એક ફિલ્મનાં સેટ પર લગભગ 120 દિવસ વિતાવવા પડતા હોવાથી તે એવી ફિલ્મો પસંદ કરવા માગે છે, જેમાં કામ કરતી વખતે પોતાની પસંદગી અંગે પ્રશ્નો ઊભા ન થાય. તેનાં માટે પ્રેમ અને ઓળખની સાથે સર્જનાત્મક સંતોષ પણ એટલો જ મહત્ત્વનો છે. તે એવું કામ કરવા માગે છે, જેને 30 વર્ષ પછી પણ યાદ કરવામાં આવે. દરમિયાન, રાકાને લઈને પણ ઉત્સુકતા વધી રહી છે. અટલીના દિગ્દર્શનમાં બની રહેલી આ ફિલ્મમાં અલ્લુ અર્જુન અને દીપિકા પાદુકોણ મુખ્ય ભૂમિકામાં છે. વર્ષ 2027માં રિલીઝ થનારી ફિલ્મે રિયલ ટાઇમમાં એકસાથે સૌથી વધુ કલાકારોના મોશન-કેપ્ચરનો ગિનેસ વર્લ્ડ રેકોર્ડ પણ નોંધાવ્યો છે, જેમાં 37 કલાકારોએ એકસાથે ભાગ લીધો હતો.



દિવાળીમાં આમ આદમીનું બજેટ બગડશે: જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓના ભાવમાં ઉછાળો

નવી દિલ્હી, તા.14

જથ્થાબંધ મોંઘવારી સપ્ટેમ્બરમાં વધીને 11.39% પર પહોંચી ગઈ છે. સરકારે આજે, 14 ઓક્ટોબરે આ આંકડા જાહેર કર્યા. આ પાંચ મહિનામાં સૌથી વધુ છે. ઓગસ્ટમાં તે 9.92% હતી. જથ્થાબંધ મોંઘવારી વધવાનું કારણ ખાદ્યપદાર્થો, ઈંધણ, વીજળી અને મેન્યુફેક્ચર્ડ પ્રોડક્ટ્સ મોંઘા થવા છે. સપ્ટેમ્બરમાં રિટેલ મોંઘવારી પણ વધીને 5.54% પર પહોંચી ગઈ છે. ઓગસ્ટમાં તે 4.82% હતી.

જથ્થાબંધ મોંઘવારી દર 11.39% હોવાનો અર્થ એ છે કે ગયા વર્ષે આ સમયે જે સામાન જથ્થાબંધ બજારમાં 100માં મળતો હતો, તે આજે લગભગ 111.39નો છે. આ આંકડા નવા આધાર વર્ષ મુજબ છે. સરકારે 15 જૂન 2026ના રોજ WPIનું નવું આધાર વર્ષ 2022-23 લાગુ કર્યું હતું. તેણે જૂની 2011-12ની શ્રેણીનું સ્થાન લીધું છે. કુલ જથ્થાબંધ મોંઘવારીમાં મોટો વધારો: સપ્ટેમ્બર મહિનામાં જથ્થાબંધ મોંઘવારીનો દર વધીને 11.39% પર પહોંચ્યો, જે ઓગસ્ટમાં 9.92% નોંધાયો હતો.

ખાવા-પીવાની વસ્તુઓમાં તેજી: ખાદ્ય પદાર્થોની મોંઘવારીનો દર ઓગસ્ટના 7.05%ના આંકડાથી



વધીને સપ્ટેમ્બરમાં 8.66% નોંધાયો. ઈંધણ અને વીજળી ક્ષેત્રમાં ઉછાળો: ઈંધણ અને વીજળી ક્ષેત્રમાં મોંઘવારીનો દર ઓગસ્ટના 22.93%થી ઝડપથી વધીને 25.85% પર પહોંચ્યો.

કાચા માલની કિંમતોમાં વધારો: કાચા માલની મોંઘવારીનો દર ઓગસ્ટના 7.76%થી વધીને સપ્ટેમ્બરમાં 8.67% થયો. કારખાનાઓમાં બનેલી વસ્તુઓ મોંઘી: ઉત્પાદિત વસ્તુઓની મોંઘવારીનો દર ઓગસ્ટના 8.37%થી વધીને 9.76% થયો. મોંઘવારી વધારનારા મુખ્ય સેક્ટર્સ: પેટ્રોલ-ડીઝલ, ખાવા-પીવાની વસ્તુઓ, ક્રૂડ ઓઈલ, ગેસ, કોલસો અને ટેક્સટાઈલમાં સૌથી વધુ તેજી રહી.

સપ્ટેમ્બરમાં રિટેલ મોંઘવારી વધીને 5.54% પર પહોંચી ગઈ છે. ઓગસ્ટમાં તે 4.82% હતી. બટાકા, ડુંગળી, ટામેટાં જેવી શાકભાજી અને ખાદ્યપદાર્થોના ભાવ વધ્યા છે. મધ્ય પૂર્વમાં તણાવને કારણે કાચું તેલ પણ મોંઘું થયું છે. આ કારણોસર મોંઘવારી સતત 11મા મહિને વધી છે.

સરકાર જ્યારે પણ મોંઘવારી માપે છે, ત્યારે તે કોઈ એક જૂના વર્ષને 'માપદંડ' માની લે છે, જેથી તેની સાથે સરખામણી કરીને જાણી શકાય કે આજે વસ્તુઓ કેટલી મોંઘી થઈ છે. સરકારે 2022-23ને નવો માપદંડ એટલે કે બેઝ યર બનાવ્યું છે. તેનો અર્થ એ છે કે આજની વસ્તુઓની કિંમતોની સરખામણી 2022-23ના ભાવો સાથે કરવામાં આવી રહી છે. સરકારે જ્યારથી 2022-23નો આ નવો માપદંડ લાગુ કર્યો છે, ત્યારથી સપ્ટેમ્બર 2026 સુધીમાં મોંઘવારી દરમાં આ પહેલી વાર છે, જ્યારે જથ્થાબંધ કિંમતો આટલી ઝડપથી વધી છે. સરળ શબ્દોમાં કહીએ તો, નવા નિયમો અને નવા માપદંડ હેઠળ દેશમાં અત્યાર સુધીની પાંચમી સૌથી વધુ મોંઘવારી નોંધાઈ છે. જથ્થાબંધ મોંઘવારી લાંબા સમય સુધી વધતી રહે તો મોટા ભાગના પ્રોડક્ટિવ સેક્ટર પર તેની ખરાબ અસર પડે છે. જો જથ્થાબંધ ભાવ લાંબા સમય સુધી ઊંચા સ્તરે રહે તો ઉત્પાદકો તેનો બોજ ગ્રાહકો પર નાખી દે છે. સરકાર માત્ર કર દ્વારા હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ (WPI)ને નિયંત્રિત કરી શકે છે, જેમ કે કાચા તેલના ભાવમાં ઝડપી વધારાની સ્થિતિમાં સરકારે ઈંધણ પર એક્સાઈઝ ડ્યૂટીમાં ઘટાડો કર્યો હતો. જોકે, સરકાર કરમાં ઘટાડો એક મર્યાદા સુધી જ કરી શકે છે. WPIમાં મેટલ, કેમિકલ, પ્લાસ્ટિક, રબર જેવી ફેક્ટરી સાથે જોડાયેલી વસ્તુઓનું વેઈટેજ વધારે હોય છે.

ભારતમાં મોંઘવારી બે પ્રકારની હોય છે. એક રિટેલ એટલે કે છૂટક અને બીજી જથ્થાબંધ મોંઘવારી હોય છે. રિટેલ મોંઘવારી દર સામાન્ય ગ્રાહકો દ્વારા ચૂકવવામાં આવતી કિંમતો પર આધારિત હોય છે. તેને કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (CPI) પણ કહેવામાં આવે છે. જ્યારે હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ (WPI)નો અર્થ એ કિંમતો થાય છે, જે જથ્થાબંધ બજારમાં એક વેપારી બીજા વેપારી પાસેથી વસૂલે છે. સરકારે જ્યારથી 2022-23નો આ નવો માપદંડ લાગુ કર્યો છે, ત્યારથી સપ્ટેમ્બર 2026 સુધીમાં મોંઘવારી દરમાં આ પહેલી વાર છે, જ્યારે જથ્થાબંધ કિંમતો આટલી ઝડપથી વધી છે. સરળ શબ્દોમાં કહીએ તો, નવા નિયમો અને નવા માપદંડ હેઠળ દેશમાં અત્યાર સુધીની પાંચમી સૌથી વધુ મોંઘવારી નોંધાઈ છે. જથ્થાબંધ મોંઘવારી લાંબા સમય સુધી વધતી રહે તો મોટા ભાગના પ્રોડક્ટિવ સેક્ટર પર તેની ખરાબ અસર પડે છે. જો જથ્થાબંધ ભાવ લાંબા સમય સુધી ઊંચા સ્તરે રહે તો ઉત્પાદકો તેનો બોજ ગ્રાહકો પર નાખી દે છે.

સોના-ચાંદીના ભાવ હજુ કેટલા તૂટશે?: ચાંદી ઓલ ટાઈમ હાઈથી 2 લાખ સસ્તી થઈ, સોનું ₹44,000 ઘટ્યું

મુંબઈ, તા.14

આ ઑક્ટોબર મહિનામાં સોના અને ચાંદીના બજારમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે, જેના કારણે ગ્રાહકો અને રોકાણકારો માટે સ્થિતિ રસપ્રદ બની છે. ૧૪ ઑક્ટોબરે સોનાના ભાવમાં સતત ત્રીજા દિવસે મોટો ઘટાડો નોંધાયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA)ના આંકડા મુજબ ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનું ૧,૨૭૨ રૂપિયા ઘટીને ૧.૪૬ લાખ રૂપિયા પર પહોંચી ગયું છે, જ્યારે એક કિલો ચાંદીનો ભાવ ૪,૬૪૬ રૂપિયા ઘટીને ૨.૨૦ લાખ રૂપિયા થયો છે. આ સાથે જ છેલ્લા ત્રણ દિવસમાં જ સોનું આશરે ત્રણ હજાર રૂપિયા અને ચાંદી છ હજાર રૂપિયા જેટલી સસ્તી થઈ ચૂકી છે. જોકે, ઐતિહાસિક ઉચ્ચ સ્તરની સરખામણી કરીએ તો ચાંદી તેના લાઈફટાઈમ હાઈ લેવલથી ૨.૦૩ લાખ રૂપિયા અને સોનું આશરે ૪૪,૦ રૂપિયા ઘટી ચૂક્યું છે. આ અસ્થિરતા અચાનક નથી આવી, કારણ કે આ પહેલાં સપ્ટેમ્બર મહિનામાં પણ ભારે ઘટાડો જોવા મળ્યો હતો જેમાં સોનું આઠ હજાર રૂપિયા અને ચાંદી પંદર હજાર રૂપિયા સસ્તી થઈ હતી. ૩૧ ઑગસ્ટે જે સોનું પ્રતિ ૧૦ ગ્રામ ૧.૫૬ લાખ રૂપિયા હતું તે ૩૦ સપ્ટેમ્બરે ઘટીને ૧.૪૮ લાખ



રૂપિયા પર આવી ગયું હતું, અને તેવી જ રીતે એક કિલો ચાંદીનો ભાવ ૨.૩૭ લાખ રૂપિયાથી ઘટીને ૨.૨૨ લાખ રૂપિયા થઈ ગયો હતો. બજારના નિષ્ણાતોનું માનવું છે કે હાલ વૈશ્વિક પરિબળોને કારણે સોના-ચાંદીના ભાવમાં આ પ્રકારનો ઉતાર-ચઢાવ આગામી સમયમાં પણ યથાવત્ રહી શકે છે. એક તરફ અમેરિકાની કેન્દ્રીય બેંક 'ફેડરલ રિઝર્વ' દ્વારા ત્રણ વર્ષમાં પહેલીવાર કરાયેલા વ્યાજદરમાં વધારાને કારણે સોનાના ભાવમાં ઘટાડો થયો છે, તો બીજી તરફ અમેરિકા-ઈરાન યુદ્ધ અને વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા જેવી પરિસ્થિતિઓ સોનાને લાંબા ગાળે ટેકો પૂરો પાડી શકે છે કારણ કે રોકાણકારો મુશ્કેલ સમયમાં સોનાને સૌથી સુરક્ષિત રોકાણ માને છે. આવા અસ્થિર બજારમાં નિષ્ણાતો સલાહ આપે છે કે રોકાણકારોએ અત્યંત સાવચેત રહેવું જોઈએ કારણ કે હજુ પણ બજારમાં નબળાઈના સંકેતો સ્પષ્ટ દેખાઈ રહ્યા છે, જોકે બજારના કોઈપણ મોટા ઘટાડા પર ખરીદી કરવાની ઉત્તમ તક પણ ઊભી થઈ શકે છે. જ્યારે પણ તમે સોનું કે ચાંદી ખરીદવા જાઓ ત્યારે કેટલીક બાબતોનું ખાસ ધ્યાન રાખવું અનિવાર્ય છે. હંમેશાં બ્યૂરો ઑફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS)નું હૉલમાર્ક ધરાવતું પ્રમાણિત સોનું જ ખરીદવું જોઈએ જેમાં AZ4524 જેવા આલ્ફાન્યૂમેરિક કોડ દ્વારા સોનાની શુદ્ધતા જાણી શકાય છે. આ ઉપરાંત, ખરીદી કરતી વખતે સોનાનું ચોક્કસ વજન અને તે દિવસનો સાચો ભાવ ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનની અધિકૃત વેબસાઈટ જેવા અનેક સ્રોતો પરથી અગાઉથી ક્રૉસ ચેક કરી લેવો જોઈએ, કેમ કે સોનાનો ભાવ ૨૪ કૅરેટ, ૨૨ કૅરેટ અને ૧૮ કૅરેટ મુજબ અલગ-અલગ હોય છે.

IMFએ ભારતના GDP વૃદ્ધિદરનો અંદાજ વધાર્યો: 2026 અને 2027 માટે 7% કરવામાં આવ્યો

નવી દિલ્હી, તા.14

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ એટલે કે IMF એ વર્ષ 2026 માટે ભારતના વિકાસદરના અનુમાનને 6.4%થી વધારીને 7% કરી દીધું છે. દુનિયાભરમાં તણાવ-મંદી અને ક્રૂડ ઓઈલની ઊંચી કિંમતો છતાં મજબૂત સ્થાનિક માગ અને સર્વિસિસ સેક્ટરના સારા પ્રદર્શનને કારણે ભારતની અર્થવ્યવસ્થા ઝડપથી આગળ વધી રહી છે.

IMFનું આ અનુમાન ભારતને ઊર્જા-આયાત કરનારા એવા અનેક ઊભરતા દેશોથી અલગ સ્થાન આપે છે, જે મંદીનો સામનો કરી રહ્યા છે. IMFએ પોતાના ઓક્ટોબર 2026ના 'વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક' રિપોર્ટમાં જણાવ્યું છે કે ભારત સકારાત્મક ફેરફારો સાથે સૌથી અલગ દેખાઈ રહ્યું છે, જે દેશની મજબૂત વૃદ્ધિ ક્ષમતાને દર્શાવે છે.

IMFએ 2026 માટે ભારતની વૃદ્ધિના અનુમાનમાં જુલાઈની સરખામણીએ 0.6% અને એપ્રિલની સરખામણીએ 0.5%નો વધારો કર્યો છે. વર્ષ 2027 માટે પણ વૃદ્ધિના અનુમાનને વધારીને 7% કરી દેવામાં આવ્યું છે, જે જુલાઈ કરતાં 0.3% અને એપ્રિલ કરતાં 0.5% વધારે છે.

IMF પહેલાં વર્લ્ડ બેંક અને



OECD જેવી અગ્રણી વૈશ્વિક એજન્સીઓ પણ ભારતના વિકાસ દરના અનુમાનને વધારીને લગભગ 7% કરી ચૂકી છે.

IMFનાં રિસર્ચ ડિરેક્ટર અને ઈકોનોમિક કાઉન્સેલર સિલ્વાના તેનેરોના જણાવ્યા મુજબ, નેટ એનર્જી ઈમ્પોર્ટર હોવા છતાં એશિયન ક્ષેત્રમાં જબરદસ્ત મજબૂતી જોવા મળી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉછાળાએ કોમોડિટી માર્કેટ પરનું દબાણ ઘટાડી દીધું છે અને ચીનની સાથે ભારત એશિયાની વૃદ્ધિનું મોટું એન્જિન બનીને ઊભર્યું છે.

જોકે, IMFએ ચીનના વિકાસ દરનું અનુમાન ઘટાડીને 2026માં 4.5% અને 2027માં 4.0% રહેવાની વાત કરી છે. દુનિયાભરમાં તણાવ અને ક્રૂડ ઓઈલના ઊંચા ભાવ ચીનના વિકાસને અસર કરી રહ્યા છે. IMF મુજબ, વૈશ્વિક અર્થતંત્ર વર્ષ 2028થી 2031 દરમિયાન સરેરાશ 3.2%ના દરે જ વધશે, જે 2000-2019ના પ્રી-પેન્ડેમિક સરેરાશ 3.7% કરતા ઓછું છે. વિકાસ દરમાં ઘટાડો મધ્ય પૂર્વના તણાવથી પ્રભાવિત દેશો અને ઊર્જાની આયાત કરતા ઊભરતા દેશોમાં જોવા મળ્યો છે, જ્યારે ભારતમાં તેનો વિપરીત અસર જોવા મળી રહી છે. IMFએ ભારતની મજબૂત સ્થિતિનું કારણ મજબૂત વસ્તીવિષયક પરિબળો, વધતું સ્થાનિક બજાર અને સકારાત્મક સુધારાઓને ગણાવ્યા છે. જોકે, IMFએ ચેતવણી આપી છે કે વધુ સારા અનુમાનો છતાં કેટલાક જોખમો યથાવત્ છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ઊંચા ભાવ ભારત માટે એક મોટું જોખમ છે. બીજી તરફ, વિશ્વભરમાં તણાવ દેશની માગ અને કુલ વિકાસ દરને અસર કરી શકે છે.

IT, ઓટો, બેંકિંગ શેરોમાં તેજી : સેન્સેક્સ 1109 પોઈન્ટની છલાંગે 73034

નિફ્ટી સ્પોટ ૩૫૯ પોઈન્ટ ઉછળીને 22722 : રોકાણકારોની સંપત્તિમાં ₹4.58 લાખ કરોડનો વધારો

મુંબઈ, તા.14

લોંગ ટર્મ કેપિટલ ગુઈન ટેક્ષ (એલટીસીજી) અને સિક્યોરિટીઝ ટ્રાન્ઝેકશન ટેક્ષ (એસટીટી) સંબંધિત લાંબા સમયથી ટ્રેડરો, ઈન્વેસ્ટરોની રાહતની માંગને લઈ હવે સરકારની વાટાઘાટ-વિચારણાના નાણા પ્રધાન નિર્મલા સીતારામને સંકેત આપતાં ભારતીય શેર બજારોને આજે જોઈતો બૂસ્ટર ડોઝ મળ્યો હતો. કોર્પોરેટ પરિણામોની ત્રિમાસિક સીઝન શરૂ થવા સાથે આઈટી જાયન્ટ એચસીએલ ટેકનોલોજીસના ગઈકાલે અપેક્ષાથી સારા રિઝલ્ટ જાહેર થતાં ફંડોએ આજે આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેકનોલોજી શેરોની આગેવાનીએ આક્રમક તેજી કરી હતી. વૈશ્વિક મોરચે પણ ક્રુડ ઓઈલના ભાવ બે ટકા જેટલા ઘટી આવતાં તેમ જ ઓઈલ કંપનીઓની ડોલરની દૈનિક જરૂરિયાતને આરબીઆઈ દ્વારા પૂરી કરવાની નવી પહેલને પરિણામે અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો બે દિવસમાં દોઢ રૂપિયા જેટલો મજબૂત બનતાં શેરોમાં તેજી આક્રમક બની હતી. સેન્સેક્સ ૧૧૦૯.૧૦ પોઈન્ટની છલાંગે ૭૩૦૩૩.૭૮ અને નિફ્ટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સ ૩૫૮.૯૦ પોઈન્ટ ઉછળીને ૨૨૭૨૧.૯૫ બંધ રહ્યા



હતા. એચસીએલ ટેકનોલોજીસના ત્રિમાસિક પરિણામમાં ચોખ્ખો નફો ૨૧.૨ ટકા વધીને રૂ.૫૧૩૨ કરોડ થતાં અને આવક ૧૧.૫ ટકા વધીને રૂ.૩૫૬૨૦ કરોડ થતાં શેરમાં આકર્ષણે રૂ.૧૦૧ ઉછળીને રૂ.૧૩૨૧, ટાટા એલેક્સી રૂ.૧૭૧.૪૦ વધીને રૂ.૩૪૨૬.૪૦, એમ્ફેસીસ રૂ.૧૨૧.૪૦ વધીને રૂ.૨૪૬૫, ટેક મહિન્દ્રા રૂ.૭૨ વધીને રૂ.૧૫૪૨, વિપ્રો રૂ.૭.૩૦ વધીને રૂ.૧૬૮.૯૦, કોફોર્જ રૂ.૮૨.૩૦ વધીને રૂ.૧૯૨૫.૯૫, ઈન્ફોસીસ રૂ.૪૫.૨૦ વધીને રૂ.૧૦૬૨.૨૦, એક્સેલ સોફ્ટ રૂ.૩.૪૨ વધીને રૂ.૮૨.૯૩, માસ્ટેક રૂ.૬૭.૧૫ વધીને રૂ.૧૭૧૩.૫૫ રહ્યા હતા. બીએસઈ આઈટી ઈન્ડેક્સ ૧૩૪૦.૫૫ પોઈન્ટ ઉછળીને ૨૮૫૬૦.૪૯ બંધ રહ્યો હતો.

તહેવારોની સીઝન શરૂ થતાં વાહનોની ખરીદી વધવાની અપેક્ષાએ આજે ફંડોએ પસંદગીના ઓટોમોબાઈલ શેરોમાં ફરી આક્રમક ખરીદી કરી હતી. ટાટા મોટર્સ કમર્શિયલ વ્હીકલ રૂ.૧૧.૯૦ વધીને રૂ.૪૧૬.૮૫, અશોક લેલેન્ડ રૂ.૨.૯૫ વધીને રૂ.૧૪૭.૩૫, બજાજ ઓટો રૂ.૧૮૯.૧૫ વધીને રૂ.૧૦,૨૪૯.૧૫, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા રૂ.૪૭.૫૫ વધીને રૂ.૨૮૬૩, હીરો મોટોકોર્પ રૂ.૭૩.૭૦ વધીને રૂ.૪૯૯૯.૮૦, હ્યુન્ડાઈ મોટર રૂ.૨૬.૯૦ વધીને રૂ.૧૯૬૯ રહ્યા હતા. બીએસઈ ઓટો ઈન્ડેક્સ ૬૯૭.૪૪ પોઈન્ટ ઉછળીને ૫૬૨૫૯.૨૦ બંધ રહ્યો હતો.

બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં ફંડોએ આજે મોટી ખરીદી કરી હતી. ઈન્ડસઈન્ડ બેંક રૂ.૨૩.૧૦ વધીને રૂ.૮૭૬, કેનેરા બેંક રૂ.૨.૧૦ વધીને રૂ.૧૨૦.૨૦, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા રૂ.૧૪.૯૦ વધીને રૂ.૯૫૫.૯૦, એચડીએફસી બેંક રૂ.૯.૯૫ વધીને રૂ.૭૧૪.૨૦, આઈસીઆઈસીઆઈ બેંક રૂ.૧૫.૨૦ વધીને રૂ.૧૩૬૦.૨૦, બેંક ઓફ બરોડા રૂ.૨.૬૦ વધીને રૂ.૨૩૭.૬૦, એક્સિસ બેંક રૂ.૧૩ વધીને રૂ.૧૨૬૯ રહ્યા હતા. બીએસઈ બેંકેક્સ ઈન્ડેક્સ ૫૭૭.૯૩ પોઈન્ટ વધીને ૬૨૪૩૯.૧૫ બંધ રહ્યો હતો.

તહેવારોની સીઝન શરૂ થતાં હોમ એપ્લાયન્સિસની માંગમાં પણ વૃદ્ધિની અપેક્ષાએ ફંડોએ આજે કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ શેરોમાં મોટી ખરીદી કરી હતી. બ્લુ સ્ટાર રૂ.૨૭.૧૦ વધીને રૂ.૧૫૯૨, અંબર એન્ટરપ્રાઈસીઝ રૂ.૧૦૮.૯૦ વધીને રૂ.૬૬૩૯, વોલ્ટાસ રૂ.૧૬ વધીને રૂ.૧૦૩૭ રહ્યા હતા. બીએસઈ કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઈન્ડેક્સ ૮૫૭.૧૪ પોઈન્ટ ઉછળીને ૫૭૯૭૦.૪૮ બંધ રહ્યો હતો.

મેટલ-માઈનીંગ શેરોમાં પણ ફંડોએ ફરી તેજી કરી હતી. નાલ્કો રૂ.૯ વધીને રૂ.૩૨૦, હિન્દાલ્કો રૂ.૧૫.૭૦ વધીને રૂ.૯૦૦.૪૦, ટાટા સ્ટીલ રૂ.૨.૪૦ વધીને રૂ.૧૭૪.૭૦ રહ્યા હતા. બીએસઈ મેટલ ઈન્ડેક્સ ૫૪૫.૧૮ પોઈન્ટ ઉછળીને ૩૮૩૭૬.૬૭ બંધ રહ્યો હતો. ક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવ બે ટકા જેટલા ઘટી આવતાં અને રૂપિયાની મજબૂતીના આકર્ષણે ફંડોની આજે ઓઈલ-ગેસ શેરોમાં પણ પસંદગીની ખરીદી રહી હતી. અદાણી ટોટલ ગેસ રૂ.૯.૪૦ વધીને રૂ.૫૭૨.૪૦, ઓએનજીસી રૂ.૨.૫૦ વધીને રૂ.૨૨૨.૫૦, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ રૂ.૭.૭૦ વધીને રૂ.૧૧૬૬.૭૦, બીપીસીએલ રૂ.૧.૮૦ વધીને રૂ.૨૮૬.૮૦ રહ્યા હતા. ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો-એફપીઆઈઝ, એફઆઈઆઈઝની આજે મંગળવારે કેશ સેગ્મેન્ટમાં રૂ.૧૩૦૫.૧૩ કરોડના શેરોની ચોખ્ખી વેચવાલી કરી હતી. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો-ડીઆઈઆઈની પણ આજે રૂ.૨૪૩૯.૨૪ કરોડના શેરોની ચોખ્ખી ખરીદી રહી હતી.

શેરોમાં આજે સેન્સેક્સ, નિફ્ટીમાં આક્રમક તેજી સાથે અનેક શેરોમાં ફંડોની ખરીદીએ રોકાણકારોની સંપતિ એટલે કે બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું એક્ત્રિત માર્કેટ કેપિટલાઈઝેશન આજે એક દિવસમાં રૂ.૪.૫૮ લાખ કરોડ વધીને રૂ.૪૭૦.૦૩ લાખ કરોડ રહ્યું હતું.

LICના 3 નવા પ્લાન! પેન્શનથી લઈને કેન્સરના કવર સુધીની મળશે સુવિધા

નવી દિલ્હી, તા.14

ભારતીય જીવન વીમા નિગમ (LIC)ના ગ્રાહકો માટે એક મહત્ત્વપૂર્ણ અને ખુશખબર સામે આવી છે. દેશની સૌથી મોટી વીમા કંપનીઓમાં સામેલ LIC દ્વારા આગામી 19 ઓક્ટોબર, 2026ના રોજ ત્રણ નવા વીમા પ્લાન લોન્ચ કરવામાં આવનાર છે. આ નવી યોજનાઓમાં નિવૃત્તિ પછી નિયમિત આવક મેળવવાની યોજના, હેલ્થ ઈન્શ્યોરન્સ અને કેન્સર સામે રક્ષણ આપતી સુરક્ષા યોજનાનો સમાવેશ થાય છે. કંપનીએ મંગળવાર, 13 ઓક્ટોબરના રોજ બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE)માં સબમિટ કરેલી માહિતીમાં આ નવા પ્લાનની જાહેરાત કરી છે. જો કે, આ યોજનાઓનો પૂરેપૂરો લાભ મેળવવા માટે ગ્રાહકોએ તેના પ્રીમિયમ, પાત્રતા અને નિયમોની સત્તાવાર જાહેરાતની રાહ જોવી પડશે.

LIC દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, આ નવા પ્લાનમાં નીચે મુજબના ત્રણ પ્લાન સામેલ છે: LIC's New Jeevan Dhara - II: આ પ્લાન બચત અને નિવૃત્તિ બાદ નિયમિત આવકની વ્યવસ્થા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

LIC's Health Shield: આ એક સ્વાસ્થ્ય સંબંધી જોખમો સામે રક્ષણ આપતી વીમા યોજના છે.



LIC's New Cancer Cover: આ યોજના કેન્સર જેવી ગંભીર બીમારીઓ સામે આર્થિક સુરક્ષા પૂરી પાડવા માટે બનાવવામાં આવી છે. કંપનીના જણાવ્યા મુજબ, આ ત્રણેય પ્લાન 19 ઓક્ટોબર, 2026થી ઘરેલું બજારમાં વેચાણ માટે ઉપલબ્ધ થઈ જશે. હાલમાં બીએસઈ (BSE) ફાઈલિંગમાં માત્ર તેમના નામ અને વ્યાપક શ્રેણીઓની માહિતી જ જાહેર કરવામાં આવી છે, જ્યારે પ્રીમિયમ, ન્યૂનતમ અને મહત્તમ ઉંમર, વીમા રકમ (સમ એશ્યોર્ડ) તથા અન્ય શરતોનો સવિસ્તર ડેટા હજુ બહાર આવ્યો નથી.

ન્યૂ જીવન ધારા - II (New Jeevan Dhara - II) એ એક ડિફર્ડ એન્યુટી એટલે કે સ્થગિત વાર્ષિકી યોજના છે. આ પ્રકારની યોજનામાં ગ્રાહક ચોક્કસ સમયગાળા સુધી નાણાં જમા કરાવવાની કે રોકાણ કરવાની વ્યવસ્થા કરે છે. ત્યારબાદ નિર્ધારિત શરતો મુજબ તેને ભવિષ્યમાં નિયમિત ચુકવણી અથવા પેન્શન મળી શકે છે. નિવૃત્તિ પછીની આવકનું આયોજન કરવા માટે આ પ્લાન ખૂબ જ ઉપયોગી સાબિત થઈ શકે છે.

જો કે, આ નવા પ્લાનમાં કેટલી રકમ જમા કરાવવી પડશે, પેન્શન કે વાર્ષિકી ક્યારથી શરૂ થશે તેની વિગતો હજુ ઉપલબ્ધ નથી. તેથી, આ પ્લાન ખરીદતા પહેલા પોલિસીના સત્તાવાર દસ્તાવેજમાં શરતોને બરાબર સમજી લેવી હિતાવહ રહેશે.

LIC હેલ્થ શીલ્ડ એક વ્યક્તિગત હેલ્થ ઈન્શ્યોરન્સ પ્લાન છે, જ્યારે ન્યૂ કેન્સર કવર (New Cancer Cover) કેન્સરના જોખમો સામે કવરેજ આપવાના હેતુથી રજૂ કરવામાં આવી રહ્યો છે. સામાન્ય રીતે આ બંને યોજનાઓને 'પ્યોર રિસ્ક પ્લાન'ની શ્રેણીમાં રાખવામાં આવી છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય વીમા સુરક્ષા આપવાનો છે, ન કે રોકાણ પર વળતર આપવાનો.

આ બંને નવી યોજનાઓમાં કેટલી વીમા રકમ મળશે અને કઈ પરિસ્થિતિઓમાં ક્લેમ નહીં મળે, તેની સ્પષ્ટતા સત્તાવાર પોલિસી ડોક્યુમેન્ટ આવ્યા પછી જ થશે.

LICના આ ત્રણેય નવા પ્લાન 19 ઓક્ટોબરથી શરૂ થવા જઈ રહ્યા છે, પરંતુ માત્ર નામ જોઈને જ પોલિસી ખરીદવાનો નિર્ણય લેવો યોગ્ય નથી. ગ્રાહકોએ પ્રીમિયમ, કવરેજ, વેટિંગ પીરિયડ, પાત્રતા અને ક્લેમ સાથે જોડાયેલા નિયમોની સરખામણી અવશ્ય કરવી જોઈએ. હેલ્થ અને કેન્સર કવરના કિસ્સામાં અગાઉથી રહેલી બીમારીઓ અને હોસ્પિટલાઈઝેશનના નિયમો જાણવા પણ અત્યંત જરૂરી છે.

ડિસ્ક્લેમર:- આ અહેવાલમાં આપવામાં આવેલી તમામ માહિતી કંપનીની બીએસઈ (BSE) ફાઈલિંગ પર આધારિત છે. પોલિસીનું પ્રીમિયમ અને અન્ય લાભોની પુષ્ટિ સત્તાવાર પોલિસી દસ્તાવેજ જાહેર થયા બાદ જ કરવી. કંપનીના જણાવ્યા મુજબ, આ ત્રણેય પ્લાન 19 ઓક્ટોબર, 2026થી ઘરેલું બજારમાં વેચાણ માટે ઉપલબ્ધ થઈ જશે. હાલમાં બીએસઈ (BSE) ફાઈલિંગમાં માત્ર તેમના નામ અને વ્યાપક શ્રેણીઓની માહિતી જ જાહેર કરવામાં આવી છે, જ્યારે પ્રીમિયમ, ન્યૂનતમ અને મહત્તમ ઉંમર, વીમા રકમ (સમ એશ્યોર્ડ) તથા અન્ય શરતોનો સવિસ્તર ડેટા હજુ બહાર આવ્યો નથી.

બૅન્ક ઓફ બરોડા સહિત 25 લોકો સામે 1.44 લાખ કરોડનો દાવો માંડનાર બીઆર શેટ્ટી કોણ?

નવી દિલ્હી, તા.14

NMC હેલ્થકેર ગ્રુપ અને યુએઈ એક્સચેન્જના ફાઉન્ડર બી.આર. શેટ્ટીએ બૅન્ક ઓફ બરોડા (BoB) પર ગંભીર આરોપો લગાવ્યા છે. તેમણે બૅન્ક પર કૌભાંડમાં સામેલ હોવાનો દાવો કરીને 15 અબજ ડોલર (આશરે રૂપિયા 1.44 લાખ કરોડ)ના વળતરની માંગણી કરી છે. શેટ્ટીએ બોમ્બે હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને જણાવ્યું છે કે જ્યાં સુધી આ વળતરની રકમ ચૂકવવામાં ન આવે, ત્યાં સુધી આ રકમ પર વાર્ષિક 18 ટકાના દરે વ્યાજ પણ જોડવામાં આવે. આ વળતર બૅન્કની ભૂલ અને તેના દ્વારા થયેલા નુકસાનના બદલાવમાં વસૂલવામાં આવી રહ્યો છે.

બૅન્કો સામે ફ્રોડ અને છેતરપિંડીના કિસ્સાઓ અવારનવાર સામે આવતા હોય છે, પરંતુ આ કેસમાં સીધા સરકારી બૅન્ક પર જ કૌભાંડમાં મદદ કરવાનો આરોપ લાગ્યો છે. બી. આર. શેટ્ટીએ બૅન્ક ઓફ બરોડા સહિત અન્ય 25 જેટલા લોકો સામે આ કાનૂની લડાઈ શરૂ કરી છે. હાઈકોર્ટમાં દાખલ કરેલી અરજી મુજબ, તેમણે નીચે મુજબના કારણોસર કુલ 15 અબજ ડોલરની માંગણી કરી છે: આડકતરી અસરો:



આ નુકસાનના કારણે અન્ય સ્તરે થયેલા નુકસાન માટે 5 અબજ ડોલર.વેપારી તકો ગુમાવવી: આ સમગ્ર વિવાદના કારણે રોકાણ અને વ્યાપારી અવસરોમાં થયેલા નુકસાન પેટે વધુ 5 અબજ ડોલર.

શેટ્ટીએ આક્ષેપ કર્યો છે કે વર્ષ 2019 સુધી બૅન્ક ઓફ બરોડા NMC હેલ્થકેર ગ્રુપની મુખ્ય બૅન્ક હતી. આ સમયગાળા દરમિયાન બૅન્ક માત્ર સામાન્ય લેવડદેવડ (ટ્રાન્ઝેક્શન) પ્રક્રિયા જ નહોતી કરતી, પરંતુ ગ્રુપની કંપનીઓ અને સ્વતંત્ર સપ્લાયર તરીકે રજૂ કરાયેલી સંસ્થાઓ વચ્ચે ફંડના ગેરકાયદે ડાયવર્ઝન (બદલાવ) કરવામાં પણ સક્રિય સહયોગ આપી રહી હતી.

અરજીમાં એવા પણ ગંભીર આક્ષેપો કરાયા છે કે બૅન્કના સિસ્ટમ દ્વારા મની-લોન્ડ્રિંગના 100 કરતાં વધુ એલર્ટ જાહેર કરવામાં આવ્યા હતા, જેને બાદમાં જાણી જોઈને બંધ કરી દેવામાં આવ્યા હતા. બૅન્કે પૂરતી સિક્યોરિટી કે ગેરેંટી વગર જ ક્રેડિટ આપવાનું ચાલુ રાખ્યું હતું અને ગ્રુપના લોન તથા વ્યવહારો સંબંધિત જોખમોની જાણકારી ઓડિટરને પણ આપી નહોતી.

આ કેસનો સૌથી મોટો મુદ્દો પર્સનલ ગેરંટી અને અન્ય દસ્તાવેજો સાથે જોડાયેલો છે. શેટ્ટીના જણાવ્યા મુજબ, બૅન્કે જે દસ્તાવેજો અને પર્સનલ ગેરંટીના આધારે તેમની સામે દેવાની કાર્યવાહી શરૂ કરી છે, તે તમામ દસ્તાવેજો પરની સહીઓ ખોટી છે. તેમણે ક્યારેય તેવા દસ્તાવેજો પર સહી જ કરી નહોતી. વળી, કેટલાક એકાઉન્ટ ઈન્સ્ટ્રક્શન્સ અને ફંડ ટ્રાન્સફર તેમની પરવાનગી વગર જ કરવામાં આવ્યા હતા.

ટેકનોલોજી પાંગળી સાબિત થઈ! ગટરમાં પડેલી 10 વર્ષની પ્રજ્ઞાચક્ષુ બાળકીની 70 કલાકથી ભાળ નહીં, અડચણ 'આંખોદેખી'

અમદાવાદ, તા.14

અમદાવાદમાં વિશાલાથી નારોલ તરફ જતા રોડ પર પીરાણા ડમ્પિંગ યાર્ડ પાસે ખુલ્લી ડ્રેનેજ લાઈનમાં પડેલી 10 વર્ષીય પ્રજ્ઞાચક્ષુ બાળકીની શોધખોળમાં ગટરની અંદર રહેલો ગેસ, કેમિકલયુક્ત પાણીનો સતત પ્રવાહ અને કાદવ સૌથી મોટો અવરોધ બની રહ્યાં છે. શનિવારે બનેલી આ ઘટનાને મંગળવારે ચાર દિવસ એટલે કે 70 કલાકથી વધુ સમય વીતી ગયો હોવા છતાં બાળકીની કોઈ ભાળ મળી નથી. અમદાવાદ ફાયર વિભાગની ટીમ સતત રેસ્ક્યૂ ઓપરેશન ચલાવી રહી છે, પરંતુ ગટરની અંદરની સ્થિતિને કારણે વધુ ઊંડે સુધી તપાસ કરવામાં મુશ્કેલી પડી રહી છે.



ફાયર વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ, આશરે 35 થી 40 ફૂટ ઊંડી ડ્રેનેજ લાઈનમાં ગેસનું પ્રમાણ અને કેમિકલયુક્ત પાણીનો સતત પ્રવાહ હોવાથી રેસ્ક્યૂ ટીમને મુશ્કેલી પડી રહી છે. ગટરમાં ગેસના કારણે શ્વાસ લેવામાં તકલીફ પડે છે, જ્યારે પાણી સતત વહેતું હોવાથી જવાનો માટે વધુ ઊંડે સુધી ઉતરીને તપાસ કરવી મુશ્કેલ બની છે. આ ઉપરાંત, ડ્રેનેજ લાઈનમાં કાદવનું પ્રમાણ પણ ઘણું વધારે છે. કાદવને કારણે ગટરની અંદર વધુ સાધનોનો ઉપયોગ કરવામાં પણ મર્યાદા આવી રહી છે. આથી ફાયર વિભાગે અત્યાર સુધીમાં વિવિધ પદ્ધતિથી તપાસ કરી હોવા છતાં બાળકી ક્યાં છે તે અંગે કોઈ ચોક્કસ માહિતી મળી નથી.

બાળકીની સ્થિતિ અને તે કેટલા ઊંડે ફસાઈ હોઈ શકે તેનો અંદાજ મેળવવા ફાયર વિભાગે બોરવેલમાં ઉપયોગમાં લેવાતા કેમેરા ડ્રેનેજ લાઈનમાં ઉતાર્યા હતા. સામાન્ય રીતે કોઈ બાળક બોરવેલમાં પડી જાય ત્યારે ફાયર વિભાગ અથવા એનડીઆરએફ આવા કેમેરાની મદદથી અંદરની સ્થિતિ તપાસે છે. જોકે, આ કેમેરાથી પણ બાળકી અંગે કોઈ માહિતી મળી નથી. હાલમાં ગટરમાંથી કાદવ કાઢવાની કામગીરી ચાલી રહી છે. કાદવ દૂર કરીને વધુ તપાસ કરી શકાય તેવો માર્ગ તૈયાર કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. જોકે, ગેસ, પાણીના પ્રવાહ અને કાદવની સમસ્યાને કારણે રેસ્ક્યૂ ઓપરેશન પડકારજનક બન્યું છે.

કોર્પોરેશનના એન્જિનિયરિંગ વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ, ડ્રેનેજ લાઈનના તમામ મેનહોલમાં CCTV નાખીને તપાસ કરવામાં આવી છે. તેમ છતાં બાળકી મળી આવી નથી. આ ઉપરાંત પીરાણા એસટીપી પ્લાન્ટ અને સાબરમતી નદીમાં પણ સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. અધિકારીના જણાવ્યા મુજબ, મેઈન ટ્રંક લાઈનમાં પાણીનો પ્રવાહ ખૂબ જ વધારે હોવાથી બાળકી ત્યાં હોવાની શક્યતા ઓછી છે. પીરાણા એસટીપી પ્લાન્ટ અથવા સાબરમતી નદી તરફ તે પહોંચી હોવાની શક્યતાને ધ્યાનમાં રાખીને ત્યાં પણ તપાસ ચાલુ છે. ફાયર વિભાગની ટીમે નદીમાં બોટની મદદથી તેમજ બંને કિનારે ચાલીને શોધખોળ કરી છે, પરંતુ હજુ સુધી કોઈ પુરાવો મળ્યો નથી.

ડ્રેનેજ લાઈનમાં કેમિકલયુક્ત પાણીનો સતત પ્રવાહ પણ રેસ્ક્યૂ કામગીરીમાં મુશ્કેલી ઊભી કરી રહ્યો છે. એન્જિનિયરિંગ વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ, નરોડા તરફથી આવતી લાઈનનું જોડાણ આ નેટવર્ક સાથે હોવાથી તેમાં કેમિકલયુક્ત પાણી આવતું હોવાની શક્યતા છે. કોઈએ ડ્રેનેજ લાઈન સાથે કેમિકલયુક્ત પાણીની લાઈન જોડેલી હોઈ શકે અથવા ટેન્કર મારફતે કેમિકલયુક્ત પાણી નાખવામાં આવતું હોઈ શકે તેવી શક્યતા પણ તેમણે વ્યક્ત કરી હતી. ઉત્તર, દક્ષિણ અને પૂર્વ ઝોનમાંથી આવતું પાણી પણ આ લાઈનમાં ભેગું થાય છે. જોકે, કેમિકલયુક્ત પાણી કયા સ્ત્રોતમાંથી આવી રહ્યું છે તે અંગે હજુ ચોક્કસ કારણ સામે આવ્યું નથી. ચાર દિવસથી ચાલી રહેલા રેસ્ક્યૂ ઓપરેશનમાં ફાયર વિભાગ અને એન્જિનિયરિંગ વિભાગની ટીમો અલગ-અલગ સ્થળે તપાસ કરી રહી છે. હવે કાદવ કાઢવાની કામગીરી અને ડ્રેનેજ લાઈનની વધુ તપાસ બાદ બાળકી અંગે કોઈ કડી મળે છે કે નહીં તેના પર નજર છે.

રાજ્યની તમામ લેબર અને ઈન્ડસ્ટ્રિયલ કોર્ટના વકીલો પણ હડતાળે, કેમ કરી રહ્યા છે વિરોધ?

અમદાવાદ, તા.14



ગુજરાતમાં ભાડા વિધેયકના વિરોધમાં રાજ્યભરના વકીલોની હડતાલ માંડ માંડ સમેટાઈ છે ત્યાં તો નવા લેબર કોડની વિવાદાસ્પદ જોગવાઈઓના વિરોધમાં ગુજરાત રાજ્યની તમામ લેબર કોર્ટો અને ઈન્ડસ્ટ્રિયલ કોર્ટોના વકીલો આજથી અનિશ્ચિત મુદતની હડતાલ પર ઉતરી ગયા છે. જેના કારણે ગરીબ મજૂરો, રોજમદારો, કામદારોના હજારો કેસોને અસર થઈ છે અને લેબર કોર્ટો તેમજ ઈન્ડસ્ટ્રિયલ કોર્ટોમાં ન્યાયિક કામગીરી બિલકુલ ઠપ થઈ ગઈ છે. બીજીબાજુ, અચોક્કસ મુદતના હડતાલના પહેલા દિવસે આજે વકીલોએ દેખાવો, ધરણાં અને સૂત્રોચ્ચારનો કાર્યક્રમ યોજ્યો હતો.

કેન્દ્ર સરકાર દ્વારા દેશભરમાં ચાર નવા લેબર કોડ સત્તાવાર રીતે 21 નવેમ્બર 2025થી લાગુ કરી દેવામાં આવ્યા છે, અને ગુજરાત સરકાર તેના તમામ નિયમો ફાઈનલ કરી અમલમાં આવ્યા છે, જેમાં વેતન સંહિતા, સામાજિક સુરક્ષા સંહિતા, ઔદ્યોગિક સંબંધ સંહિતા અને વ્યવસાયિક સલામતી, આરોગ્ય અને કાર્ય પરિસ્થિતિઓ સંહિતાનો સમાવેશ થાય છે.

નવા લેબર કોડમાં હવે મુખ્ય સત્તાઓ લેબર કોર્ટો અને ઈન્ડસ્ટ્રિયલ કોર્ટો પાસેથી છીનવી લઈ સરકારના વહીવટી અધિકારીઓને આપી દેવાઈ છે, જેના પરિણામે રાજ્યભરના લેબર કોર્ટ પ્રોટેક્શનર્સ અને ઈન્ડસ્ટ્રિયલ કોર્ટના વકીલોમાં ઉગ્ર રોષ અને નારાજગીની લાગણી ફેલાઈ ગઈ છે. જૂની પદ્ધતિમાં, વિવિધ મજૂર કાયદાઓ અન્વયે દાખલ થતાં તમામ કેસો ચલાવીને પૂરા કરવાની સત્તા માત્ર મજૂર અદાલતો પાસે હતી પરંતુ નવા લેબર કોડની વિવાદાસ્પદ જોગવાઈમાં કોર્ટો પાસેથી આ સત્તા અને અધિકાર છીનવી લઈ લેબર ડિપાર્ટમેન્ટના વહીવટી અધિકારીઓને આપી દેવાઈ છે, જે પૂરતી લાયકાત કે ન્યાયિક કેસો ચલાવવાનો અનુભવ સુદ્ધાં ધરાવતા નથી.

બીજી સૌથી નોંધનીય વાત એ છે કે, સરકારના લેબર ડિપાર્ટમેન્ટમાં મોટાપાયે જગ્યાઓ ખાલી છે. ડેપ્યુટી લેબર કમિશનર અને આસિસ્ટન્ટ લેબર કમિશનરો એકથી વધુ સ્થળના ઈન્ચાર્જ તરીકે કામના બોજા હેઠળ કામ કરી રહ્યા છે. વળી, સરકાર ઘણું કામ તો આઉટસોર્સિંગથી કરાવે છે. માંડ 30 થી 40 ટકાની ક્ષમતા સાથે ડિપાર્ટમેન્ટમાં કામગીરી ચાલી રહી છે, તેની પર પહેલેથી જ અસરો પડી રહી છે ત્યાં લેબર કોર્ટો અને ઈન્ડસ્ટ્રિયલ કોર્ટોની કામગીરી તેમને આપવામાં આવી છે તો એ કેવી રીતે પહોંચી વળાશે અને કદાચ જો કામગીરી કરે તો વહીવટી કામગીરી કરનાર અધિકારીઓની શું ન્યાયિક કામગીરી કરતા આવડશે?? તે સહિતના બહુ ગંભીર સવાલો ઉઠી રહ્યા છે કારણ કે, આ ગરીબ મજૂરો, રોજમદારો અને કામદારોના હિત, અધિકાર અને અસ્તિત્વની લડાઈના પ્રશ્નો હોય છે.

વક્ફ ટ્રિબ્યુનલ વક્ફ બોર્ડની વહીવટી સત્તા તેના હાથમાં ના લઈ શકે : ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો

અમદાવાદ, તા.14



ગુજરાત હાઈકોર્ટે વક્ફ મિલકતો અને તેના વહીવટ સંબંધિત એક અત્યંત મહત્વપૂર્ણ ચુકાદામાં સ્પષ્ટતા કરી છે કે વક્ફ ટ્રિબ્યુનલનું કાર્ય માત્ર ન્યાયિક વિવાદોનો નિર્ણય કરવા પૂરતું મર્યાદિત છે. ટ્રિબ્યુનલ પાસે વક્ફ બોર્ડની વહીવટી કે નિરીક્ષણાત્મક સત્તાઓનો ઉપયોગ કરવાનો કોઈ કાયદાકીય અધિકાર નથી. સુપ્રીમ કોર્ટના આદેશોનો આધાર આપતાં હાઈકોર્ટે ઠરાવ્યું હતું કે, જો કોઈ વૈધાનિક બોર્ડ પોતાની ફરજ બજાવવામાં નિષ્ફળ જાય, તો પણ ટ્રિબ્યુનલ તેની વહીવટી સત્તાઓ પોતાના હાથમાં લઈ શકે નહીં.

પોરબંદરની સૂર્યવાડ મેમણ જમાત વક્ફમાં વર્ષ 1996થી ટ્રસ્ટીઓની ચૂંટણી યોજાઈ ન હતી. આ વિવાદમાં જસ્ટિસ મૂલચંદ ત્યાગીએ ટ્રિબ્યુનલના અધિકારક્ષેત્રની મર્યાદા સ્પષ્ટ કરવા સાથે ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડની લાંબા સમયની નિષ્ક્રિયતા સામે ગંભીર નારાજગી વ્યક્ત કરી હતી.

આ કેસમાં વક્ફ ટ્રિબ્યુનલ, ગાંધીનગર દ્વારા ચૂંટણી અધિકારી અંગેના હુકમને રદબાતલ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો, જેને હાઈકોર્ટે તેની સત્તા બહારનો ગણાવી રદ ઠરાવ્યો છે. હાઈકોર્ટે આ સમગ્ર મામલો ગાંધીનગર સ્થિત ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડને પરત સોંપ્યો છે અને વક્ફ અધિનિયમ, 1995 હેઠળ તમામ ફરિયાદોની કાયદેસર તપાસ કરીને અસરગ્રસ્ત પક્ષકારોને સાંભળ્યા બાદ 3 મહિનામાં કામગીરી પૂર્ણ કરવા નિર્દેશ આપ્યો છે.

અગાઉ વક્ફ ટ્રિબ્યુનલે મિલકતો અને દસ્તાવેજોનો ભૌતિક કબ્જો લેવા તેમજ ટ્રસ્ટીઓ સામે ફોજદારી કાર્યવાહી કરવા જેવા વહીવટી નિર્દેશો આપ્યા હતા. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે ટ્રિબ્યુનલના આ આદેશો વક્ફની મિલકતોનું રક્ષણ કરવાના સારા આશયથી જ કેમ ન અપાયા હોય, પણ કાયદા દ્વારા જે સત્તા આપવામાં જ નથી આવી, તેનો ઉપયોગ માત્ર સારા આશયના આધારે કરી શકાય નહીં.

રેશનકાર્ડ ધારકોને ઝટકો, દિવાળી ટાણે સિંગતેલનો પૂરો જથ્થો નહીં મળી શકે, દુકાનો પર માથાકૂટ

અમદાવાદ, તા.14

વડોદરા શહેર અને જિલ્લામાં સામી દિવાળીએ જ રેશનિંગ દુકાનો પરથી સિંગતેલ મેળવતા અનેક ગ્રાહકોને તેલ નહીં મળે તેવી ગંભીર પરિસ્થિતિ સર્જાઈ છે. સિંગતેલ મેળવવા માટે પાત્રતા ધરાવતા લાભાર્થીઓની સરખામણીએ પુરવઠા વિભાગ દ્વારા વ્યાજબી ભાવની દુકાનદારોને 20થી 40 ટકા જેટલો ઓછો જથ્થો ફાળવવામાં આવ્યો છે. જેના કારણે રેશનિંગ દુકાનદારો અને ગ્રાહકો વચ્ચે રોજેરોજ ઘર્ષણ અને અથડામણ થાય તેવા સંજોગો ઊભા થયા છે.



દિવાળીના તહેવારો માટે વિતરણ કરવાનું થતું સિંગતેલ ચાલુ ઓક્ટોબર માસમાં આપવામાં આવી રહ્યું છે. સરકાર અને પુરવઠા વિભાગ દ્વારા વ્યાજબી ભાવની દુકાનના સંચાલકો પાસેથી 100 ટકા મુજબ જથ્થાના નાણાં ભરાવી લેવામાં આવ્યા છે. જોકે, પૂરેપૂરી રકમ સરકારી તિજોરીમાં જમા લઈ લીધા બાદ પણ દુકાનો પર માત્ર 60થી 80 ટકા જેટલો જ તેલનો જથ્થો પહોંચાડવામાં આવી રહ્યો છે. તહેવારના દિવસોમાં જ દુકાનદારોના 20 ટકા તેલના પૈસા સરકારે અટકાવી દીધા હોવાનો અને આ નાણાં ક્યારે પરત મળશે તેની કોઈ નિશ્ચિતતા ન હોવાનો આક્ષેપ દુકાનદારો કરી રહ્યા છે.

રેશનિંગ દુકાનો પર 100 ટકા કાર્ડધારકો સામે માત્ર 80 ટકા લોકોને જ 'વહેલા તે પહેલા'ના ધોરણે તેલ મળી શકે તેવી સ્થિતિ નિર્માણ પામી છે. બાકી રહી ગયેલા કાર્ડધારકોને દિવાળી જેવા પર્વમાં જ સિંગતેલ નહીં મળતાં તેઓ પોતાનો આક્રોશ દુકાનદારો પર ઠાલવી રહ્યા છે. આ પરિસ્થિતિમાં જો કોઈ કાર્ડધારક ઓનલાઈન ફરિયાદ કરે તો 'ઊલટા ચોર કોટવાળને દંડે' જેવો ઘાટ સર્જાય છે, કારણ કે પુરવઠા વિભાગ ઊલટાનું દુકાનદારને જ પૂછશે કે કાર્ડધારકને તેલ કેમ આપ્યું નથી.

આ અંગે જિલ્લા પુરવઠા અધિકારી સિદ્ધિ વર્માએ જણાવ્યું હતું કે, કોઈ પણ દુકાનદારને ઓછું તેલ આપવામાં આવ્યું નથી અને જો એવી સ્થિતિ હશે તો તેમની માગણી મુજબનો પૂરો જથ્થો પૂરો પાડવામાં આવશે.

પુરવઠા વિભાગ દ્વારા રૂ. 97ના દરે 1 લિટર સિંગતેલનું પાઉચ રેશનિંગ દુકાનદારોને આપવામાં આવે છે, જ્યારે દુકાનદારો લાભાર્થીઓને રૂ. 100ના દરે તેનું વેચાણ કરે છે.

સમગ્ર રાજ્યમાં રેશનિંગ દુકાનો મારફતે જે સિંગતેલનું વિતરણ થાય છે, તે 1 લિટરનું પાઉચ 'ગોકુલ એગ્રી ઈન્ટરનેશનલ લિમિટેડ' બ્રાન્ડનું છે. પાટણ જિલ્લાની આ કંપનીના ચેરમેન બલવંતસિંહ ચંદનસિંહ રાજપૂત છે, જેઓ રાજ્ય સરકારમાં પૂર્વ કેબિનેટ મંત્રી તરીકે સેવા આપી ચૂક્યા છે, જ્યારે તેમના પુત્ર ધર્મેન્દ્રસિંહ આ કંપનીના એમડી (MD) છે.

આધાર કાર્ડના નામે આતંકી પ્રવૃત્તિનો ડર બતાવી ઠગોએ નિવૃત્ત શિક્ષકના 21.50 લાખ પડાવ્યા....

અમદાવાદ, તા.14

સાયબર ઠગોએ મુંબઈ ક્રાઇમ બ્રાંચના અધિકારી હોવાની ઓળખ આપીને 77 વર્ષના નિવૃત્ત શિક્ષક સાથે 21.50 લાખ રૂપિયાની છેતરપિંડી કરી છે. ઠગોએ શિક્ષકના આધાર કાર્ડનો ઉપયોગ મની લોન્ડરિંગ અને આતંકવાદી પ્રવૃત્તિઓમાં થતો હોવાનો ડર બતાવ્યો હતો. એટલું જ નહીં, ધરપકડથી બચાવવા અને બેંક ખાતામાં રહેલી રકમની ચકાસણી કરવાના બહાને તેમની પાસેથી અલગ-અલગ બેંક ખાતામાં RTGS મારફતે નાણાં ટ્રાન્સફર કરાવ્યાં હતાં. આ મામલે ભોગ બનનાર કાંતિલાલ ઠક્કરે સાયબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ, 6થી 12 ઓક્ટોબર દરમિયાન કાંતિલાલ ઠક્કરને અજાણ્યા શખ્સોએ વોટ્સએપ પર વીડિયો કોલ કર્યો હતો. ફોન કરનારે પોતાની ઓળખ મુંબઈ ક્રાઇમ બ્રાંચના અધિકારી તરીકે આપી હતી. ઠગોએ કાંતિલાલને જણાવ્યું હતું કે તેમના આધાર કાર્ડનો ઉપયોગ કરીને ખોટું સિમ કાર્ડ મેળવવામાં આવ્યું છે અને કેનેરા બેંકમાં ખાતું ખોલવામાં આવ્યું છે. આ ખાતાનો ઉપયોગ



મની લોન્ડરિંગ અને આતંકવાદી પ્રવૃત્તિઓ માટે થઈ રહ્યો હોવાનો દાવો કરીને તેમની ધરપકડ થઈ શકે છે તેવી ધમકી આપવામાં આવી હતી. ઠગોએ કાંતિલાલ પર દબાણ વધારવા માટે મુંબઈ પોલીસ, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED), રિઝર્વ બેંક અને સુપ્રીમ કોર્ટના નામે નકલી પત્રો મોકલ્યા હતા. આ દસ્તાવેજો પર નકલી સહી અને સિક્કાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. કેસમાંથી બચવા માટે સહકાર આપવો પડશે અને બેંકમાં રહેલી રકમની ચકાસણી કરાવવી પડશે તેમ કહી ઠગોએ તેમને વિશ્વાસમાં લીધા હતા.

ઠગોની વાતોમાં આવી ગયેલા કાંતિલાલે 8 ઓક્ટોબરે 15 લાખ રૂપિયા અને 9 ઓક્ટોબરે 6.50 લાખ રૂપિયા એમ કુલ 21.50 લાખ રૂપિયા બે અલગ-અલગ બેંક ખાતાંમાં RTGS મારફતે ટ્રાન્સફર કર્યા હતા. નાણાં મળ્યા બાદ ઠગોએ તેમને નકલી પહોંચ મોકલી હતી અને ત્યારબાદ સંપર્ક બંધ કરી દીધો હતો.

પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું સમજાતાં કાંતિલાલે સાયબર ક્રાઇમનો સંપર્ક કર્યો હતો અને પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ ઘટનાએ ફરી એક વખત સાબિત થયું છે કે, પોલીસ, તપાસ એજન્સી કે બેંકના અધિકારી હોવાનો દાવો કરીને વીડિયો કોલ પર ધરપકડનો ડર બતાવનાર વ્યક્તિઓથી સાવચેત રહેવું જરૂરી છે. કોઈ પણ સરકારી એજન્સી કે તપાસના નામે અજાણ્યા ખાતામાં નાણાં ટ્રાન્સફર કરતાં પહેલાં સત્તાવાર માધ્યમથી ખરાઈ કરવી જોઈએ.

9 વર્ષ બાદ અમદાવાદમાં ઓક્ટોબરમાં સૌથી વધુ તાપમાન, 3 ડિગ્રી વધીને 38.6 ડિગ્રીએ પહોંચ્યો પારો

અમદાવાદ, તા.14

રાજ્યમાં ગરમીનું પ્રમાણ દિન-પ્રતિદિન વધી રહ્યું છે, ત્યારે અમદાવાદમાં ગઈકાલે 38.6 ડિગ્રી સેલ્સિયસ સાથે સરેરાશ મહત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં 2.6 ડિગ્રીનો વધારો નોંધાયો હતો. આ સાથે જ છેલ્લા 9 વર્ષમાં ઓક્ટોબર મહિનામાં નોંધાયેલું આ સૌથી વધુ તાપમાન છે, જેના કારણે નાગરિકોએ કાળઝાળ ગરમી અને અસહ્ય ઉકળાટનો અનુભવ કર્યો હતો. હવામાન વિભાગના આંકડા મુજબ, અમદાવાદમાં અગાઉ 6 ઓક્ટોબર, 2017ના રોજ 39.4 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ પછી ઓક્ટોબર મહિનામાં તાપમાન સીધું 38.5 ડિગ્રીએ પહોંચ્યું હોય તેવું હાલમાં પ્રથમવાર બન્યું છે. હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, આગામી પાંચ દિવસ સુધી અમદાવાદનું તાપમાન 38 ડિગ્રીની આસપાસ જ જળવાઈ રહેશે, જેથી ગરમીથી રાહત મળવાની શક્યતા ઓછી છે.

ઉલ્લેખનીય છે કે, 5 ઓક્ટોબર 1920ના રોજ અમદાવાદમાં 42.8 ડિગ્રી તાપમાન નોંધાયું હતું, જે ઓક્ટોબર મહિનામાં નોંધાયેલું ઓલટાઈમ રેકોર્ડ તાપમાન ગણવામાં આવે છે.

અમદાવાદ ઉપરાંત રાજ્યના અન્ય શહેરોમાં પણ ગરમીનો પ્રકોપ જોવા મળ્યો છે. વિવિધ શહેરોમાં નોંધાયેલા મહત્તમ તાપમાનની વિગતો નીચે મુજબ છે: ભુજ: 39.3 ડિગ્રી (રાજ્યમાં સૌથી વધુ) રાજકોટ: 39.0 ડિગ્રી, સુરત: 38.1 ડિગ્રી, અમરેલી: 37.7 ડિગ્રી, વડોદરા: 37.6 ડિગ્રી, ભાવનગર: 36.7 ડિગ્રી, ગાંધીનગર: 36.0 ડિગ્રી.

કુબેર નગરમાં પરિણીતા સાથે વિધિના નામે ઢોંગી ભુવાનું દુષ્કર્મ, નોંધાઈ ફરિયાદ

અમદાવાદ, તા.14

અમદાવાદના કુબેરનગર વિસ્તારમાં સાસુની માંદગી અને ઘરની આર્થિક તંગી દૂર કરવાના બહાને વિધિ કરવાના નામે 27 વર્ષીય પરિણીતા સાથે શારીરિક અડપલાં કરી દુષ્કર્મ આચરી ભુવો ફરાર થઈ ગયો છે. મહાજનવાસમાં રહેતા મેલડી માતાના ભુવા દીપક પરમારે મહિલાના પતિને બહાર વિધિ માટે મોકલી એકલતાનો લાભ ઉઠાવી દુષ્કર્મ આચર્યું હતું. ઘટના બાદ ભુવાએ મેલી વિદ્યા કરવાની ધમકી પણ આપી હતી. આ મામલે શરૂઆતમાં સામાજિક સ્તરે સમાધાનના પ્રયાસો નિષ્ફળ રહેતાં આખરે ભોગ બનનાર પરિણીતાએ સરદારનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કુબેરનગરમાં રહેતી 27 વર્ષીય પરિણીતાના ઘરમાં લાંબા સમયથી આર્થિક સંકડામણ હતી અને તેના સાસુ સતત બીમાર રહેતા હતા. આથી પરિવારે કુબેરનગરના મહાજનવાસમાં રહેતા અને મેલડી માતાના ભુવા તરીકે ઓળખાતા દીપક પરમારનો સંપર્ક કર્યો હતો. ગત 3 ઓક્ટોબરની સાંજે દીપક પરમાર મહિલાના ઘરે પહોંચ્યો હતો. તેણે ઘરના મંદિર સામે સફેદ કપડું બાંધી, માળા જોઈ અને દાણા ફેંકીને 'મહિલાને બહારનું વળગણ છે, જેથી ઉપરના રૂમમાં એકલામાં વિધિ કરવી પડશે' તેમ જણાવ્યું હતું.

ત્યારબાદ તે પરિણીતાને ઉપરના માળે લઈ ગયો હતો. ત્યાં પલંગ પર બેસાડી



માથે લીંબુ ફેરવી પાણીના છાંટા નાખ્યા બાદ શરીરના ગુપ્ત ભાગોએ અડપલાં કરી ચુંબન કર્યું હતું. આ પછી ભુવાએ નદીએ જઈ સ્નાન કરાવવાની વિધિ માટે 25 હજાર રૂપિયા માંગ્યા હતા, જેમાં અંતે 17 હજાર રૂપિયા નક્કી કરાયા હતા. દીપક પરમારે પતિ-પત્ની બંનેને નદી કિનારે લઈ જઈ સ્નાન કરાવી વિધિ કરી હતી. બાદમાં રાત્રે ફરી ઘરના ઉપરના રૂમમાં બેસાડ્યા હતા. ત્યાં તેણે પતિને લીંબુ આપી 'આને ચાર રસ્તા પર મૂકી આવો' તેમ કહી બહાર મોકલી દીધો હતો.

પતિ બહાર જતાં જ ભુવાએ મહિલાને પલંગ પર સુવડાવી સંબંધ બાંધવા દબાણ કર્યું હતું અને જણાવ્યું હતું કે જો આવું નહીં કરે તો ઘરની સ્થિતિ નહીં સુધરે. બાદમાં તેણે મહિલા પર દુષ્કર્મ આચર્યું હતું અને કોઈને કંઈ કહીશ તો 'મેલી વિદ્યા કરી નાખીશ' તેવી ધમકી આપી ફરાર થઈ ગયો હતો. ઘટના બાદ પરિવારે બદનામીના ડરે સમાજના પંચમાં રજૂઆત કરી હતી, પરંતુ કોઈ ઉકેલ ન આવતાં આખરે સરદારનગર પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599